ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 10 Date : 01-02-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૬) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૫ | મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા - ૭ : સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર (૨) |
| સંજય સ્વાતિ ભાવે | ૦૮ | માધવ ગાડગીળ : પશ્ચિમ ઘાટના પ્રહરી પર્યાવરણવિદ |
| પારુલ દાંડીકર | ૧૧ | ભૂમિપુત્ર લવાજમ - વધારો |
| હિદાયત પરમાર | ૧૨ | અરવલ્લી વિવાદ : ખનન, પર્યાવરણ અને સુપ્રીમ કોર્ટ |
| સ્વાતિ | ૧૫ | અલવિદા મનરેગા? |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૭ | પુસ્તક પરિચય : બારીમાં આખ્ખું આકાશ! |
| લિખિતંગ | ૧૮ | વાચકોના પત્રોમાંથી |
| ઉર્વીન શાહ | ૧૯ | ભલે આવ્યા સાધુડા : કચ્છમાં ગાંધીજી |
| નેહા શાહ | ૨૦ | ન્યાયતંત્ર જ મહિલાઓના બંધારણીય હકનું રક્ષણ કરવામાં પાછું પડે છે |
| ગૌરાંગ જાની | ૨૧ | એકવીસમી સદીની પ્રથમ પચ્ચીસીનું ગુજરાત |
| ડંકેશ ઓઝા | ૨૨ | ‘ભારેલો અગ્નિ’માં અહિંસા અને સંવાદિતાનો સંદર્ભ |
| કમલ ઠાકર | ૨૩ | સહયાત્રીઓનું દ્વિતીય સ્નેહ-મિલન |
| આશા વીરેન્દ્ર | ૨૪ | દીકરી કે મા? |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
BHOOMIPUTRA
Gujarati Fortnightly
ભૂમિપુત્ર
Price Rs.10, Annual Sub. Rs.200.
Vol.73 Issue No.10 1950 Date : 01-02-2026
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૬)

❍ વિનોબા ❍

## આત્મજ્ઞાન

આત્મજ્ઞાની જ્યાં પણ જશે, ત્યાં તે પોતાને પોતાના જ ઘરમાં, પોતાના સ્વજનોની વચ્ચે જ જોશે. આત્મજ્ઞાની હંમેશાં રાગદ્વેષ રહિત હોય છે, નિર્ભય હોય છે અને તમામ પ્રકારના મોહથી મુક્ત થઈને, સમત્વબુદ્ધિથી વર્તન કરે છે. પોતાની અંદર બધાંને જોવા, સમત્વબુદ્ધિ એ આત્મજ્ઞાનનું પહેલું રૂપ છે. પોતાનામાં બધાં ભૂતો છે, આ પહેલું દર્શન છે. ત્યાર બાદ પોતાની સાથે સાથે બીજાં બધાં ભૂતો ઈશ્વરમાં છે, આ જોવું તે બીજું દર્શન છે. કેટલાક લોકો કહે છે કે, ઈશ્વરને બાજુ પર રહેવા દો, સૌથી પહેલાં તો પોતાનામાં જ ઐક્ય થવા દો. આપણે અને ભૂતો એક થઈ જઈએ. આટલું થશે ને તો પણ ઘણું કામ થયું ગણાશે. એક વાર આ અદ્વૈત સધાયું કે તે પોટલી બાંધીને પરમેશ્વરમાં રાખવી. 'બધા'ના બે ટુકડા થઈ ગયા છે, એને જોડો. સૌથી પહેલાં તો હું અને ભૂત – આ બે ટુકડાઓને જોડીએ. અને પછી ઈશ્વરની સાથે જોડીએ, તે બીજું દર્શન. આ વાત અહીં 'પહેલાં આત્મામાં જોઈએ અને પછી આત્મા સહિત મારામાં જોઈએ.' –આ શબ્દોમાં દર્શાવેલી છે.

## પાપ નિસ્તાર

આ આત્મજ્ઞાનનું બીજું પરિણામ છે. પૂર્વકૃત બધાં પાપો નષ્ટ થઈ જવાં અને આગળ પાપમાં પ્રવૃત્ત ન થવું. કોઈ પણ માણસ પાપ માટે પાપ કરતો નથી. શરૂમાં તો તે સુખપ્રાપ્તિની ઇચ્છાથી પાપમાં પ્રવૃત્ત થાય છે. એક વાર પાપકૃત્ય થઈ ગયા પછી એને એની આદત પડી જાય છે અને પછી તે આદતવશ પાપ કરવા લાગે છે. આત્મજ્ઞાની મનુષ્યને તો સુખનો અક્ષય સ્રોત પોતાની અંદરથી જ મળી જાય છે. એ પાપ તો શું પુણ્યમાં પણ પ્રવૃત્ત થતો નથી, પછી ભલે તે આદતવશ પુણ્ય કરતો હોય.

પૂર્વકૃત પાપ નષ્ટ કરવાનું સામર્થ્ય પુણ્યમાં નથી. પુણ્યથી પાપનો ક્ષય થતો નથી. પુણ્ય કરવાથી ભવિષ્યની દૃષ્ટિએ મનુષ્યની ચિત્તવૃત્તિ સુધરે છે. પણ પૂર્વકૃત પાપોનો નાશ એનાથી કેવી રીતે થશે ? પાપ અને પુણ્ય આ બંનેનો હિસાબ જુદો-જુદો હોય છે. અને તે બંનેનાં ફળ મનુષ્યે ભોગવવાં પડે છે. ત્યાં અંકગણિતનો નહીં, બીજગણિતનો ન્યાય લાગુ પડે છે. જો પુણ્યથી પૂર્વકૃત પાપ નાશ પામતાં નથી તો પછી તે પાપ કેવી રીતે નષ્ટ થશે ? એનો ઉત્તર છે, આત્મજ્ઞાનથી. આત્મજ્ઞાન થવાથી મનુષ્યનું સ્વરૂપ બદલાઈ જાય છે. જેણે પાપ-પુણ્ય કર્યાં હતાં, તે કર્તા જ રહેતો નથી. એ તો ગાયબ થઈ ગયો. એટલા માટે તો પેલાં પાપ-પુણ્ય એને સ્પર્શતાં નથી. જ્ઞાનીમાં કર્તાપણું રહેતું નથી અને તે એકદમ નવીન પુરુષ બની જાય છે. પાપનો ક્ષય ભોગ કરી લેવાથી થાય છે. જેટલો ભોગ લીધો એટલો ક્ષય થયો. અથવા તો આત્મજ્ઞાન દ્વારા સંપૂર્ણ ક્ષય પામે છે. ભોગવવામાં એક ખતરો એ પણ છે કે જ્યારે મનુષ્ય પાપનું ફળ ભોગવે છે, ત્યાં સુધીમાં તે મનુષ્ય બીજું નવું પાપ કરી બેસે છે. અને તેની આ શ્રૃંખલા તૂટતી નથી. એટલા માટે ભગવાને આત્મજ્ઞાનનો મહિમા ગાયો છે.

## કર્મદાહ

ભગવાને જ્ઞાનનું ત્રીજું પરિણામ બતાવ્યું કે એના દ્વારા કર્મમાત્ર નષ્ટ થાય છે. ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा – અગ્નિ પ્રજ્વલિત થયો તો શું કાષ્ઠ (લાકડું) ટકી શકશે ? એવી રીતે જ્ઞાનાગ્નિ સારાં-નરસાં બધા પ્રકારનાં કર્મ-કાષ્ઠને બાળી મૂકે છે. કંઈ જ બાકી રાખતું નથી. હવે આ અગ્નિ પેદા થાય છે, કાષ્ઠથી. પોષણ પામે છે, કાષ્ઠથી અને ભસ્મ કરે છે, કાષ્ઠથી. એવી જ રીતે, કર્મથી જ્ઞાન પેદા થાય છે. કર્મ દ્વારા જ જ્ઞાન પોષણ પણ મેળવે છે અને અંતમાં તે જ્ઞાન, બધાં કર્મોને બાળી નાખે છે. શંકરાચાર્ય આ સ્થિતિનું ગૌરવ આપતા કહે છે કે આ તો આપણું ભૂષણ છે કે આત્મજ્ઞાન થઈ ગયા પછી सर्वकर्तव्यताहानिः –આ અવસ્થાએ પહોંચીને મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય છે.

હિંદુસ્તાનમાં જોકે હજી આત્મજ્ઞાનનું ધ્યેય નાનું છે. જેમ કે, માયા-મોહ, પાપ-પુણ્ય, ભલે ગમે તેવી પરિસ્થિતિ હોય તેમાં સંતોષપૂર્વક રહેવું. બહારનાં સુખ-દુઃખથી એનો કોઈ સંબંધ ન રહે. કોઈ પૂછે કે આટલું દુઃખ હોવા છતાં પણ શાંતિ કેવી રીતે રહે છે ? તો કહે છે કે આ બધું ઈશ્વરની લીલા છે. કેટલાંક લોકો સમજે છે કે મુક્તિ તો આપણા હાથમાં છે પણ આ એક સંકુચિત વિચાર છે. વિજ્ઞાનની સામે જેમ એક અશક્ય ધ્યેય હોય છે, એવી રીતે આત્મજ્ઞાનની સામે પણ અશક્ય ધ્યેય રહેવું જોઈએ. જેવી રીતે વિજ્ઞાન આખા બ્રહ્માંડ પર પોતાનું સ્વામીત્વ ઇચ્છે છે, એવી રીતે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપણે બધી આત્મશક્તિ પર પ્રભુત્વ મેળવવું જોઈએ... માની લો કે ક્યાંક ક્ષુબ્ધ સમાજ છે, જ્યાં એકબીજાનાં માથાં કપાઈ રહ્યાં છે, ત્યાં કોઈ આત્મજ્ઞાની પહોંચે, તો લડવાનું ખતમ થઈ જાય. આવું હોવું જોઈએ. અને આ થઈ શકે તેમ છે. જોકે હજી એટલો આત્મજ્ઞાનનો વિસ્તાર થયો નથી. પરંતુ આપણા વેદાંતીઓએ આત્મજ્ઞાનને પરિપૂર્ણ માન્યું છે. વિજ્ઞાન જેવી રીતે બ્રહ્માંડ પર કાબૂ મેળવવાની આકાંક્ષા રાખે છે, અશક્ય ધ્યેય સામે રાખે છે; એમ આત્મજ્ઞાને સંકુચિત ન રહેતાં પરિપૂર્ણ ધ્યેય સામે રાખવું જોઈએ.

પશુઓનું આત્મજ્ઞાન એમના પોતાના શરીર સુધી જ સીમિત હોય છે. એ તો પોતાનાં સંતાનોને પણ ઓળખતાં નથી, આવું મનુષ્યોનું નથી. આ બધાં પશુઓમાં કયું પ્રાણી શ્રેષ્ઠ છે ? એના આ શ્રેષ્ઠત્વનો હિસાબ તેનું આત્મજ્ઞાન કેટલું વ્યાપક છે, તેના પરથી કરી શકાય. બીજાં પ્રાણીઓનું આત્મજ્ઞાન એમના પોતાના શરીર સુધી જ હોય છે. પણ મનુષ્યનું આવું નથી. જંગલી માનવામાં આવેલી જાતિના મનુષ્યમાં પણ કમ સે કમ તેનું આત્મજ્ઞાન તેના પરિવાર સુધી તો વ્યાપક થયેલું હોય છે. પરંતુ સામાન્ય રીતે કુટુંબથી બહાર જોવાની વૃત્તિ જ હોતી નથી. આનો મતલબ એ થયો કે હિંદુસ્તાનનું આત્મજ્ઞાન મોત તરફ વધી રહ્યું છે. આજે આપણું આત્મજ્ઞાન એકદમ મરણોન્મુખી થઈ ગયું છે.

નાના માણસ પાસે પણ કંઈક જ્ઞાન હોય છે. ભલે નાનું હોય તો પણ તે જ્ઞાન છે. એ જ્ઞાનને વધારીએ, એને તોડીએ નહીં. માની લો કે નાના છોકરાને વિદ્યાભ્યાસ કરવો છે, અને તેને માટે વ્યાયામ કરીને તેને શરીર ખડતલ બનાવવું છે. હવે જો કોઈ સંન્યાસી એને કહે કે આ શરીર તો ક્ષણભંગુર છે, એની ચિંતા ન કર, એની આસક્તિ ન રાખ. હવે આ બાળકને સંન્યાસીનું આ જ્ઞાન ગ્રહણ થશે નહીં અને એની પાસે જે જ્ઞાન છે, તે પણ તૂટશે. એની પાસે જે કાંઈ થોડું ઘણું સારું જ્ઞાન છે, એને તોડવું ન જોઈએ. એની બુદ્ધિનો ભેદ ન કરવો જોઈએ. જ્ઞાન ભલે નાનું હોય, એ જ્ઞાનમાં પણ આત્મજ્ઞાન તરફ જવાની શક્તિ રહેલી છે. એ જ્ઞાનને કાપી નાખવાનો અર્થ આત્મજ્ઞાનની સીડીને જ તોડી નાખવા બરાબર છે.

આત્મજ્ઞાન એ વેદનું ચરમ શિખર છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ બાદ વેદની જરૂર રહેતી નથી. એટલા માટે ઉપનિષદ કહે પણ છે – अत्र पिता अपिता भवति । माता अमाता । देवा अदेवाः । वेदा अवेदाः । – ઉપનિષદોએ આ કેટલી બધી હિંમતની વાત કહી છે ! જ્યારે મનુષ્યને અપરોક્ષ (પ્રત્યક્ષ) અનુભૂતિ થાય છે ત્યારે તેના માટે તેના પિતા તે પિતા રહેશે નહીં, માતા પણ એની માતા રહેશે નહીં, અને વેદ પણ એના માટે વેદ રહેશે નહીં.

આત્મજ્ઞાનના પ્રદેશમાં પુસ્તકો આપણને એક હદ સુધી આગળ લઈ જઈને રોકે છે. એટલા માટે પછી 'किताबें डाल पानी में, पकड दस्त फरिश्तों का' – કહેવું પડે છે. આરંભમાં ગ્રંથની જરૂર હોય છે, એના પછી જ આપણે ગ્રંથની પેલે પાર જઈ શકીશું. આપણે જે-તે ગ્રંથોનો સાર ગ્રહણ કરીને પછી તે ગ્રંથને છોડી દઈએ, વેદાંતે આવી આત્મહત્યા કરી છે એટલે કે ખુદે ખુદનું વિસર્જન કરી દીધું છે – वेदान् अपि संन्यस्यति । જ્યાં સુધી રવિનો ઉદય થતો નથી ત્યાં સુધી જ દીપકનો ઉપયોગ હોય છે. જેવો રવિ ઊગશે કે દીવડો વ્યર્થ સાબિત થશે. એવી રીતે ગ્રંથનું પણ દીપક જેવું છે. અંતે તો એનો આધાર પણ છોડવો જોઈએ.

શરીર માટે કેટલાક ભોગ જરૂરી પણ છે, જેમ કે ચરખો ચલાવવા માટે તેલની જરૂર પડે છે. એમ જરૂરી ભોગ શરીરને આપીને માણસે આત્મજ્ઞાન મેળવવા લાગી પડવું જોઈએ – આ ઉપનિષદોએ આપેલો સંદેશો છે. રેંટિયાને તેલની જરૂર પડે છે, પણ એનું પ્રયોજન તેલ ખાવાનું નથી. એનું પ્રયોજન તો સૂતર કાંતવાનું છે. એવી રીતે આપણા શરીરનું પ્રયોજન ભોગ નથી, પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ છે.

## પ્રકીર્ણ

આત્મજ્ઞાન ઇચ્છે છે કે મનુષ્ય શરીરથી, ઇંદ્રિયોથી, મનથી અને બુદ્ધિથી અલગ હોય છે – આ આત્મદર્શન અને આત્માનુભૂતિ માટે જરૂરી છે. એટલે કે મનુષ્યે પોતાને દેહ સુધી સીમિત ન રાખવો.

* *

શરીરને સેવામાં ઘસવાનું હોય છે, ત્યારે જ તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાયોગ્ય બને છે.

* *

પોતાને શરીરથી અલગ ઓળખવો એ જ આત્મજ્ઞાન છે અને આ જ છે સત્યાગ્રહ કરવાની શક્તિનું અધિષ્ઠાન. આત્મજ્ઞાન વગર સત્યનિષ્ઠા સંભવ જ નથી. સત્ય માટે તો કષ્ટ ઉઠાવવાં પડે છે, મૃત્યુ સુધી પરિશ્રમ કરવો પડે છે, અને આ બધી નિર્ભયતા આત્મજ્ઞાનના આધાર પર રહી શકે છે.

* *

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૬) |
| ડૉ.અનુરાધા પ્રસાદ<br>અનુ.રાજેન્દ્ર દવે | ૫ | સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર – ૨ |
| સંજય સ્વાતિ ભાવે | ૮ | માધવ ગાડગીળ : પશ્ચિમ ઘાટના પ્રહરી પર્યાવરણવિદ |
| પારુલ દાંડીકર | ૧૧ | ભૂમિપુત્ર લવાજમ વધારો |
| હિદાયત પરમાર | ૧૨ | અરવલ્લી વિવાદ : ખનન, પર્યાવરણ અને સુપ્રીમ કોર્ટ |
| સ્વાતિ | ૧૫ | અલવિદા મનરેગા ? |
| ભદ્રા વિક્રમ સવાઈ | ૧૭ | બારીમાં આખ્ખું આકાશ ! |
| ઉર્વિન શાહ | ૧૯ | ભલે આવ્યા સાધુડા : કચ્છમાં ગાંધીજી |
| નેહા શાહ | ૨૦ | ન્યાયતંત્ર જ મહિલાઓના બંધારણીય હકનું રક્ષણ કરવામાં પાછું પડે છે |
| ગૌરાંગ જાની | ૨૧ | એકવીસમી સદીની પ્રથમ પચ્ચીસીનું ગુજરાત |
| ડંકેશ ઓઝા | ૨૨ | 'ભારેલો અગ્નિ'માં અહિંસા અને સંવાદિતાનો સંદર્ભ |
| કમલ ઠાકર | ૨૩ | સહયાત્રીઓનું દ્વિતીય સ્નેહમિલન |
| આશા વીરેન્દ્ર | ૨૪ | દીકરી કે મા ? |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પ્રશ્ન પુછાયો છે કે આપણે આત્મજ્ઞાનની તરફ આગળ વધી રહ્યાં છીએ, એનો શો માપદંડ હોય ? એના માટે તો નિર્વિકારતા જ એને માપવાનું સાધન હોઈ શકે. આપણાં શરીરમાં જે કામ-ક્રોધાદિ સ્થૂળ વિકારો જ નહીં પણ આળસ, સ્વાદવૃત્તિ, શરીરસુખની કામના જેવા સૂક્ષ્મ વિકારો છે તે પણ ઓછા થતા જવા જોઈએ.

* *

આત્જ્ઞાન પ્રાપ્ત કરીને મરીએ. રાગ-દ્વેષ ખતમ થયા પછી ગમે ત્યારે પણ મરીએ. જો એનાથી પહેલાં મરી ગયા, તો તે શોકજનક છે.

* *

શિક્ષણ અંગે મારી નાની વ્યાખ્યા છે, સત્સંગતિ અને મોટી વ્યાખ્યા છે આત્મજ્ઞાન.

* *

આત્મજ્ઞાન બૌદ્ધિક નહીં, હૃદયની વસ્તુ છે.

## આત્મજ્ઞાન અને કર્મ

મુંડકોપનિષદ કહે છે, क्रियावान् एषः ब्रह्मविदां वरिष्ठः - આત્મવેત્તાઓ (જે આત્માને જાણે છે તે)માં પણ ક્રિયાવાન આત્મવેત્તા શ્રેષ્ઠ હોય છે. આનો અર્થ એ છે કે ઉપનિષદોએ પણ આત્મવિદ્યાને ક્રિયાની કસોટી પર કસી છે. જે આત્મવિદ્યા ક્રિયાની કસોટી પર ખરી નથી ઊતરતી, તે આત્મવિદ્યા જ નથી. એ જ્ઞાનયોગી પણ અધૂરો રહેશે જો તેનામાં ફળત્યાગની દષ્ટિ નહીં હોય અને બીજું, એના જ્ઞાનની કર્મયોગમાં પરિણતિ જોવા ન મળતી હોય. જ્ઞાનવિહીન કેવળ ભક્તિ નિષ્ક્રિય અથવા જડ બની શકે છે. એવી રીતે ભક્તિવિહીન કેવળ જ્ઞાન શુષ્ક, રુક્ષ અને ક્રિયાવિહીન હોઈ શકે છે. એવી રીતે ક્રિયાશીલ મનુષ્ય પણ જો ભક્તિવાન અને જ્ઞાનનિષ્ઠ ન હોય તો એમાં અહંકાર અને આસક્તિ આવી શકે છે. એની ક્રિયાશીલતામાં અપૂર્ણતા રહેશે. આત્મામાં અનેક શક્તિઓ ભરેલી છે. એટલા માટે આપણે એક જ ગુણનો વિકાસ નથી કરવાનો, આપણે અનેક ગુણોને વિકસાવવાના છે.

જ્ઞાનદેવ કહે છે, फळली केळी उन्मूळे - જેવી રીતે જ્યારે કેળ ફળે છે, તો એમાં ફળ બેસવા લાગે છે. અને તેના ફળવાથી કેળનું મૂળ નષ્ટ થવા લાગે છે. तैसी आत्मलाभें प्रबळें - એવી રીતે એકદમ પ્રબળ આત્મજ્ઞાન થઈ ગયા પછી ज्यांची क्रिया ढाळेंढाळें, गळती आहे - જેની ક્રિયા ધીરે ધીરે ઓછી થઈ જાય છે. જ્ઞાની પુરુષનું આત્મજ્ઞાન જેમ જેમ વધતું જશે, તેની ક્રિયાઓ ધીરે ધીરે ઓછી થવા લાગશે. જેમ જેમ શર્કરાંશ વધતો જાય, તેમ ઔષધની માત્રા ઓછી થવા લાગશે. જેમાં ક્રિયાની તીવ્રતા ઓછી હોય અને વિચારની પ્રક્રિયા વધુ હોય, એવી સૌમ્ય પ્રક્રિયા અને એવી કાર્યપદ્ધતિ આપણે ધીરેધીરે અપનાવવી જોઈશે. જો આપણે વધારે વિચારપરાયણ બનીશું અને ક્રિયાની મર્યાદાઓને બરાબર સમજતા રહીશું તો અહિંસા વધારે ફેલાશે. અને ત્યારે આપણા કાર્યનું મૂલ્ય બાહ્ય ક્રિયા પર નિર્ભર નહીં રહે, પણ એનું જે ભાવમૂલ્ય છે, એમાં શક્તિ રહેલી છે, તેના પર રહેશે. હવે એ દિવસો આવી ગયા છે જ્યારે આપણાં કાર્યોના આકાર, ક્રિયાનો વ્યાપ, એના માટે કરવામાં આવતી દોડાદોડ, ધાંધલ-ધમાલ વગેરે આ બધાનું મહત્ત્વ એકદમ ઓછું થઈ જશે અને આપણાં કાર્યોમાં રહેલી ભાવશુદ્ધિ વધારે હશે, તો એનું મહત્ત્વ વધારે રહેશે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં જે કર્મનિષ્ઠાની વિધિ - कुर्वम् एव इह कर्माणि - છે તે શું જ્ઞાની પુરુષને પણ લાગુ થાય છે ?- આ વિષય અંગે બ્રહ્મસૂત્રમાં તાત્ત્વિક ચર્ચા થઈ છે. અને નિર્ણય અપાયો છે કે વિધિની રીતે ખાસ જ્ઞાની પુરુષ માટે આ નથી કહેવાયું. પણ સામાન્ય તથા બધાં લોકો માટે કહેવાયું છે. જ્ઞાની પુરુષ એને અનુસાર ચાલે તો કોઈ વાંધો નથી. ઊલટું, એનાથી એના જ્ઞાનનું એક પ્રકારથી ગૌરવ જ છે. કેમ કે એની જે કર્મનિર્લેપ સ્થિતિ છે તે સંભવતઃ વધુ શોભા મેળવશે.

આપણે આત્માની ખોજ કરવી છે. આપણે ચિત્ત શુદ્ધ કરીને આત્માના અકર્તાપણાને ઓળખવાનું છે. આત્મા એ કોઈ બાહ્ય વસ્તુ તો નથી. તો પછી એના માટે બાહ્ય કર્મની શું જરૂર ? શુદ્ધિનું, શોધનનું કાર્ય તો અંદર જ કરવાનું છે. તો પછી નિરંતર કર્મ કરતા રહેવું જોઈએ - એમાં સિદ્ધાંતની શી જરૂર ? કર્મની ઉપયુક્તતા સિદ્ધ થઈ શકે છે, પરંતુ શું તે આત્મજ્ઞાન માટે જરૂરી છે ? - ગીતામાં અર્જુન ભગવાનને પૂછે છે.

ભગવાને અર્જુનના પ્રશ્નની સૂક્ષ્મતાને સ્વીકારી લીધી. તેઓ કહે છે કે કેટલાક લોકો એવા હોઈ શકે છે, ज्ञानयोगेन सांख्यानाम्,- જે બાહ્ય કર્મ કર્યા વગર, પોતાના મનની અશુદ્ધિઓને પારખી લે છે અને અંદર ને અંદર શુદ્ધિની પ્રક્રિયા આરંભી દે છે. એટલી જ પ્રખર એમની જ્ઞાનનિષ્ઠા રહે છે. એમના પર જ્ઞાનનું એટલું પરિણામ હોય છે કે જે જાણવા માત્રથી બધાં કામ થઈ જાય છે. આવા લોકોને કર્મ કરવાની જરૂર નથી. ઉપનિષદમાં જનક-યાજ્ઞવલ્કયની કથા છે. યાજ્ઞવાલ્કયે જનકને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો. જનક મહારાજ જેમ જેમ આ સાંભળતા ગયા, એમના ચહેરા પર તેજ નિખરવા લાગ્યું. એમને અંદરથી આત્મજ્ઞાન થવા લાગ્યું અને જ્યારે ઉપદેશ સમાપ્ત થયો ત્યારે યાજ્ઞવલ્કયે રાજા જનકને સમાધિસ્થ સ્થિતિમાં જોયા. યાજ્ઞવલ્કય બોલ્યા - अभयं वै जनक प्राप्नोऽसि, - હે જનક, તમને અભયજ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન પ્રાપ્ત થયું. આવા જ્ઞાનનિષ્ઠ લોકો ઘણા ઓછા હોય છે. સામાન્ય મનુષ્ય કર્મ કર્યા વગર જાણી શકતો નથી કે તેની ચિત્તશુદ્ધિ કેટલી થઈ ? સામાન્યતઃ જોવા મળે છે કે મનુષ્ય સમજે છે કે વાત ઠીક નથી; પણ તે તરત જ પોતાના મનથી દૂર જઈ શકતો નથી. એનું કારણ એ છે કે હજી એની જ્ઞાનનિષ્ઠા બની નથી. જ્ઞાનનિષ્ઠા થયા પછી પ્રયોગ કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી.

અર્જુનની શંકાનો ઉત્તર આપતા ભગવાને બે પ્રકારની નિષ્ઠા કહી. પહેલી એ કે જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે અને બીજી એ કે પ્રયોગ દ્વારા, કર્મયોગ દ્વારા પ્રાપ્ત કરી શકાય. જ્ઞાનનિષ્ઠા ઘણી મુશ્કેલ છે. શરીર અને ઇંદ્રિયોના રહેવા છતાં એને એકદમ ભૂલી જવું, એનું ભાન જ ન હોવું, સીધું અંતરાત્મામાંથી જ જ્ઞાનનું ગ્રહણ હોવું મુશ્કેલ વાત છે. ખૂબ ઓછા લોકોને આ વાત સધાય છે. મોટાભાગના લોકો માટે તો કર્મ કરતાં કરતાં ચિત્તશુદ્ધિ કરીને જ્ઞાન મેળવવાનું થાય છે.

ગીતા કહે છે કે શરીર છૂટતા પહેલાં, प्राक् शरीरविमोक्षणात् ।



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જે મનુષ્ય કામ-ક્રોધાદિથી રહિત થઈ જાય છે તે મનુષ્ય દેહથી અલગ રહીને આત્મજ્ઞાનનો અનુભવ કરે છે. મૃત્યુ આવતા પહેલાં આ જ શરીરમાં મોક્ષનો અનુભવ કરે છે, આ માણસ જીવન્મુક્ત છે. તુકારામે કહ્યું છે, आपुलें मरण पाहिलें म्यां डोळां – મેં મારી પોતાની આંખે મારા મૃત્યુને જોઈ લીધું.

ભાગવત પણ કહે છે, મનુષ્યદેહ દુર્લભ છે, અનેક યોનીઓમાંથી પસાર થયા બાદ મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે. એટલા માટે तूर्णं यतेत – માણસે શીઘ્ર પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી મૃત્યુ માણસનું ગળું પકડતું નથી, ત્યાં સુધી માણસે આત્મજ્ઞાન મેળવી લેવું જોઈએ. મૃત્યુ સુધી ગાફેલ ન રહેવું. વેદ પણ કહે છે, आ निधातोः – એટલે કે શરીર પડે ત્યાં સુધી बिभीयात् અર્થાત્ ડરતા રહેવું. અહીં ડરતા રહેવાનો અર્થ ભયભીત નથી થતો બલ્કે સાવધાન, જાગ્રત અને પ્રયત્નશીલ રહેવાનો છે.

શંકરાચાર્ય કહે છે, प्राक्कर्म प्रविलाप्यताम् ।– प्राक् એટલે પૂર્વજન્મનું, प्राक्कर्म એટલે પૂર્વજન્મનું કર્મ. प्रविलाप्यताम् એટલે ખતમ કરી દેવામાં આવે. જૂનાં કર્મોને ખતમ કરી દેવા. કેવી રીતે ખતમ કરવાં ? चिति-बलात् – આત્મજ્ઞાનના બળ દ્વારા. चिति એટલે જ્ઞાન, આત્મજ્ઞાન. તમને જ્ઞાન થઈ ગયું છે, પરંતુ અત્યારે એના પછી પણ કેટલાંક કર્મ કરવાનાં રહેશે. પણ એ કર્મોને ચોંટવું નહીં. नाव्युत्तरैः; श्लिष्यताम् । આગળ થનારાં કર્મોની સાથે પણ ન ચોંટવું. બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે, तदधिगमे उत्तर-पूर्वाधयोः अश्लेषविनाशौ – જ્ઞાનનો અધિગમ અર્થાત્ પ્રાપ્તિ થયા બાદ જે કર્મ થશે, તેને આપણે ચોંટીએ નહીં અને પૂર્વ પાપોને ખતમ કરી દઈએ.

હાથથી કામ કરવું શારીરિક ક્રિયા છે, તેવી રીતે ચિત્તથી વિચારવું એ એક માનસિક ક્રિયા છે. શાંકરભાષ્યમાં ધ્યાન અને જ્ઞાનનો ભેદ બતાવતાં એક જગ્યાએ આવે છે કે ધ્યાન એ માનસિક ક્રિયા છે, જ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન એ ક્રિયા નથી. જ્યારે બીજાં અન્ય પ્રકારનાં જ્ઞાન ક્રિયા છે. કેમ કે એકમાત્ર આત્મતત્ત્વ જ જ્ઞાનની એવી વસ્તુ છે, જે ક્રિયા વગર સંભવે છે. બાકી બીજાં બધાં જ્ઞાન ક્રિયા સાથે જોડાયેલાં છે, તે ક્રિયાથી જુદાં થઈ શકતાં નથી. નિષ્ક્રિય જ્ઞાન એટલે ક્રિયા કર્યા વગર થનારું જ્ઞાન એક જ છે – પોતાના સ્વરૂપનું જ્ઞાન, આત્માનું જ્ઞાન – अहं ब्रह्मास्मि ।

એક સામાન્ય ધારણા આ છે કે પુણ્યકાર્ય દ્વારા પાપક્ષય થાય છે. હકીકતમાં પુણ્યથી પાપનો ક્યારેય ક્ષય થઈ શકે નહીં. કોઈ પણ કર્મ દ્વારા કોઈ પણ કર્મનો નાશ થતો નથી. કર્મનું ફળ ભોગવ્યા વગર તેનો અંત આવતો નથી. કર્મનાશ તો આત્મજ્ઞાનથી જ સંભવ છે અને જો પરમેશ્વરની કૃપા હોય, સાક્ષાત્કાર થાય તો બધાં સંચિત કર્મ ખતમ થઈ શકે છે. આપણે જે નવાં કર્મો કરીએ છીએ, તે ક્રિયમાણ કર્મ છે. આત્મજ્ઞાન થઈ જાય તો પછી ક્રિયમાણ કર્મ પણ બાધક નહીં રહે. એટલે કે એ કર્મનો લેપ લાગશે નહીં. એ કર્મ આપણને વળગશે નહીં, કેમ કે એ કર્મોમાં અહંકાર હોતો નથી. પરંતુ પ્રારબ્ધ કર્મ તો ભોગવવાં જ પડશે. ધનુષની પણછમાંથી એક વાર તીર નીકળી ગયું પછી પસ્તાવો કરવાથી કંઈ થવાનું નથી. પ્રારબ્ધ કર્મ પર જ્ઞાનશક્તિ લાગુ થતી નથી. ફળ તો ભોગવવું જ પડશે. પરંતુ જીવ જો આત્મામાં સ્થિત થઈ જાય, તો તે એના શરીરે ભોગવવું પડશે, પોતે એનાથી અલિપ્ત રહેશે. એટલા માટે તે ફળ તો નહીં જેવું થઈ જશે. ભક્ત અને જ્ઞાની કર્મફળથી છૂટવા નથી માંગતા, પરંતુ તેમની ઉપર ફળની અસર થતી નથી.

આત્મસાધના અંદરની વસ્તુ છે, અને સેવા તેનું બાહ્ય રૂપ છે. આ બંને બિંબ-પ્રતિબિંબ જેવાં હોવાં જોઈએ. આત્મનિષ્ઠા મેળવ્યા વગર મનુષ્ય સેવા કરવા જશે તો તે સેવા નહીં, અસેવા થશે. સેવાના અંતમાં આત્મજ્ઞાન તો થશે જ. પરંતુ આરંભમાં આત્મનિષ્ઠા હોવી જોઈએ. આત્મનિષ્ઠા હશે તો સેવા કલ્યાણકારી થશે. માટે જ સેવા કરતી વખતે હું પરિશુદ્ધ આત્મા છું, એ સિવાય બીજું કંઈ પણ નથી – આવી ભૂમિકાનો અભ્યાસ કરતા રહીએ. આ જ આત્મનિષ્ઠના છે. અને પરમેશ્વરની કૃપાથી આત્મનિષ્ઠા આવે છે.

જે મનુષ્યને દેહભિન્ન આત્માની ઓળખ થઈ ચૂકી છે, તે દેહની કેદમાં બદ્ધ હોવા છતાં પણ તીવ્ર ભાવનાથી બીજાની સેવા ઓછી કરતો નથી. શુદ્ધ આત્મામાં આવી સૂક્ષ્મ સુગંધ હોય છે કે જે હવાની પ્રતિકૂળ દિશામાં પણ ફેલાય છે.

ભૂતદયાને લીધે જેનું જીવન સેવામય બન્યું છે, એને જ આત્મજ્ઞાન આત્મસાત્ થાય છે.

ગાંધીજી બિલકુલ ઇચ્છતા નહોતા કે આપણા કાર્યકર્તા ખાદી, ચર્માલય વગેરેની સ્થૂળતામાં અટવાઈ જાય. ઊલટું એમણે તો એવી અપેક્ષા રાખેલી કે આ કાર્યક્રમોના માધ્યમથી કાર્યકર્તાઓમાં આત્માના ગુણોનો વિકાસ થાય. જ્યારે કામોનો વિકાસ થતો હોય છે ત્યારે જોવું પડે છે કે એનાં મૂળતત્ત્વોનો વિકાસ થઈ રહ્યો છે કે નથી થતો. કેટલીય વાર એવું જોવા મળે છે કે કાર્યથી અંતરાત્મા સંકુચિત થાય છે અને તેનો બહારનો આકાર વધવા લાગે છે માટે જ ભીતરી આત્મતત્ત્વ જાગ્રત રહે, એની સતત ચિંતા હોવી જોઈએ, એના વિષે ચિંતન થતું રહેવું જોઈએ.

ક્રિયાનો સંકોચ કરવો એ આત્મસંકોચ છે. કર્મ સ્વરૂપતઃ બહારથી છોડવા છતાં પણ નથી છૂટતાં. કેટલાંક કર્મ સહજતાથી પ્રવાહપ્રાપ્ત થાય છે. જે કોઈ પ્રવાહની વિરુદ્ધમાં જવા ઇચ્છશે, તે છેલ્લે તો થાકી જઈને પ્રવાહની સાથે વહી જશે. પ્રવાહાનુકૂળ ક્રિયા દ્વારા જ એણે પોતાના તરવાના ઉપાયો વિચારવા જોઈએ.

આત્માને કર્મનું કોઈ બંધન હોતું નથી, આત્માને ફળવાસનાની બાધા હોય છે. અને એ વાસના નિર્મૂળ કરવા માટે જ્ઞાન જ સાધન હોય છે. વાસનાને આત્મજ્ઞાન દ્વારા તોડીએ. શું કર્મનું ફળ અધવચ્ચે જ કપાય તે શક્ય છે ? ઉત્કટ ભક્તિ અને આત્મજ્ઞાન દ્વારા જરૂર કર્મબંધન કપાઈ શકે છે, એના દ્વારા કર્મતંતુથી જીવનનો સંબંધ-વિચ્છેદ થઈ શકે છે.

જીવનની શુદ્ધિ, અંતરની સ્ફુર્તિ, વિરાટમાં આત્મદર્શન અને આત્મામાં વિરાટની અનુભૂતિ – આ બધું કર્મયોગની સાથેસાથે થઈ શકે છે. એમાં વિકર્મ જોડવાં પડે છે.

(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર (૨)

**બીજી** તરફ શ્રીઅરવિંદે પણ સામાજિક અને રાજકીય સાધનો પર વિચારો વ્યક્ત કર્યા છે. અધ્યાત્મ તેમનું ધ્યેય હતું. શ્રીઅરવિંદની ત્રણ અભિલાષાઓ હતી - (૧) તેઓ પોતાને ખુદને પરમાત્માની સમક્ષ અર્પણ કરવા માંગતા હતા. (૨) તેઓ પરમાત્માની અનુભૂતિ કરવા માંગતા હતા અને (૩) તેઓ પોતાની આધ્યાત્મિક શક્તિ દ્વારા ભારતને સ્વતંત્ર કરાવવા માંગતા હતા. એના માટે તેઓએ જે સામાજિક અને રાજકીય સાધનોને અપનાવવા અંગે વિચાર કર્યો, તે નીચે પ્રમાણે છે -

## ૧. નિષ્ક્રિય પ્રતિરોધનો સિદ્ધાંત

શ્રીઅરવિંદે રાષ્ટ્રીય આંદોલન ચલાવવા માટે નિષ્ક્રિય પ્રતિરોધના સિદ્ધાંતને સૌથી યોગ્ય સમજ્યો. નિષ્ક્રિય પ્રતિરોધનું વર્ણન કરતા તેઓએ લખ્યું છે - ''નિષ્ક્રિય પ્રતિરોધ જેને નવીન વિચારધારામાં માનવાવાળાઓએ પોતાના કાર્યક્રમમાં સૌથી મોખરે રાખેલ છે, તેનો પ્રથમ સિદ્ધાંત એ છે કે જ્યાં સુધી પ્રજાની ઇચ્છાનુસાર સ્થિતિઓમાં પરિવર્તન ન થઈ જાય ત્યાં સુધી બ્રિટિશ વ્યાપાર અથવા બ્રિટિશ પ્રશાસનમાં સહાય પહોંચાડનાર પ્રત્યેક કાર્ય કરવાનો ઇન્કાર કરી વર્તમાન સ્થિતિઓમાં પ્રશાસન ચલાવવું અશક્ય બનાવી દેવું.''

શ્રીઅરવિંદે દેશ-કાળ અનુસાર સર્વોત્તમ નીતિના રૂપે નિષ્ક્રિય પ્રતિરોધનો સ્વીકાર કર્યો હતો. શ્રીઅરવિંદના મતે પ્રત્યેક રાષ્ટ્રને એ અધિકાર છે કે સ્વાધિનતા પ્રાપ્ત કરવા માટે સશસ્ત્ર ક્રાંતિનો સહારો લે. પરંતુ સમય, પરિસ્થિતિ, સાધન વગેરેને જોતાં નીતિમાં ફેરફાર કરવો જરૂરી છે. ક્રાંતિને માટે એ જરૂરી છે કે આર્થિક જુગારને દૂર કરાય અને વ્યાપાર-ઉદ્યોગ-ધંધામાં પ્રગતિ કરાય.

અંગ્રેજોનો ઉદ્દેશ ભારતનું આર્થિક શોષણ હતો. આથી શ્રીઅરવિંદ ઇચ્છતા હતા કે ભારતીયો અંગ્રેજોનો પૂર્ણ બહિષ્કાર કરે, કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પ્રકારનો સહયોગ ન આપે અને એ રીતે રાજ-કાજને અશક્ય બનાવી નાખે. તેઓ વિદેશી માલના બહિષ્કારને નિષ્ક્રિય પ્રતિરોધનું અંગ માનતા હતા. ભારતમાં બ્રિટિશ સરકારનો ઉદ્દેશ સરકારી શાળાઓ અને કૉલેજોમાં એવા ક્લાર્કો અને અધિકારીઓને તૈયાર કરવાનો હતો જે અંગ્રેજી ભાષામાં સરકારી કામકાજ સારી રીતે કરી શકે. અને સરકાર પ્રત્યે વફાદાર પણ રહે. એટલે રાષ્ટ્રવાદીઓનું, જેઓ શ્રીઅરવિંદના અનુયાયી હતા, મુખ્ય કર્તવ્ય બની ગયું હતું કે તેઓ શાળા કૉલેજ ખોલવાની વ્યવસ્થા ઉપર ભાર મૂકે. અંગ્રેજી ન્યાયાલયોનો પણ શ્રીઅરવિંદે વિરોધ કર્યો, કેમ કે તેમનો ઉદ્દેશ અંગ્રેજી કાનૂન અને વ્યવસ્થાને દઢ કરવાનો હતો. એટલા માટે તેઓએ પ્રજાને અપીલ કરી હતી કે તેઓ સરકારી ન્યાયાલયોમાં ન જાય અને પોતાનો નિર્ણય પંચો દ્વારા કરાવે.

શ્રીઅરવિંદના નેતૃત્વમાં બંગાળમાં આ બધા કાર્યક્રમો અપનાવાયા હતા. વિદેશી માલનો બહિષ્કાર કરાયો અને સ્વદેશી માલનો પ્રયોગ કરાયો. સરકારી શાળા-કૉલેજોની વ્યવસ્થાનો બહિષ્કાર કરાયો. સરકારનો સાથ દેનારાઓનો પણ બહિષ્કાર કરાયો. આ નિષ્ક્રિય પ્રતિરોધ કાર્યક્રમની એ પણ વિશેષતા હતી કે સરકાર દ્વારા આ આંદોલનનો હિંસા દ્વારા દમન કરવા પર નિષ્ક્રિય પ્રતિરોધના સમર્થન હેતુ હિંસાનો જવાબ હિંસા દ્વારા આપવાની વ્યવસ્થા હતી. શ્રીઅરવિંદના મતાનુસાર, ''જો સરકાર ગુંડાગીરી પર ઊતરી આવે અને નિષ્ક્રિય પ્રતિરોધના સમર્થકોનાં માથાં વધેરવા લાગે, તો ન આપણને માત્ર માથું બચાવવાની આજ્ઞા છે, બલકે માથું ભાંગનારનો બદલો લેવાનો પણ અધિકાર છે.'' (ધી ડૉક્ટ્રીન ઑફ પેસિવ રેસિસ્ટેન્સ).

પરંતુ શ્રીઅરવિંદે રાજકારણમાં કોઈ સાધનને સાધ્ય નથી માન્યું. પછી તે સત્યાગ્રહનો સિદ્ધાંત હોય કે અહિંસાનો સિદ્ધાંત, કેમ કે તેઓનું કહેવું હતું કે દબાણની પ્રકૃતિ જ પ્રતિરોધની પ્રકૃતિને નિશ્ચિત કરે છે. કોઈ પણ પ્રકારના દબાણની વિરુદ્ધ લડવા માટે આપણે કયું સાધન અપનાવીશું, તે એ વાત પર નિર્ભર કરે છે કે એ દબાણ કયા પ્રકારનું છે. કોઈ પણ ઔષધિ સ્વયં પોતાનામાં શ્રેષ્ઠ નથી હોતી, એ ત્યારે શ્રેષ્ઠ છે જ્યારે તેનાથી રોગ દૂર થાય. સામાજિક, રાજકીય અને નૈતિક જીવનનાં બધાં ક્ષેત્રોમાં માનવીએ નિયમ એટલા માટે બનાવ્યા છે કે જીવનનો વિકાસ થાય અને બધાં પાસાંઓમાં પ્રગતિ થાય. એટલા માટે તેઓનો વિચાર હતો કે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની લડતમાં જ્યારે રાષ્ટ્રના જીવન અને મૃત્યુનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો વિદેશી સરકાર પ્રત્યે વિદ્રોહ પૂર્ણપણે ઉચિત છે.

આ રીતે શ્રીઅરવિંદે તે વિચાર વ્યક્ત કર્યો કે વ્યક્તિ અને સમાજનો આધ્યાત્મિક વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે વ્યક્તિ નિષ્ક્રિય પ્રતિરોધનું શસ્ત્ર લઈને પોતાના કાર્યક્ષેત્રમાં આગળ વધતી જાય. જોકે શ્રીઅરવિંદના આ કાર્યક્રમ સાથે બધા ઉદારવાદી સહમત નહોતા, પરંતુ અરવિંદનો મત હતો કે માત્ર સ્વશાસનથી ભારતનું પુનરુત્થાન થઈ શકે તેમ નથી. ભારતના પુનરુત્થાનને માટે પૂર્ણ સ્વતંત્રતા જરૂરી છે.

## ૨. અહિંસાનું મહત્ત્વ

શ્રીઅરવિંદે વ્યક્તિગત અને રાજકીય જીવનમાં સાધનાના રૂપમાં અહિંસાના મહત્ત્વને સ્વીકાર્યું છે. શ્રીઅરવિંદને માટે અહિંસા, માનવ-વિકાસનાં અન્ય સાધનોની જેમ એક સાધન છે અને જ્યાં ક્યાંય તેનાથી વિકાસમાં અવરોધ આવશે ત્યાં તેને છોડી દેવાશે. ભગવત્ ગીતામાં પણ અહિંસાના વિષયમાં આ જ દષ્ટિકોણ અપનાવાયો છે. શ્રીઅરવિંદના મતાનુસાર, ''આક્રમકતા અન્યાયપૂર્ણ છે પરંતુ માત્ર ત્યારે જ્યારે એ કોઈ કારણ વિના હોય, હિંસા અનુચિત છે જ્યારે તેનો નિર્મમતાથી અથવા અનૈતિક લક્ષ્યોને માટે પ્રયોગ કરવામાં આવે. જે દર્શન બધી ક્રિયાઓમાં એક જ યાંત્રિક નિયમ લાગુ પાડતું હોય અથવા કોઈ એક શબ્દને લઈને સમસ્ત માનવજીવનને તેમાં ફિટ કરવાનો પ્રયાસ કરતું



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હોય, એ વંધ્યા દર્શન છે, તેનાથી કોઈ સત્ય નથી નીકળી શકતું.'' (ધી ડૌક્ટ્રીન ઑફ પેસિવ રેસિસ્ટેન્સ)

શ્રીઅરવિંદ આ દષ્ટિકોણથી યથાર્થવાદી હતા. તેમનો વિચાર હતો કે અહિંસા અથવા પંચશીલ જેવા કોઈ પણ સિદ્ધાંત ગમે તેટલા મહાન કેમ ન હોય, જનજીવનમાં તેને લાગુ કરતી વખતે યથાર્થવાદી દષ્ટિકોણ રાખવો જોઈએ. તેના મનોવૈજ્ઞાનિક પ્રભાવ પર સદા ધ્યાન આપવું જોઈએ, અન્યથા આપણા પોતાના અભિપ્રાય ગમે તેટલા ઉચ્ચ કેમ ન હોય, અન્યો પર તેનું પરિણામ ખરાબ જ પડે છે.

આ સંબંધમાં આપણે શ્રીઅરવિંદ અને ગાંધીજીના વિચારોમાં અંતર જોઈએ છીએ. જ્યાં ગાંધીજીએ અહિંસાને સાધ્ય માની છે, ત્યાં શ્રીઅરવિંદને માટે અહિંસા એક સાધન છે જેને છોડી પણ શકાય છે. ગાંધીજીના અહિંસા અને સત્યાગ્રહના સિદ્ધાંત તેમના વ્યક્તિગત અનુભવ પર આધારિત હતા. તેને તેઓ સત્યના પ્રયોગો કહેતા હતા. પરંતુ શ્રીઅરવિંદ અનુસાર તે શક્ય નથી. તેઓએ કહ્યું છે, ''રાજનીતિનો સંબંધ માનવસમુદાયો સાથે છે, વ્યક્તિઓ સાથે નહીં.'' માનવસમુદાયોને સંતોની જેમ કામ કરવા માટે કહેવું, દૈવી પ્રેમની ઊંચાઈ સુધી ઊઠવા અને પોતાના વિરોધીઓ તથા શોષકો માટે પણ તેવો ભાવ હોવો, તે માનવપ્રકૃતિની અવહેલના છે. તે ઘા કરવા માટે ઊઠેલા મોક્ષદાતાના હાથને ગતિહીન બનાવી અન્યાય અને અહિંસાને પ્રોત્સાહિત કરવા જેવું છે.'' (ધી ડૌક્ટ્રીન ઑફ પેસિવ રેસિસ્ટેન્સ) આ રીતે જો અહિંસા ન્યાય, સત્ય અને દૈવી ચેતનાને આગળ ધપાવવામાં સહાયક છે તો એ શ્રેષ્ઠ છે અને જો નહીં તો તેના માટે હિંસા અપનાવવી પડે તો જેમ ગીતામાં કહેવાયું છે, એ જ માન્ય ધર્મ છે.

## ૩. હિંસા અને યુદ્ધનું મહત્ત્વ

શ્રીઅરવિંદે રાષ્ટ્રીય લક્ષ્યને પ્રાપ્ત કરવાને માટે ક્યારેક યુદ્ધ અને હિંસાનું મહત્ત્વ પણ સ્વીકાર્યું છે. શ્રીઅરવિંદનું નૈતિક દર્શન મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સત્ય પર આધારિત છે. તેમના મતાનુસાર કોઈ પણ નૈતિક સિદ્ધાંત સ્વયંસાધ્ય નથી, બલકે પ્રત્યેક આધ્યાત્મિક શુભનું સાધન માત્ર છે. માનવી પ્રકૃતિનું અંગ છે એટલા માટે એ તેની અવહેલના નથી કરી શકતો અને પ્રકૃતિના નિયમોનું પાલન કરવું તેના માટે આવશ્યક થઈ જાય છે. શ્રીઅરવિંદે પ્રકૃતિનો નિયમ સંઘર્ષને અનિવાર્ય ગણાવ્યો છે, એટલા માટે માનવજીવનમાં સંઘર્ષ અનિવાર્ય છે. તેઓએ એ પણ માન્યું છે કે માનવ પ્રકૃતિથી વધારે છે. એટલા માટે એ કેટલાક એવા નિયમો અનુસાર પણ કાર્ય કરે છે જે પ્રકૃતિના નહીં, બલકે માનવતાના નિયમ છે. તે નિયમ સહયોગ, પ્રેમ અને સાહચર્ય છે.

આ રીતે શ્રીઅરવિંદના મતમાં પ્રકૃતિવાદ અને આદર્શવાદનો સમન્વય થયો છે. શ્રીઅરવિંદે કહ્યું પણ છે કે સંઘર્ષ અને વિનાશ જ બધું નથી, સાહચર્ય અને પરસ્પર સહાયતાનો મોક્ષદાયક સિદ્ધાંત છે અને જેમ કે વિઘટન અને પરસ્પર સંઘર્ષોની શક્તિ છે, પ્રેમની શક્તિ સ્વાર્થમય આત્મ-સ્થાપનથી ઓછી નથી. જે રીતે અન્યોની પોતાના પ્રત્યે ત્યાગ કરવાની પ્રવૃત્તિ છે, એ રીતે પોતાને અન્યોને માટે બલિ કરવાની પ્રવૃત્તિ પણ છે. પરંતુ જ્યારે આપણે એ જોઈએ છીએ કે તેઓએ વાસ્તવમાં કેમ કામ કર્યું છે ત્યારે આપણે તેના વિરોધીઓની શક્તિની અવહેલના કરવાને આકર્ષિત થવું જોઈએ.

શ્રીઅરવિંદનું એમ માનવું છે કે વિકાસ પણ સંઘર્ષ વિના નથી થઈ શકતો. માનવીનું પ્રત્યેક કાર્ય, પછી તે હિંસાત્મક જ કેમ ન હોય, પ્રત્યક્ષ રૂપે દૈવી ચેતનાથી નિસૃત હોય છે. સંસારની વર્તમાન સ્થિતિમાં હિંસા અને યુદ્ધ ન માત્ર ઉચિત છે, બલકે ક્યારેક એ અનિવાર્ય પણ થઈ જાય છે. ભાવી આધ્યાત્મિક સમાજની સ્થાપનાના હેતુથી એ આવશ્યક થઈ જાય છે.

## ૪. સામાજિક આદર્શ

કોઈ સામાજિક વિકાસની કોઈ પણ યોજના પ્રસ્તુત કરતા પૂર્વે એ વિચાર કરવો જરૂરી છે કે સામાજિક વિકાસનો આદર્શ શો છે ? શ્રીઅરવિંદે પોતાના સમાજ-દર્શનમાં સામાજિક વિકાસના આદર્શને સર્વાંગ જ્ઞાન પર આધારિત કરવાનો પ્રયાસ કર્યો છે અને કહ્યું છે કે, ''મનુષ્ય જગતમાં પોતાનું અસ્તિત્વ જમાવે છે, તે તેનું પ્રથમ કાર્ય છે પરંતુ એનું કાર્ય વિકસિત થવું અને અંતમાં પોતાનાથી આગળ વધારવું પણ છે, એણે પોતાના આંશિક સત્‌નું એક પૂર્ણ સત્‌માં વિસ્તરણ કરવાનું છે, પોતાની આંશિક ચેતનાને એક સર્વાંગ ચેતનામાં આગળ ધપાવવાની છે, તેણે પોતાના પરિવેશ પર વિજય મેળવવાનો છે પરંતુ સાથે વિશ્વએકતા અને વિશ્વસમન્વય પણ પ્રાપ્ત કરવાનાં છે, તેણે પોતાના વ્યક્તિત્વનો સાક્ષાત્કાર કરવાનો છે અને સાથે તેને એક સાર્વભૌમ તથા આધ્યાત્મિક અસ્તિત્વના આનંદમાં ફેલાવવાનો છે.'' (ધી લાઈફ ડિવાઈન)

આ રીતે માનવજીવનનું પરમ લક્ષ્ય સર્વાંગ સદ્‌વસ્તુની ચેતના પ્રાપ્ત કરવાનું છે, જેમાં આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનું અંતર પૂર્ણ થઈ જાય છે. આ જ વિકાસનું લક્ષ્ય છે. માનવીનો ઇતિહાસ હંમેશાંથી જ આ જ આદર્શ તરફ આગળ વધતો રહ્યો છે. શ્રીઅરવિંદના શબ્દોમાં, ''મનુષ્યને સ્વયં પોતાના અંગે જ્ઞાનનો વિકાસ કરવો છે, પોતાના જગતના જ્ઞાનનો અને ઈશ્વર અંગેના પોતાના જ્ઞાનનું વિસ્તરણ કરવાનું છે. જ્યાં સુધી કે તેની સમગ્રતામાં એ એના પરસ્પર અનુપ્રવેશ અને એકતાથી પરિચિત ન થઈ જાય.'' (ધી લાઈફ ડિવાઈન)

## ૫. આધ્યાત્મિક આદર્શની પ્રાપ્તિ

શ્રીઅરવિંદના મતાનુસાર, આધ્યાત્મિક આદર્શની પ્રાપ્તિ દ્વારા ભાવી આધ્યાત્મિક સમાજની સ્થાપના થઈ શકે છે. માત્ર આધ્યાત્મિક આદર્શ જ વિકાસને સાચો નિર્દેશ આપી શકે છે. શ્રીઅરવિંદના મતાનુસાર માનવી હજુ સુધી તેને સમજ્યો નથી. તેઓએ કહ્યું કે સાચો આત્મા જીવન અને તેની ભૌતિક, પ્રાણાત્મક અને માનસિક આવશ્યકતાઓના નિર્ણય પર નહીં, બલકે એના રૂપાંતર અને પૂર્તિ, આરોહણ અને સંકલ્પ પર આધારિત હોવો જોઈએ. આધ્યાત્મિક આદર્શ આંતરિક આદર્શ છે. આધ્યાત્મિકતા બધા પ્રકારની દુર્બળતા, અજ્ઞાન અને નિયમના દાસતાની વિરુદ્ધ છે, એનું લક્ષણ પૂર્ણ સ્વતંત્ર છે. એટલે આધ્યાત્મિક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સમાજનું વર્ણન કરતા શ્રીઅરવિંદે 'હ્યુમન સાઇકલ'માં લખ્યું છે, ''એક વ્યાપક સ્વતંત્રતા એક આધ્યાત્મિક સમાજનો નિયમ હશે અને સ્વતંત્રતાની વૃદ્ધિ સાચા આધ્યાત્મિકીકરણની શક્યતાનું ચિહ્ન હશે.''

આધ્યાત્મિક વિકાસ સ્વાભાવિક, સ્વતંત્ર અને અનિવાર્ય હોય છે. શ્રીઅરવિંદના દર્શન અનુસાર માનવજીવનના ક્ષેત્રમાં સ્વતંત્ર વિકાસ જ એકમાત્ર સિદ્ધાંત છે. પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવનમાં સર્વાંગ વિકાસ જ એકમાત્ર લક્ષ્ય છે અને કોઈ પણ સમયે તે વિકાસ થોભવો ન જોઈએ. તેમાં જે અડચણો છે તેને દૂર કરવી જોઈએ. સ્વતંત્રતાનું તાત્પર્ય તેમના અનુસાર એ છે કે પ્રત્યેક વસ્તુની વૃદ્ધિ અને વિકાસ બધી જગ્યાએ સ્વાભાવિક અને સામાન્ય હોવાં જોઈએ અને આધ્યાત્મિક લક્ષ્યની તરફ જવાને માટે પ્રત્યેક મનુષ્યે સ્વયં પોતાનો માર્ગ બનાવવો જોઈએ.

આધ્યાત્મિક સમાજના લક્ષ્યને પ્રાપ્ત કરવાને માટે સૌ પ્રથમ વ્યક્તિનું આધ્યાત્મિક રૂપાંતર થવું જોઈએ. સામૂહિક પરિવર્તન પણ તેના માટે આવશ્યક છે અર્થાત્ સમગ્ર સમાજનું રૂપાંતર થવું જરૂરી છે. એના માટે માનવીએ ભારે પ્રયાસ કરવા પડશે. શ્રીઅરવિંદે અતિમાનવને માનવીનું લક્ષ્ય માન્યું છે અને અતિમાનવ સમાજની સ્થાપનાનું સમર્થન કર્યું છે. એક વખત જો આ લક્ષ્યને પ્રાપ્ત કરી લેવાય તો આધ્યાત્મિક સમાજની સ્થાપના શક્ય થઈ શકે છે.

### ૬. સાધ્ય અને સાધન

રાજનીતિના ક્ષેત્રમાં સાધ્ય અને સાધનના સંબંધને લઈ હંમેશાં વિવાદ રહ્યો છે. કાર્લ માર્કસના મતાનુસાર સાધ્ય સાધનનું ઔચિત્ય નિશ્ચિત કરે છે. ગાંધીજીએ સાધનને સાધ્યનું ઔચિત્ય નિશ્ચિત કરવાવાળું માન્યું છે. શ્રીઅરવિંદે કહ્યું પણ છે કે આપણાં સાધન એટલાં જ મહાન હોવાં જોઈએ જેટલાં આપણાં સાધ્ય મહાન છે અને સાધ્યને પ્રાપ્ત કરવા માટે સાધનની ભાળ મેળવવા અને પ્રયોગ કરવાની શક્તિ સ્વયં આપણી અંદરની શક્તિના શાશ્વત સ્રોતની શોધ કરવાથી મળી શકે છે. આ રીતે અરવિંદના મતાનુસાર જો આપણાં સાધ્ય મહાન છે તો સાધન પણ મહાન જ પસંદ કરવાં જોઈએ. અહીં તેમની વાતો અને ગાંધીજીના વિચારોમાં આપણને સહમતિ જોવા મળે છે, પરંતુ તેનાથી આગળ બંનેમાં ભિન્નતા છે. શ્રીઅવિંદની દૃષ્ટિ વધારે વ્યાપક, ગહન અને ગતિશીલ છે. શ્રીઅરવિંદે પોતાના સિદ્ધાંતમાં નૈતિકતા અને મનોવિજ્ઞાનનો સમન્વય કર્યો છે. વ્યક્તિ અને સમાજના વિકાસમાં યોગદાન આપવા માટે નૈતિકતા નક્કર તથ્યો પર આધારિત હોવી જોઈએ અને સાચો આદર્શ યથાર્થમાં અપનાવવા યોગ્ય હોવો જોઈએ. શ્રીઅરવિંદે પોતાના નૈતિક અને રાજકીય સિદ્ધાંતોને સદા નક્કર તથ્યો પર આધારિત રાખ્યા છે, કેમ કે નક્કર તથ્ય પરમ સદ્વસ્તુની અભિવ્યક્તિઓ જ છે. એટલે એમનો આદર્શવાદ નક્કર યથાર્થવાદ પર આધારિત છે. આ જ એમના સાધ્ય અને સાધનનું અંતર પણ છે.

શ્રીઅરવિંદે નીતિ અને રાજનીતિમાં સમન્વય પણ એ જ આધારે કર્યો છે. તેઓએ ન તો રાજનીતિને નીતિને આધીન કરી છે અને ન નીતિને રાજનીતિને આધીન માની છે, બલકે આ બંનેને આધ્યાત્મિક પરમ તત્ત્વ પર આધારિત કર્યાં છે જે માનવીની સમસ્ત ક્રિયાઓની સાથે આ બંનેનો સમન્વય કરે છે.

### ૭. ઉગ્ર રાષ્ટ્રવાદી વિચાર

શ્રીઅરવિંદ ઉગ્ર રાષ્ટ્રવાદી વિચારોના પ્રણેતા હતા. 'વંદે માતરમ્'માં પોતાના એક નિબંધમાં તેમણે લખ્યું હતું. ''રાષ્ટ્રભાષા દેશમાં દૈવી એકતાને પ્રાપ્ત કરવાની પ્રબળ મહત્ત્વાકાંક્ષા છે. એ એક એવી એકતા છે, જેમાં વિધિવત્ અનેક વ્યક્તિઓની રાજકીય, સામાજિક અને આર્થિક વિચારવાળી કાર્યભિન્નતા હોવા છતાં પણ મૌલિક રૂપે એક છે. જે રાષ્ટ્રીયતાનો આદર્શ ભારત વિશ્વની સામે ઉપસ્થિત કરશે, તેમાં માનવી-માનવીમાં સમાનતા હશે, જ્ઞાતિ-જ્ઞાતિ અને વર્ગ-વર્ગમાં સમાનતા હશે.''

શ્રીઅવિંદે રાષ્ટ્રવાદને ઈશ્વરીય આદેશ અને એક ધર્મ ગણાવ્યો. ભારતને સ્વતંત્ર અને એક આદર્શ રાજ્ય બનાવવાનું તેમનું સપનું હતું. તેઓએ લખ્યું છે, ''શું આપણે એક જ સમયમાં પરમેશ્વર અને માયા પર અવલંબિત રહી શકીએ છીએ ?.... તમે શસ્ત્રોના સંકટથી ન ડરો. તમારા માર્ગમાં અવરોધ નાખનારી શક્તિ ગમે એટલી મોટી કેમ ન હોય, તમે ચિંતા ન કરો, તમે સ્વતંત્ર છો અને તમારે સ્વતંત્રતા પ્રાપ્ત કરવી જ જોઈએ. જો તમે આત્મ-સ્વરૂપને ઓળખી લીધું તો તમારે ડરવાની કોઈ વાત નથી. સંસારમાં સત્ય, પ્રેમ અને શ્રદ્ધાને માટે અસાધ્ય કંઈ નથી. આ જ તમારું ધર્મતંત્ર છે અને તેના દ્વારા મોટા ચમત્કાર દેખાશે.... આપણાથી પણ વધીને એક પ્રચંડ શક્તિ આપણને આગળ ધપાવી રહી છે અને આપણને ત્યાં સુધી પ્રેરણા આપતી રહેશે, જ્યાં સુધી કે આપણાં બધાં બંધન તૂટી ન જાય અને ભારત સમસ્ત વિશ્વમાં એક સ્વતંત્ર દેશ બની ન જાય.''

શ્રીઅરવિંદનો રાષ્ટ્રવાદ સાર્વભૌમિક હતો અને માનવએકતાના આદર્શ પર આધારિત હતો. હિંદુ ધર્મનું મહત્ત્વ પણ એમના માટે બહુ હતું. ૧૯૮૦માં તેઓએ કહ્યું હતું, ''હિંદુ ધર્મ શાશ્વત ધર્મ છે, કેમ કે તે સાર્વભૌમિક ધર્મ છે જે બધાને સમેટે છે. એક સીમિત, સંકુચિત અને સાંપ્રદાયિક ધર્મ તો થોડા સમય સુધી જ જીવિત રહી શકે છે. તે જ એક ધર્મ ઈશ્વરની સમીપતા પર ભાર મૂકે છે. સનાતન ધર્મ જ આપણા માટે રાષ્ટ્રીયતા છે. જ્યારે સનાતન ધર્મનો હ્રાસ થાય છે ત્યારે રાષ્ટ્રનું પતન થઈ જાય છે.''

સનાતન ધર્મને તેઓએ એટલું મહત્ત્વ આપ્યું છે કે એનો આદર્શ વિશ્વકલ્યાણ છે. તેઓએ સ્વયં એમ માન્યું હતું કે અંતિમ પરિણામ તો વિશ્વ રાજ્ય છે અને સ્વતંત્ર રાષ્ટ્રોનો એક એવો સંઘ હોવો જોઈએ જ્યાં દાસતા, બળપૂર્વક સમાનતા અને અધીનતાની ભાવના પણ પૂર્ણ થઈ જાય.


(ક્રમશઃ)

– ડૉ. અનુરાધા પ્રસાદ
અનુ. રાજેન્દ્ર દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# માધવ ગાડગીળ : પશ્ચિમ ઘાટના પ્રહરી પર્યાવરણવિદ



**પ**શ્ચિમ ઘાટ તરીકે ઓળખાતી ગિરિમાળાનું, તેના જૈવવૈવિધ્યનું, તેમાં વસતા લોકોનું, અને તેનું ખુદનું એકંદર સમગ્ર અસ્તિત્વ ટકે તે માટે પ્રચંડ સંશોધનથી સત્તાધીશો સમક્ષ રજૂઆત કરનાર અને સમાજમાં જાગૃતિ જગાવનારા પર્યાવરણવિદ માધવ ધનંજય ગાડગીળનું ગઈ ૭ જાન્યુઆરીએ ૮૩ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ પુનામાં અવસાન થયું. આપણા સમયના એક દીપસ્તંભ સમા આ દૂરદર્શી વિજ્ઞાનીના અવસાનની નોંધ લેવાનું ગુજરાતનાં માધ્યમો લગભગ સંપૂર્ણ ચૂકી ગયાં છે.

માધવ ગાડગીળે છ દાયકાના ફીલ્ડ વર્ક (ક્ષેત્રકાર્ય) અને સંશોધન દ્વારા ભારતમાં ઇકોલોજિકલ સ્ટડીઝ (પરિસ્થિતિ-વિજ્ઞાન)નો પાયો નાખ્યો. 'લોક'ના અનેકવિધ સમુદાયોના અકૃત્રિમ સઘન સંપર્કને સંશોધનનું અનિવાર્ય સાધન ગણનારા ગાડગીળ 'પીપલ્સ ઇકોલોજિસ્ટ' એટલે કે લોકધર્મી પરિસ્થિતિ-વિજ્ઞાની તરીકે ગૌરવ પામ્યા હતા. તેમનું દર્શન માનવીના આર્થિક કલ્યાણ અને પર્યાવરણની વચ્ચે સંતુલન સાધનારું હતું. ગાડગીળને પદ્મશ્રી અને પદ્મભૂષણ ઉપરાંત દેશવિદેશનાં ત્રીસેક સન્માન મળ્યાં હતાં. તેમને ૨૦૨૪ માં સંયુક્ત રાષ્ટ્ર સંઘનો પર્યાવરણ માટેનો સર્વોચ્ચ 'ચેમ્પિયન્સ ઑફ ધ અર્થ અવૉર્ડ' એનાયત થયો હતો. આપણા સમયના એક દીપસ્તંભ સમા ગાડગીળની જાણીતી નમ્રતા અને સરળતા આ લખનાર સહિત અનેકોએ અનુભવી છે.

જાણીતા અર્થશાસ્ત્રી ધનંજય ગાડગીળના પ્રગતિશીલ અને પ્રબુદ્ધ પરિવારમાં જન્મેલા માધવે બી.એસ.સી.ની પદવી જીવશાસ્ત્ર વિષય સાથે પુનાની ફર્ગ્યુસન કૉલેજમાંથી અને એમ.એસ.સી.ની પદવી પ્રાણીશાસ્ત્ર સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી મેળવી હતી. તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી મેથેમેટિકલ બાયોલોજિમાં પીએચ.ડી. થયા અને તેમનાં એટલાં જ પ્રતિભાવાન પત્ની સુલોચનાએ પણ ત્યાં હવામાનશાસ્ત્ર પર સંશોધન કર્યું. હાર્વર્ડમાં અત્યંત તેજસ્વી વિદ્યાર્થી તરીકે વખણાયેલા માધવે બે વર્ષ આઈ.બી.એમ. ફેલોશીપ હેઠળ હાર્વર્ડ કમ્પ્યુટિન્ગ સેન્ટરમાં સંશોધક તરીકે અને યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે એકસાથે કામ કર્યું. અમેરિકામાં પતિ-પત્ની બંનેને જિંદગીનાં બધાં જ સુખ મેળવી આપનારી કારકિર્દીની અસાધારણ ઉત્તમ તક હતી. તેઓએ તે બે કારણોસર જતી કરી. એક, એ સમયે અમેરિકાની વિયેટનામ પર અત્યાચારની નીતિનો એમને વિરોધ હતો; અને બે, 'પોતાના દેશ માટે અમે કોઈ સારું યોગદાન આપી શકીશું' એવી એમને ખાતરી હતી. સ્વદેશ પાછા ફરીને પુનાની 'મહારાષ્ટ્ર વિજ્ઞાનવર્ધિની' નામની સંસ્થામાં સંશોધન ચાલુ કર્યું. તેમના માર્ગદર્શક વનસ્પતિશાસ્ત્રી વામનરાવ વર્તક સાથે 'દેવરાઈ' એટલે કે લોકોએ પવિત્ર ગણીને સાચવેલાં વનો પર સંશોધન કરીને અભ્યાસલેખ લખ્યો. તે અતિપ્રતિષ્ઠિત 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'ના સામયિકમાં,અને પછી ખુશવંતસિંગના 'ધ ઇલસ્ટ્રેટેડ વિકલી ઑફ ઇન્ડિયા'માં પ્રસિદ્ધ થયો.

અવકાશવિજ્ઞાની સતીષ ધવનની પહેલથી માધવ અને સુલોચના બંને ૧૯૭૩માં બેંગલુરૂની 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'માં જોડાયાં અને ત્યાં ત્રીસ વર્ષ કાર્યરત રહ્યાં. ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે સેન્ટર ફોર ઇકોલોજિકલ સ્ટડીઝની સ્થાપના કરી. આ એકમને તેમણે પ્રજાકેન્દ્રી અને બહુવિષયક(મલ્ટિડિસિપ્લિનરી) બનાવીને તેની સાથે અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, માનવવંશશાસ્ત્રીઓ, પર્યાવરણ વિજ્ઞાનીઓ, સ્થાનિક સમુદાયો, બિનસરકારી સંસ્થાઓ, લેખકો, પત્રકારો અને નીતિ ઘડનારાઓને સાંકળ્યા. એકવીસમી સદીના આરંભે દુનિયાભરમાં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન જેવી વિદ્યાશાખાઓની સાથે પર્યાવરણના અભ્યાસની પર્યાવરણીય માનવવિદ્યા નામની શાખા વિકસી. તેની શરૂઆત સેન્ટર ફોર ઇકોલોજિકલ સ્ટડીઝ થકી બે દાયકા પહેલાં થઈ ચૂકી હતી. બેંગલુરૂ વસવાટના ગાળામાં ગાડગીળ સ્ટેનફર્ડ અને કેલિફોર્નિયા બર્કલી યુનિવર્સિટીઓ ખાતે મુલાકાતી અધ્યાપક પણ હતા.

ઇન્સ્ટિટ્યૂટ અને સેન્ટર થકી ગાડગીળે અનેક ઉપક્રમો હાથ પર લીધા. દેવરાઈના સંશોધનને કર્ણાટકમાં વિસ્તાર્યું. કર્ણાટક અને કેરળનાં પાનખરનાં જંગલોનો અભ્યાસ કર્યો. સૂંડલા-ટોપલા બનાવનાર સમુદાયો દ્વારા થતી વાંસની ટકાઉ ઉછેર પદ્ધતિને પ્રકાશમાં લાવ્યા. એ સમયે, કર્ણાટકની સરકાર કાગળ કારખાનાંને એક રૂપિયે ટનના ભાવે વાંસ વેચતી, જ્યારે સૂંડલા-ટોપલા બનાવનારા કારીગરોને ટન દીઠ પાંચ હજાર રૂપિયા ચૂકવવા પડતા. આમ સરકાર ગરીબો પર ખુલ્લો અન્યાય કરતી હતી અને પર્યાવરણ વિનાશને ટેકો આપતી હતી. આ બાબતનું પદ્ધતિસરનું દસ્તાવેજીકરણ અને સબળ વિશ્લેષણ કરીને ગાડગીળે કારીગરોને યોગ્ય લાભ અપાવ્યો.

બાયોસ્ફિઅર એટલે કે જીવાવરણની વિભાવનાની ભારતમાં પ્રતિષ્ઠા કરવામાં અને તામિલનાડુના નીલગિરિમાં દેશના સહુ પહેલાં બાયોસ્ફિઅર રિઝર્વના સર્જનમાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. હાથીની સહુથી પહેલી ગણતરી પણ તેમની દોરવણી હેઠળ કરવામાં આવી. કર્ણાટકના બાંદીપુર ટાઇગર રિઝર્વમાં પશુવૈવિધ્યની ગણતરી અને અભ્યાસમાં ગાડગીળની પહેલ મહત્ત્વની છે. એન્થ્રોપોલોજિસ્ટ એટલે કે માનવવંશશાસ્ત્રી કે.સી. મલ્હોત્રાની સાથેના લાંબા જોડાણમાં તેમણે પશ્ચિમ ઘાટના માલધારી સમુદાયોનાં સંસાધનોના ઉપયોગમાં આવેલાં પરિવર્તનોનો અભ્યાસ કર્યો. ગાડગીળની માન્યતા મુજબ વનો, એ પ્રાચીન વણખેડાયેલા નિર્જન વિસ્તારો નથી, પણ સદીઓના માનવસંચાલનથી ઘડાયેલા સાંસ્કૃતિક ભૂપ્રદેશો છે.

ગાડગીળે દેશભરનાં જંગલો અને તેમની પર નભતા લોકોનો અભ્યાસ કર્યો. મહાત્મા જોતીબા ફુલે 'શેતકર્યાચા આસૂડ'(૧૮૮૩)માં ગર્જ્યા હતા : 'આ દમનકારી જંગલખાતાને બાળી નાખવું જોઈએ'. એ ગર્જના માત્ર ભૂતકાળ માટે ન હતી, પણ સાંપ્રતને પણ એટલી જ લાગુ પડતી હતી એમ ગાડગીળે ૧૯૮૨માં લખેલા 'ઇન્ડિયન એન્વાયર્નમેન્ટલ કોન્ઝર્વેશન પોલિસી' નામના લેખ દ્વારા બતાવ્યું. એમાં તેમણે બિલકુલ સ્પષ્ટ કર્યું કે ભારતમાં જીવવૈવિધ્ય વિપુલ છે, પણ તેને સાચવવા માટેના પ્રયત્નો નગણ્ય છે જેને કારણે કુદરતને અમાપ હાનિ પહોંચી રહી છે. ખરેખર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તો પર્યાવરણના રક્ષણની જવાબદારી સ્થાનિક લોકોને સોંપી દેવી જોઈએ કારણ કે તેમણે તેને અત્યાર સુધી સાચવ્યું છે અને તેઓ આ વૈવિધ્યની ઊંડી સમજ પણ ધરાવે છે.

પશ્ચિમ ઘાટની પર્વતમાળા ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ અને તામિલનાડુમાં ફેલાયેલી છે. તેમાં પાંચ મહત્ત્વની નદીઓનું ઉદ્‌ગમસ્થાન છે. વળી જૈવવૈવિધ્યનાં દુનિયાભરનાં મહત્ત્વનાં સ્થાનોમાં તેની ગણના થાય છે. કેટલાંક વૃક્ષો અને પ્રાણીઓ આ પર્વતમાળા સિવાય અન્ય ક્યાંય જોવા મળતાં નથી. આ ઘાટને કહેવાતી વિકાસ યોજના અને પર્યટનોને કારણે ભારે નુકસાન થઈ રહ્યું હતું. તેની સામે જાગૃત જૂથોએ સરકાર સમક્ષ રજૂઆતો શરૂ કરી. સંગઠનોએ ૧૯૮૭માં એક કૂચ કરી, જેમાં ગાડગીળ જોડાયા. પશ્ચિમ ઘાટના લોકોના જીવનનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને તેમના પ્રશ્નોની સમજ કેળવી. કેન્દ્ર સરકારે ૨૦૧૦માં પશ્ચિમ ઘાટના પર્યાવરણીય પ્રશ્નો અંગે 'વેસ્ટર્ન ઘાટ્સ ઇકોલોજી એક્સપર્ટ પેનલ' રચીને ગાડગીળને તેના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા.

વેસ્ટર્ન ઘાટ્સ એક્સપર્ટ પેનલે માર્ચ ૨૦૧૧માં આપેલો અહેવાલ 'ગાડગીળ કમિટી રિપોર્ટ' તરીકે જાણીતો છે. આ અહેવાલે વિનાશકારી વિકાસના પુરસ્કર્તાઓને અકળાવી દીધા. આ અહેવાલે એમ સાબિત કર્યું કે સહ્યાદ્રીનો મોટા ભાગનો વિસ્તાર બેફામ ખોદકામ, પ્રવાસન અને કહેવાતાં વિકાસકાર્યોને કારણે વિનાશનો સામનો કરી રહ્યો છે. આ વિસ્તારને બચાવવો હોય તો તેને અનામત જાહેર કરીને તેમાં માનવીય હસ્તક્ષેપ અટકાવવો પડે. અહેવાલે લગભગ આખો એટલે કે ૧ લાખ ૨૭ હજાર ચોરસ કિલોમીટરનો વિસ્તાર અનામત જાહેર કરવાની ભલામણ કરી. તેમણે પહાડી વિસ્તારમાં થતાં તમામ પ્રકારનાં ખોદાણ, બાંધકામ, બંધો અને જળવિદ્યુત યોજનાઓ પર કડક અંકુશનું સૂચન કર્યું. તદ્ઉપરાંત આ વિસ્તારની જાળવણીમાં સ્થાનિક સમુદાયોને મોટા પાયે સામેલ કરવાનું સૂચવ્યું.

ગાડગીળ રિપોર્ટનો અભિગમ ઝટપટ, ઝાટકાબંધ અને જોહુકમી ન હતો. તેમાં પર્યાવરણ રક્ષણ માટેનું સહભાગી અને વર્ગીકૃત સ્વરૂપ (participatory and graded form of ecological protection) સૂચવ્યું હતું. તેમ છતાં સરકારે અહેવાલને દબાવી રાખ્યો. તેને લોકો સુધી પહોંચાડવા માટે માહિતી અધિકાર હેઠળ અને વડી અદાલતમાં લડત આપવી પડી. મે ૨૦૧૧ માં અહેવાલ જાહેર થતાં જ મહારાષ્ટ્ર, કર્ણાટક અને તામિલનાડુનાં રાજ્યોનાં સ્થાપિત હિતોએ ભારે વિરોધ કર્યો. તેમાં અહેવાલની મોટા પાયે થયેલી વિકૃત રજૂઆતનો પણ ફાળો હતો. વિરોધીઓએ એ મુદ્દે વાંધા ઉઠાવ્યા કે મોટા વિસ્તારોને અનામત રાખવાને કારણે લોકોની આજીવિકા પર તરાપ આવશે. સત્તાધીશોએ અહેવાલને પદ્ધતિસર અભરાઈએ ચઢાવી દીધો. એક નવી સમિતિ વિજ્ઞાની કે. કસ્તુરીરંગનના વડપણ હેઠળ ૨૦૧૩માં બનાવવામાં આવી જેણે માત્ર ૫૭ હજાર ચો.કિ.મી.નો વિસ્તાર પર્યાવરણીય રીતે સંવેદનશીલ જાહેર કર્યો. અત્યારે કસ્તુરીરંગન સમિતિની ભલામણો સાથેનો અહેવાલ રાજ્યોને સંમતિ માટે મોકલવામાં આવ્યો છે, અને તેની પર ગયાં દસેક વર્ષથી સર્વસંમતિ સધાઈ નથી. સરવાળે ગાડગીળ અહેવાલનો અમલ ક્યારેય ન થયો, પણ તેમાં જે દૂરગામી ભયસ્થાનો દર્શાવ્યાં હતાં તે પ્રત્યક્ષ થતાં રહ્યાં છે. મુઠ્ઠીભર બળિયા લોકો દ્વારા ડુંગરો, જંગલો, જળપ્લાવિત વિસ્તારો અને નદીઓના બેલગામ શોષણથી આ સુંદર પર્વતરાજિની કુદરત અને તેમાં વસતા લોકોની પૂર તેમ જ ભૂસ્ખલનની હોનારત સહિત અનેક રીતે અવદશા થઈ રહી છે. ગાડગીળે પીપલ્સ બાયોડાઇવર્સિટી રજિસ્ટર્સ માટેની માર્ગદર્શિકાની રચના કરી. તદ્ઉપરાંત કૉલેજોના અધ્યાપકોને સાથે રાખીને પશ્ચિમ ઘાટના જૈવવૈવિધ્યના દસ્તાવેજીકરણ માટે વેસ્ટર્ન ઘાટ્સ બાયોડાઇવર્સિટી નેટવર્ક ઉપક્રમ ઊભો કર્યો. ઇન્ડિયન બાયોડાઇવર્સિટી ઍક્ટ (૨૦૦૨) ઘડવામાં તેમણે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

ભારતના સમાજજીવન,રાજકારણ અને શાસનના લાંબા ગાળાના ઊંડા નિરીક્ષણને આધારે ગાડગીળે પર્યાવરણીય દૃષ્ટિકોણથી ભારતીય સમાજનું ત્રણ જૂથમાં વર્ગીકરણ કર્યું હતું : એક, ઇકોસિસ્ટમ પીપલ એટલે કે સ્થાનિક પર્યાવરણનાં સંસાધનો પર આધારિત લોકો; બે, બાયોસ્ફિઅર પીપલ/ઓમ્નિવોરસ એટલે કે બજાર અને ટેકનોલોજી થકી જેમને સંસાધનો ખૂબ સુલભ હોય તેવા લોકો; અને ત્રણ, ઇકોલોજિકલ રેફ્યૂજીઝ એટલે બજારની સુલભતાના અભાવે પરંપરાગત સંસાધનોથી વંચિત લોકો. સંસાધનોની અસમાન સુલભતા પર્યાવરણીય સંઘર્ષોને બળ કેવી રીતે આપે છે તે આ માળખામાંથી દેખાય છે. તેમાં ઇકોસિસ્ટમ પીપલને બાયોસ્ફિઅર પીપલ ઇકોલોજિકલ રેફ્યૂજીઝ અર્થાત્ નિર્વાસિતો બનાવી દે છે. સંસાધનોની હાનિને કારણે જમીનવિહોણા ખેતમજૂરો, ગામડાંના કારીગરો, માલધારીઓ, નાના માછીમારો, વિચરતા સમૂહો અને આદિવાસી સમૂહો વિસ્થાપિત થયા છે.

જાણીતા વિદ્વાન રામચન્દ્ર ગુહા સાથે ગાડગીળે લખેલાં બે પુસ્તકોનો અભ્યાસીઓ વ્યાપક ઉપયોગ કરે છે : This Fissured Land: An Ecological History of India (1992) અને Ecology and Equity: The Use and Abuse of Nature in Contemporary India (1995). તેમનાં અન્ય પુસ્તકો આ મુજબ છે: Nurturing Biodiversity: An Indian Agenda (1998), Diversity: The Cornerstone of Life (2005), Ecological Journeys: The Science and Politics of Conservation in India (2005),Science, Democracy and Ecology in India (2013).

સપ્ટેમ્બર ૨૦૨૩માં પ્રસિદ્ધ થયેલી તેમની મરાઠી આત્મકથા <u>सह्याचला आणि मी – एक प्रेमकहाणी</u> અને તેની તેમણે જ આપેલી અંગ્રેજી આવૃત્તિ A Walk Up the Hill: Living with People and Nature બંને ઝકઝોરી દેનારાં છે. મરાઠી આત્મકથાનું દરેક પ્રકરણ સંત તુકારામ, કેશવસૂત, બહિણાબાઈ ચૌધરી,ના. ધોં. મહાનોર, મંદાર દાતાર જેવા અનેક મરાઠી કવિઓની પંક્તિઓ અને કેટલીક વાર જોડકણાંથી શરૂ થાય છે. સંદર્ભોમાં વૈશ્વિક વ્યાપ ધરાવતા આ સ્વકથનની વાચનીય શૈલીમાં મરાઠી ભાષા-સંસ્કૃતિ વણાયેલાં છે, પરિભાષા સહિત બધે ઉત્તમ મરાઠીનો આગ્રહ છે. આત્મકથા તેમણે ગોવાના જુવે નામના ગામના યુવાન મિત્ર બિસ્માર્ક ડિયાસને ભાવપૂર્ણ નોંધ સાથે અર્પણ કરી છે. બિસ્માર્ક તેના ગામ પાસેના ડુંગરને પચાવી પાડવા મથનાર હોટેલમાલિકની સામે લડત આપી રહ્યો હતો, ૧૫ નવેમ્બર ૨૦૧૫ના દિવસે બિસ્માર્ક લાપતા થયો અને બે દિવસ બાદ દરિયાકાંઠે તેનો મૃતદેહ મળ્યો !



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ગાડગીળ પબ્લિક ઇન્ટેલેક્ચ્યુઅલ એટલે કે પોતાનું જ્ઞાન જાહેરજીવનના હિત માટે ઉપયોગમાં લેનારા બૌદ્ધિક હતા. કેરળમાં ૧૯૭૦ના દાયકામાં ચાલેલી 'સાયલેન્ટ વેલી બચાઓ', ઉત્તરાખંડમાં ચિપકો આંદોલન, તેના પછીના દાયકામાં બસ્તરમાં વર્ષાવનો માટેની, અને ૧૯૭૮માં કર્ણાટકમાં યુકેલિપ્ટસના વાવેતર સામેની કિટ્ટીકો-હાચ્ચીકો ચળવળમાં પણ તેઓ જોડાયા હતા. કર્ણાટકની બેડતી નદી પર સૂચિત બંધની પર્યાવરણીય અસર પર ૧૯૯૨માં તેમણે એક પ્રભાવશાળી અહેવાલ લખ્યો, જેને પગલે બંધની યોજના પડતી મૂકવામાં આવી. છએક મહિના પહેલાં થયેલાં પત્નીના અવસાનના આઘાત પછી પણ ઑનલાઈન વ્યાખ્યાનોની ગાડગીળની પ્રવૃત્તિ ચાલુ રહી. વળી એ.આઈ.ની મદદથી મરાઠીમાં શૈક્ષણિક સામગ્રી વિકસાવવાનો પ્રોજેક્ટ પણ તેમણે હાથ પર લીધો હતો.

અરધી સદી કરતાંય વધુ સમયપટ પર વ્યાપેલું ગાડગીળનું જીવનકાર્ય આ દેશના પર્યાવરણના આકલન માટે વિવેકપૂર્ણ દષ્ટિકોણ પૂરો પાડતું રહ્યું. તેમણે આપણને સમજાવ્યું કે જંગલો, જૈવવૈવિધ્ય, પરિસરીય મર્યાદાઓ, પર્યાવરણ રક્ષણ-સંવર્ધન, લોકશાહી અને સામાજિક ન્યાય, આ બધાં ઘટકો એકબીજા સાથે અવિભાજ્ય રીતે જોડાયેલાં છે.

માનવીજિંદગીના ભોગે વન્યજીવનનું રક્ષણ કરવાના એકતરફી દષ્ટિકોણથી તેઓ નારાજ હતા. ખેડૂતો અને મૂળનિવાસીઓને ભોગે વિકાસ સાધવાની શાસકોની નીતિ તેમને અસ્વસ્થ કરતી. ફોરેસ્ટ રાઇટ્સ ઍક્ટના તેઓ પાકા ટેકેદાર હતા. પણ વાઇલ્ડ લાઇફ પ્રોટેક્શન ઍક્ટને કારણે શિકારી અને આદિવાસી સમુદાયો ગુનેગારી તરફ ધકેલાય છે એની તેમને જાણ હતી. આ ઍક્ટને તેઓ જંગલખાતાના હાથનું સામાન્ય માણસો પર રાજ કરવા માટેનું હથિયાર ગણતા.

માધવ ગાડગીળનું જીવન રસપ્રદ હતું. ભારતીય અર્થશાસ્ત્રમાં 'ગાડગીળ ફોર્મ્યુલા'ના પ્રવર્તક, ઉદારમતવાદી અને ભારતના આયોજન પંચના ઉપપ્રમુખ પિતા ધનંજય પક્ષીનિરીક્ષણના શોખીન હતા. તેઓ માધવને તેમની સાથે લઈ જતા. એટલે માધવને કુમારવયથી જ કુદરતના નિરીક્ષણનો રંગ લાગ્યો હતો. ધનંજય કોયના નદી પરના બંધથી થતા પાણીપુરવઠાની દેખરેખ રાખનારા કમિશનના સભ્ય તરીકે એક વખત કમિશનની બેઠકમાંથી આવ્યા પછી એમણે માધવને કહ્યું હતું : ''ઔદ્યોગિક વિકાસ માટે વીજળી જરૂરી છે એ ખરું. પણ તેના માટે આપણે કુદરતના મોટા પાયે વિનાશની અને લોકો પરના અન્યાયની કિંમત ચૂકવવી પડે તેમ ન જ થવું જોઈએ.''

વિદુષી ઈરાવતી કર્વે ગાડગીળ પરિવારનાં પાડોશી હતાં. ઈરાવતી પુરાતત્ત્વ સંશોધન માટે એમણે કરેલાં સંશોધનની વાતો કરતાં એમાં માધવને મજા પડતી અને એ 'ઈરુકાકી' સાથે સંશોધન-પ્રવાસોમાં જોડાતો. અભ્યાસ માટે ઈરાવતીએ અનેકવિધ સમુદાયોની સાથે સાધેલા સહજ જનસંપર્કમાં તેને રસ પડતો. કુદરત અને માનવ બંનેને માધવ હંમેશાં જે આસ્થાથી જોતા તેનાં બીજ પહેલાં ચૌદ વર્ષમાં રોપાયાં હતાં. પિતાના મિત્ર સલીમ અલી સાથે આ કિશોરનો, પક્ષીઓ અંગેની એક શંકા અંગેનો પત્રવ્યવહાર આજીવન મૈત્રી-માર્ગદર્શન તરફ લઈ ગયો. સલીમ અલીના પ્રભાવ હેઠળ માધવે ચૌદમા વર્ષે 'વનવગડામાં મુક્ત રીતે ફરીને અભ્યાસ કરનાર જીવવિજ્ઞાની' બનવાનું નક્કી કર્યું, અને આ નિશ્ચય કૃતાર્થ રીતે આજીવન સિદ્ધ કર્યો.

જીવસૃષ્ટિનાં તમામ રૂપોને માધવ ચાહતા. કીડીઓ, પતંગિયાં, દેડકા અને વ્હેલ માછલીથી લઈને શેવાળ, ઘાસ, થોર અને સદીઓ જૂનાં પાઈન વૃક્ષોથી માંડીને બધાં રૂપો માટે એમને લાગણી હતી. કુદરતનાં અનેકવિધ રૂપો જોવા માટે તેમણે હિમાલયથી વિંધ્યાચળ, નાગાલેન્ડથી થારના રણ સુધી ભ્રમણ કર્યાં. કૉલેજનાં વર્ષોમાં માધવ દોડવીર, તરવૈયા અને ઊંચી કૂદમાં રેકોર્ડ બનાવનાર ખેલાડી હતા. ટેનિસ અને સ્ક્વોશમાં પણ તેઓ પાવરધા હતા. પાણીમાં પરપોટા કાઢતાં અને ફુવારા ઉછાળતાં વ્હેલ માછલીનાં ઝૂમખાં તેમ જ દરિયાના આગિયા જેવા ચમકતા નોક્ટિલુકાને નિરખવાનો રોમાન્સ માધવ માણતા. એક વખત તેઓ જંગલને નિરખવામાં ખોવાઈ ગયા અને અંધારું થઈ ગયું એટલે જંગલી હાથીઓથી બચવા આખી રાત ઝાડ પર રહેવું પડ્યું. બધાં જ જીવો માટે હૈયામાંથી ઊમટતા આવા સ્નેહને બાયોફિલિઆ (biophilia) કહેવામાં આવે છે. ગાડગીળને આ વિભાવના હાર્વર્ડ યુનિવર્સિટીમાં મળી. તે આપનારા જાણીતા પ્રકૃતિવિદ અને જૈવસમાજશાસ્ત્રના આરંભકાર એડવર્ડ ઓ.વિલ્સન સાથે તેમણે હાર્વર્ડમાં ઘનિષ્ઠ કામ કર્યું હતું.

દૂરદૂર ઊડવા છતાં ધાર્યા ફૂલમાંથી મધ એકઠો કરતી મધમાખીની નજર જેવી વેધક દષ્ટિ માધવે કેળવી હતી. વિશ્વવિખ્યાત સંશોધક અને દરિયે જતા માછીમાર બંનેને માધવ એકસરખા સદ્ભાવથી મળતા. તેઓ સાઠ વર્ષ સુધી કુદરતી સંપત્તિ અને તેની સાથોસાથ રહેતા સમુદાયોના સંશોધન માટે ભારતભર ઘૂમ્યા. ભ્રમણ અને સંશોધન દરમિયાન તેમણે માછીમારો,માલધારીઓ,આદિજનો, ગિરિજનો, ભટકતા અને વિમુક્ત સમૂહો, કારીગરો,ખેડૂતો,ખાણિયાઓ એમ અદના સેંકડો માણસો સાથે કામની સાથે નિવાસ-સહવાસ-સદ્ભાવ કેળવ્યો.

ગાડગીળને પ્રગતિશીલતા ગળથૂથીમાં મળી હતી. તેમની આત્મકથામાં એક પ્રસંગ છે. શાળાનાં વર્ષોમાં તેઓ સાતારા હતા ત્યારે એક વાર બંગલાના માળીના દીકરા સાથે ધોમ તડકામાં યવતેશ્વરની ટેકરી પર ફરવા ગયા હતા. તરસ લાગી એટલે તેઓ મંદિર પાસે આવેલા કૂવે ગયા ત્યારે મંદિરના ગોરે પૂછ્યું : 'તમે બ્રાહ્મણ છો ?' માધવે જવાબ આપ્યો : 'અમારા બેમાંથી કોઈ બ્રાહ્મણ નથી.' પરિણામે તરસથી ગળું સુકાઈ ગયું, ઉંબરાનાં ફળ ખાઈને ચલાવ્યું, પણ આભડછેટને મુદ્દે નમતું ન જોખ્યું. માધવનાં મા-બાપે એને શીખવ્યું હતું કે જ્ઞાતિવ્યવસ્થા ભારતીય સમાજને લાગેલો સડો છે. તેના નાનાજી પ્રાર્થના સમાજના સભ્ય હતા. પિતાએ પોતાની ઉંમરના દસમા વર્ષે 'હું કોઈ જ્ઞાતિનો નથી' એમ નક્કી કર્યું હતું. તેઓ ડો. બાબાસાહેબ આંબેડકરના સ્નેહી હતા. બાબાસાહેબ બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યા પછી તરત જ નિર્વાણ પામ્યા. એ સમયે નવબૌદ્ધોને બૌદ્ધ ધર્મની સમજ આપવા માટે ધનંજય ગાડગીળે પૂનાની ગોખલે અર્થશાસ્ત્ર સંસ્થામાં અભ્યાસવર્ગોનું આયોજન કર્યું હતું.

ધનંજયના ચિરંજીવી માધવ આત્મકથામાં લખે છે : ''હું પંદર વર્ષનો થયો ત્યાર સુધીમાં ધર્મ વિશેના મારા વિચારો પાકા થઈ ગયા હતા. હું કોઈ પણ સંગઠિત ધર્મમાં માનતો નથી, અને હું હિન્દુ કે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મુસલમાન કે ખ્રિસ્તી કે બૌદ્ધ નથી.'' અમેરિકામાં ઝળહળતી કારકિર્દી છોડીને સ્વદેશમાં પરત ફરવાના નિર્ણય માટે લેખની શરૂઆતમાં જણાવેલાં કારણો પણ તેમણે આત્મકથાના ચોથા પ્રકરણ 'પરિસંસ્થાનો ઘટક માનવી'માં જણાવ્યાં છે. આત્મકથાના છેલ્લેથી બીજા એટલે કે પચીસમા પ્રકરણ 'સંતપ્ત ધરિત્રી'માં ગાડગીળે ૨૦૨૧ પહેલાંનાં ચારેક વર્ષમાં ભારતમાં આવેલી કેટલીક કુદરતી આપત્તિઓ વિશેનું વિવરણ કર્યું છે, જેમાં વેદનાનો તીવ્ર સૂર છે.

પુસ્તક પ્રકાશિત થયું તે પછીના વર્ષે આવેલી ૩૦ જુલાઈ ૨૦૨૪ની વાયનાડ હોનારત વિશે કશું પુસ્તકમાં ન જ હોય. પણ ૨૪ ઑગસ્ટે 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં લખેલા એક લેખમાં ગાડગીળ નોંધે છે : "Wayanad tragedy exposes the gulf between haves and have-nots' એટલે કે વાયનાડની શોકાંતિકા ગરીબો અને શ્રીમંતો વચ્ચેની ખાઈ બતાવે છે.

અરવલ્લીમાં ખનન અટકાવવા વિશેનો અદાલતનો ચુકાદો ૨૯ ડિસેમ્બરે આવ્યો. અરવલ્લીમાં સરકારના દુરાચાર બાબતે ગાડગીળ નારાજ હોય એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. ચિરવિદાયના ચાર દિવસ પહેલાં એટલે કે ૦૨ જાન્યુઆરીએ તેમણે 'ડાઉન ટુ અર્થ'ના પત્રકાર હિમાંશુ નિતનવરેની સાથે ચાળીસ મિનિટ વાત કરી. તેઓ ઘણા બીમાર હતા તેથી અનેક કોલ્સમાં વાત થઈ. પાંચેક મિનિટના દરેક કોલ બાદ એટલા જ સમયનો વિરામ લેવો પડતો હતો. ગાડગીળે કહ્યું : "Government is known to use institutions to misinform citizens' એટલે કે સરકાર સંસ્થાઓનો ઉપયોગ લોકોને ગેરમાર્ગે દોરવા માટે કરવા ટેવાઈ ગઈ છે. તેમના મતે કેન્દ્ર ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયા, જિઓલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા અને સોઇલ સર્વે ઑફ ઇન્ડિયાનાં સર્વેક્ષણોનો ઉપયોગ તેને સહુથી અનુકૂળ આવે તેવી વ્યાખ્યા માટે કરી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે 'અરવલ્લીના ખોદાણનો શિરસ્તો દેશના બીજા હિસ્સાઓમાં બ્લુ પ્રિન્ટ તરીકે ઉપયોગમાં લેવાશે. વધુ વિસ્તારોમાં ખાણખોદાણ શરૂ થશે.'

પર્યાવરણના આ પ્રબુદ્ધ પ્રહરીની ચેતવણીઓ સાચી પડતી રહી છે.

સૌજન્ય : અંગ્રેજી અને મરાઠી અખબારો તેમ જ માહિતીસ્રોતો — **- સંજય સ્વાતિ ભાવે**

# ભૂમિપુત્ર લવાજમ-વધારો

પ્રિય વાચકમિત્રો,

**આપ** સૌના સાથ-સહકારથી ભૂમિપુત્રનું આ ૭૩મું વર્ષ ચાલી રહ્યું છે. સપ્ટેમ્બર - ૨૦૨૭માં ૭૫મું વર્ષ-અમૃતવર્ષ શરૂ થશે એટલે ભૂમિપુત્ર અમૃત-મહોત્સવ ઉજવણીના આયોજન માટે એક બેઠક ૨૭ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે મળી હતી. એની વધુ વિગતો આગામી અંકમાં આપીશું. આની સાથેસાથે ભૂમિપુત્રના આર્થિક પાસા અંગે કેટલાક નિર્ણયો ગુજરાત સર્વોદય મંડળની બેઠકમાં નક્કી થયા હતા, તેની ટૂંકી જાહેરાત પણ ત્યાં કરવામાં આવી. તે મુજબ જાન્યુઆરી ૨૦૨૬થી ભૂમિપુત્રનું **વાર્ષિક લવાજમ અત્યારે રૂ. ૨૦૦ છે તેના બદલે રૂ. ૩૦૦ અને આજીવન અનામત રૂ. ૨૫૦૦ છે તેને બદલે રૂ. ૪૦૦૦ અને વિદેશનું વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦૦ને બદલે રૂ. ૩૦૦૦** રાખવાનું નક્કી કર્યું છે.

આજીવન ગ્રાહકોને આ લવાજમ વધારા અંગે વ્યક્તિગત પત્ર દ્વારા જાણ કરીને એમણે અગાઉ જમા કરાવેલ લવાજમ સામે હવે તફાવતની કેટલી રકમ મોકલવાની થશે, એ અંગે અલગથી જાણ કરીશું. છેલ્લે આપણે સપ્ટેમ્બર-૨૦૧૬માં લવાજમમાં વધારો કર્યો હતો. તે પછી પેપર, પ્રિન્ટિંગ, બાઇન્ડિંગ ઉપરાંત ખાસ કરીને પોસ્ટલ રવાનગી ખર્ચમાં ઘણો વધારો થયો છે.

ભૂમિપુત્રની નોંધણી કેન્દ્ર સરકારના RNI (રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર ઓફ ઇન્ડિયા) વિભાગ હેઠળ થઈ હોવાથી આપણે અત્યાર સુધી ભૂમિપુત્રના અંકો ઘણા કિફાયત દરે એટલે કે અંક દીઠ ૨૫ પૈસાની ટિકિટ અને હેન્ડલિંગ ચાર્જના ૩૫ પૈસા મળીને કુલ ૬૦ પૈસામાં પોસ્ટ કરી શકતા હતા. ડિસેમ્બર-૨૦૨૪માં આ નિયમમાં ફેરફાર કરીને હવે આ છૂટ માત્ર દૈનિક અને અઠવાડિક સામયિક માટે આપવાનું RNI અને પોસ્ટલ વિભાગ દ્વારા નક્કી થયું છે. એટલે પોસ્ટલ વિભાગે જાન્યુઆરી-૨૦૨૫માં આપણું રજિસ્ટ્રેશન રીન્યુ ન કર્યું. અને તેથી જાન્યુઆરી-૨૦૨૫થી શરૂઆતમાં થોડો વખત પોસ્ટલ વિભાગના પોતાના ઇન્ટરપ્રિટેશન મુજબ અંક દીઠ રૂ ૨ (બે)ની ટિકિટ લગાવીને અને હવે તો રૂ.૪ (ચાર)ની ટિકિટ અને હેન્ડલિંગ ચાર્જના ૩૫ પૈસા મળીને અંક દીઠ રૂ. ૪.૩૫ નો ખર્ચ માત્ર પોસ્ટિંગનો જ આવે છે. અગાઉ અંકદીઠ ૨૫ પૈસાની ટિકિટ મુજબ માત્ર ૪ રૂ.માં કુલ ૧૬ અંક એટલે કે ૮ મહિના ભૂમિપુત્ર મોકલી શકતા હતા તેના બદલે પોસ્ટિંગમાં જ આ તોતિંગ વધારો થઈ ગયો છે.

૨૦૧૬માં લવાજમ વધાર્યું હતું ત્યારે ભૂમિપુત્રનો કાગળ, છપામણી, બાઇન્ડિંગ અને રવાનગીનો વાર્ષિક ખર્ચ ગ્રાહક દીઠ રૂ. ૧૭૦ જેટલો હતો તે વધીને અત્યારે ૨૦૨૬માં લગભગ રૂ. ૩૨૫ જેવો થઈ ગયો છે. જેમાં વાર્ષિક ૨૪ અંકનો રવાનગી ખર્ચ જ રૂ. ૧૦૫.૨૦ (૨૪ x રૂ. ૪.૩૫) જેટલો થઈ ગયો છે ! વળી આમાં વહીવટી ખર્ચ તો હજી ઉમેરાતો જ નથી ! અને વર્ષમાં એકાદ વિશેષાંક કરીએ ત્યારે પણ

☞ (અનુસંધાન બાજુના કોલમમાં)

ખર્ચ વધી જતો હોય છે. અગાઉ ભૂમિપુત્રનું આર્થિક પાસું પુસ્તક પ્રકાશનમાંથી સરભર થઈ જતું હતું. પણ હવે પુસ્તકવેચાણ ઘટવાથી એમાં પણ મુશ્કેલી પડે છે. એટલે એ રીતે જોતાં તો વાર્ષિક લવાજમ રૂ. ૪૦૦ અને આજીવન પણ રૂ. ૫૦૦૦ જેટલું કરવું જોઈએ. પણ વાચકો પર વધુ ભાર ન પડે એવા વિચારથી અત્યારે તો વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦ અને આજીવન અનામત રૂ. ૪૦૦૦ જ રાખવાનું ઠરાવ્યું છે.

જે મિત્રો-શુભેચ્છકો આમાં સ્વેચ્છાએ સહયોગરાશિ મોકલવા ઇચ્છતા હોય એમનું સ્વાગત છે. વળી ભૂમિપુત્રની ગ્રાહક સંખ્યા વધવાથી પણ ખોટ ઓછી થતી હોય છે. એટલે ગાંધી-વિનોબા સર્વોદય વિચારના આ પાક્ષિકના વધુ ને વધુ ગ્રાહકો બનાવીને કે યજ્ઞ પ્રકાશનનાં પુસ્તકોની ખરીદી કરીને પણ તમે અમને મદદરૂપ થઈ શકો છો.

**-સંપાદકો વતી પારુલ દાંડીકર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અરવલ્લી વિવાદ : ખનન, પર્યાવરણ અને સુપ્રીમ કોર્ટ

**અ**રવલ્લી પર્વતમાળા ભારતની સૌથી પ્રાચીન પર્વત-માળાઓમાંની એક છે. ગુજરાતથી રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી-એનસીઆર સુધી ફેલાયેલી આ પર્વતમાળા માત્ર પથ્થર અને ટેકરીઓનો સમૂહ નથી, પરંતુ ઉત્તર ભારતના પર્યાવરણ માટે જીવનરેખા સમાન છે. તે થાર રણના વિસ્તરણને અટકાવે છે, ભૂગર્ભ જળને રિચાર્જ કરે છે, જૈવવિવિધતાને આશ્રય આપે છે અને દિલ્હી-એનસીઆરની હવા શુદ્ધ રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગેરકાયદે ખનન, શહેરીકરણ અને નીતિગત ગૂંચવણોના કારણે અરવલ્લી ગંભીર જોખમમાં આવી ગઈ છે. ૨૦૨૪-૨૫ દરમિયાન આ મુદ્દો ન્યાયતંત્ર, સરકાર અને જનઆંદોલનના કેન્દ્રમાં આવી ગયો. અરવલ્લી પર્વતમાળા પૃથ્વીની સૌથી જૂની પર્વતમાળાઓમાંની એક છે, જેની ઉત્પત્તિ પ્રોટેરોઝોઈક યુગ (૨.૫ અબજથી ૦.૫ અબજ વર્ષ પહેલાં)માં થઈ હતી. આ પર્વતમાળા પ્રાચીન ટેકટોનિક પ્લેટોના અથડામણથી બની હતી અને તે હિમાલય કરતાં પણ જૂની છે. તેની લંબાઈ ગુજરાતના પાલનપુરથી દિલ્હી સુધી ફેલાયેલી છે, અને તેની ઊંચાઈ સરેરાશ ૪૦૦-૬૦૦ મીટર છે, જેમાં સૌથી ઊંચું શિખર ગુરુ શિખર (૧,૭૨૨ મીટર) છે.

અરવલ્લીમાં ખનનનો પ્રશ્ન નવો નથી. અરવલ્લીમાં ખાણકામના વિવાદો ૧૯૮૦ના દાયકાથી શરૂ થયા હતા, જ્યારે રાજસ્થાન અને હરિયાણામાં માર્બલ, ગ્રેનાઈટ અને અન્ય ખનિજોનું વ્યાપારીકરણ વધ્યું હતું. ૧૯૯૦ના દાયકામાં, પર્યાવરણ મંત્રાલય (MoEF) એ અરવલ્લીમાં ખાણકામ પર પ્રતિબંધ લાદ્યા હતા, પરંતુ તેનું અમલીકરણ અસમર્થ રહ્યું. ૧૯૯૦ના દાયકાથી જ ગેરકાયદે ખનન સામે અનેક અરજીઓ દાખલ થતી રહી છે. સુપ્રીમ કોર્ટમાં ચાલતા એમ.સી.મહેતા અને ટી.એન. ગોદાવરમન જેવા કેસોમાં અદાલતે વારંવાર રાજ્યોને ખનનનિયંત્રણ માટે કડક આદેશો આપ્યા. છેલ્લા દાયકાઓમાં અરવલ્લી પર વધતા જતા ખાણકામ અને શહેરીકરણને કારણે તેની પર્યાવરણીય અખંડિતતા જોખમમાં મુકાઈ છે. ૨૦૧૦માં 'Forest Survey of INDIA (FSI)' એ ઢાળ (slope) આધારિત વ્યાખ્યા રજૂ કરી, જેમાં ૩ ડિગ્રીથી વધુ ઢાળ ધરાવતા વિસ્તારોને અરવલ્લીનો ભાગ ગણવામાં આવ્યા.

પર્યાવરણ નિષ્ણાતો આ વ્યાખ્યાને વધુ વૈજ્ઞાનિક અને વ્યાપક માનતા હતા. ૨૦૦૨માં સુપ્રીમ કોર્ટે એમ.સી.મહેતા વિ.યુનિયન ઓફ ઇન્ડિયા કેસમાં પર્યાવરણીય મંજૂરી ન મળી હોય તેવી તમામ ખાણકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો. ૨૦૦૯માં કોર્ટે હરિયાણાના ફરીદાબાદ, ગુરુગ્રામ અને નુહ જિલ્લાઓમાં ખાણકામ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો. ૨૦૧૦થી ૨૦૧૮ વચ્ચે અનેક હુકમોમાં કોર્ટે અરવલ્લીમાં અનધિકૃત ખાણકામને રોકવા અને પર્યાવરણીય પુનઃસ્થાપન માટે આદેશ આપ્યા. સમય જતાં વિવિધ રાજ્યોમાં અરવલ્લીની અલગ-અલગ વ્યાખ્યાઓ લાગુ થવાથી ખનનનિયંત્રણ મુશ્કેલ બન્યું. આ કારણે કેન્દ્ર સરકારે ૨૦૨૪માં અરવલ્લી માટે એકરૂપ વ્યાખ્યા ઘડવાની પ્રક્રિયા શરૂ કરી. પર્યાવરણ, ખનિજ અને ભૂગર્ભ વિભાગોના નિષ્ણાતોની સમિતિ રચાઈ. આ સમિતિમાં જ ચર્ચા દરમિયાન મતભેદ સામે આવ્યા - કોઈ ઊંચાઈ આધારિત માપદંડ તરફ ઝૂકતું હતું, તો કોઈ ઢાળ અને ભૂઆકાર આધારિત વ્યાખ્યાનું સમર્થન કરતું હતું.

લાંબી પ્રક્રિયા બાદ ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે અરવલ્લી માટે નવી એકરૂપ વ્યાખ્યા સ્વીકારી. જે મુજબ આસપાસની જમીન કરતાં ૧૦૦ મીટર અથવા વધુ ઊંચાઈ ધરાવતા ભૂઆકારોને 'અરવલ્લી હિલ્સ' ગણવામાં આવ્યા અને ૫૦૦ મીટરની અંદર આવેલા હિલ્સના સમૂહને 'અરવલ્લી રેન્જ' તરીકે માન્યતા અપાઈ. કોર્ટનો હેતુ ખનન નિયંત્રણ માટે સ્પષ્ટ અને માપી શકાય તેવા માપદંડ લાવવાનો હતો. સાથે જ નવી સામાન્ય ખનન લીઝ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા અને વૈજ્ઞાનિક મેનેજમેન્ટ પ્લાન ફોર સસ્ટેનેબલ માઈનિંગ (MPSM) તૈયાર કરવાનો આદેશ અપાયો. આ આદેશ બાદ તરત જ રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી-એનસીઆરમાં ભારે વિરોધ શરૂ થયો. પર્યાવરણ કાર્યકરોનું કહેવું હતું કે ઊંચાઈ આધારિત વ્યાખ્યા અરવલ્લીના મોટા ભાગના નીચાણવાળા વિસ્તારો - ઢાળ, ખીણો અને નાની ટેકરીઓને સંરક્ષણથી બહાર મૂકી દેશે. કેટલાક અહેવાલોમાં દાવો થયો કે અરવલ્લીનો ૭૦ થી ૮૦ ટકા વિસ્તાર આ વ્યાખ્યા હેઠળ સુરક્ષિત નહીં રહે. મીડિયામાં એવો દાવો પ્રસરી ગયો કે અરવલ્લીનો માત્ર ૮-૯ ટકા વિસ્તાર જ ૧૦૦ મીટરથી વધુ ઊંચો છે. આ આંકડાને આધારે લોકોમાં ભય વધી ગયો કે બાકીના વિસ્તારો ખનન માટે ખુલ્લાા મુકાઈ જશે. જોકે Forest Survey of India એ સ્પષ્ટ કર્યું કે તેણે આવો કોઈ અધિકૃત અભ્યાસ કર્યો નથી. તેમ છતાં ગેરસમજ અને અવિશ્વાસ યથાવત્ રહ્યાં.

કેન્દ્ર સરકારે વારંવાર કહ્યું કે કોઈ નવી સામાન્ય ખનન લીઝ આપવામાં આવશે નહીં, માત્ર ૦.૧૯ ટકા વિસ્તારમાં જ કાયદેસર ખનન છે, જંગલો, ઇકો-સેન્સિટિવ ઝોન અને જળ રિચાર્જ વિસ્તારો સુરક્ષિત રહેશે; પંતુ 'મહત્ત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજ' માટે આપવામાં આવેલી છૂટછાટે શંકા વધારી. લોકોમાં એવો ભય બની રહ્યો કે આ છૂટછાટ ભવિષ્યમાં ખનન માટે દરવાજા ખોલી દેશે. રાજસ્થાનમાં આ મુદ્દે મોટાં પ્રદર્શનો થયાં. પર્યાવરણ કાર્યકરો, સામાજિક સંગઠનો અને સ્થાનિક લોકો રસ્તા પર ઊતર્યા. અરવલ્લીને ''ઉત્તર ભારતનાં હરિયાળાં ફેફસાં'' તરીકે બચાવવાની માંગ ઊઠી. રાજકીય સ્તરે પણ આરોપ-પ્રત્યારોપ શરૂ થયા. જનવિરોધ, વૈજ્ઞાનિક ટીકાઓ અને કાનૂની ગૂંચવણને ધ્યાનમાં રાખીને, ડિસેમ્બર ૨૦૨૫ના અંતમાં સુપ્રીમ કોર્ટે એક અસાધારણ પગલું લીધું. કોર્ટે પોતાનો જ ૨૦ નવેમ્બરનો આદેશ અસ્થાયી રીતે સ્થગિત કર્યો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના નેતૃત્વ હેઠળની બેન્ચે કહ્યું કે ૧૦૦ મીટર ઊંચાઈ અને ૫૦૦ મીટર ક્લસ્ટર જેવા માપદંડોમાં ''રચનાત્મક વિસંગતિ'' છે, જે ખોટા અર્થઘટન અને પર્યાવરણીય નુકસાન તરફ લઈ જઈ શકે છે. કોર્ટે નવી ઉચ્ચસ્તરીય નિષ્ણાત સમિતિ રચવાનો આદેશ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપ્યો, જેમાં ભૂગર્ભશાસ્ત્રી, પર્યાવરણશાસ્ત્રી અને અન્ય નિષ્ણાતો સામેલ થશે. અને સમિતિ બહાર રહી ગયેલા વિસ્તારો, ખનનની પર્યાવરણીય અસર અને અરવલ્લીની પર્યાવરણીય સતતા પર ફરી વિચાર કરશે. ત્યાં સુધી ૨૦૧૦ની FSI વ્યાખ્યા અંતરિમ રીતે લાગુ રહેશે અને કોઈ નવી કે નવીનીકૃત ખનન લીઝ મંજૂર નહીં થાય. આગામી સુનાવણી ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નક્કી કરવામાં આવી છે.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલું બાલારામ-અંબાજી વન્ય-જીવ અભયારણ્ય પણ અરવલ્લી પર્વતમાળાનો મહત્ત્વનો ભાગ છે. આ વિસ્તાર માત્ર વન્ય પ્રાણીઓનું ઘર જ નથી, પરંતુ ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાન માટે પાણી, જંગલ અને પર્યાવરણીય સંતુલન જાળવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. અહીંના પહાડો વરસાદી પાણી જમીનમાં ઉતારવામાં મદદ કરે છે, નદીના વહેણને જીવંત રાખે છે અને હવામાનને સંતુલિત રાખે છે. છતાં, છેલ્લાં ઘણાં વર્ષોથી અહીં અને તેની આસપાસ થતી માઈનિંગ પ્રવૃત્તિઓએ આ સમગ્ર પર્યાવરણીય વ્યવસ્થાને ગંભીર રીતે જોખમમાં મૂકી દીધી છે. વર્ષ ૧૯૯૭માં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા અંબાજી વિસ્તારમાં ૧૯૦ હેક્ટર જંગલ જમીન પર ૪૪ પાર્ટીઓને માર્બલ ખનન માટે મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂરી સાથે સ્પષ્ટ શરતો જોડાયેલ હતી. ખનન બદલ ૪૦૦ હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણ કરવાનું, વન્યજીવોને નુકસાન ન થાય તેવાં પગલાં લેવાનાં અને પાણીના કુદરતી વહેણને અડચણ ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થા કરવાની શરતો મૂકવામાં આવી હતી.

પરંતુ વર્ષો પસાર થયા છતાં આ શરતોનું સંપૂર્ણપણે પાલન થયું નથી. વૃક્ષારોપણ ન થવાથી જંગલ વિસ્તાર ખાલી થતો ગયો અને કુદરતી સંતુલન ધીમે ધીમે બગડતું જાય છે. સમય જતાં ખનન પ્રવૃત્તિઓ માત્ર મંજૂર લીઝ વિસ્તારમાં જ સીમિત ન રહી. પહાડોના ઢાળ પર ખનન થવા લાગ્યું, ખનનમાંથી નીકળેલો કચરો નાળાઓ અને નદીઓમાં બેફામ રીતે ફેંકવામાં આવ્યો અને ઘણી જગ્યાએ સરકારી જમીન પર બથામણો(બળજબરીથી) કબજો પણ થયો. જંગલ વિભાગના જૂના અહેવાલોમાં જ આ વિસ્તારને 'સંવેદનશીલ' ગણાવી ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તે ચેતવણીઓ કાગળ પર જ રહી ગઈ. આ દરમિયાન હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) દ્વારા સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા કે અભયારયણ્યથી ૧ થી ૫ કિ.મી.ના વિસ્તારમાં ખનન પર પ્રતિબંધ રહેશે. છતાં, જમીન પર આ આદેશોનો અસરકારક અમલ થયો નહીં. ઘણાં સ્થળોએ અભયારણ્યની સીમાથી માત્ર ૦ થી ૧ કિ.મી.ની અંદર પણ ખનન ચાલુ રહ્યું, જે અદાલતના આદેશોની સીધી અવગણના છે.

અંબાજી વ્હાઇટ માર્બલને કેન્દ્ર સરકાર દ્વારા ભૌગોલિક સંકેત ટેગ (GI Tag) આપવામાં આવ્યું છે, જે નવેમ્બર ૨૦૨૫માં મંજૂર કરાયું હતું. આ ટેગ અંબાજી માર્બલની વિશેષ સફેદ રંગ, ટકાઉપણું, ઉચ્ચ કેલ્શિયમ અને સિલિકોન ઓક્સાઇડ કન્ટેન્ટને માન્યતા આપે છે, જે તેને મંદિરો, સ્મારકો અને બિલ્ડિંગ્સમાં વપરાતા પ્રમુખ સ્ટોન તરીકે ઓળખાવે છે. GI Tagથી માંગ પણ વધવાની શક્યતા પણ એટલી જ રહેલી છે, જે ખનન પ્રવૃત્તિઓને વેગ આપી શકે છે. તાજેતરના અભ્યાસમાં સંપૂર્ણ અરવલ્લીમાં ખનનથી ૧૨૦થી વધુ તળાવો સુકાઈ ગયાં છે અને જંગલોનો વિનાશ થયો છે. જો નિયમન અયોગ્ય હોય તો, GI Tagનો દુરુપયોગ થઈ શકે છે, જે વધુ અનધિકૃત ખનનને વેગ આપે છે. અંબાજીના માઇન્સ ૧,૨૦૦-૧,૫૦૦ વર્ષ જૂના છે, અને વધુ ડિમાન્ડથી પર્યાવરણીય અસંતુલન વધી શકે છે. જેમાં વિકાસ અને સુરક્ષા વચ્ચે સંતુલનની માંગ છે.

પર્યાવરણની ચિંતા કરતા જાગૃત નાગરિકો દ્વારા કરવામાં આવેલ ફરિયાદોમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે લગભગ બધે જ લીઝ સીમાની બહાર ખનન થયું છે, જંગલ જમીન અને નદીના પટમાં ગેરકાયદેસર રીતે ખનિજ કચરો ફેંકવામાં આવ્યો અને Forest Conservation Act તથા Wildlife Protection Act (કલમ ૨૯)નો ખુલ્લેઆમ ભંગ થયો છે. દસ્તાવેજો પરથી સામે આવ્યું છે કે ૧૮૦થી વધુ માઈનિંગ લીઝો અભયારણ્યની અંદર અથવા તેની ખૂબ નજીક આવેલી છે. અનેક કેસોમાં લીઝો માત્ર ૦ થી ૧ કિ.મી.ના અંતરે છે. જશવંતગઢ, વજાસણા, ધનપુરા, ચીખલા અને કોટેશ્વર જેવાં ગામો સૌથી વધુ અસરગ્રસ્ત થયાં છે. અંબાજી વિસ્તારમાં કુદરત અને લોકો બંને માટે ગંભીર સમસ્યા ઊભી થઈ રહી છે. અંબાજીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે, સ્ટેટ હાઈવે પરથી કોટેશ્વર તરફ જતી નાગણ નદીના પ્રવાહમાં મોટા પ્રમાણમાં માટી અને પથ્થરોનો કચરો નાખવામાં આવી રહ્યો છે. તેના કારણે વરસાદી પાણી પર આધાર રાખીને ખેતી કરનાર આદિવાસી પરિવારો માટે ખેતી કરવી મુશ્કેલ બની ગઈ છે.

ચીખલા-કોટેશ્વર વિસ્તારના ડુંગરોમાંથી પસાર થતી નદીઓ- જે જરીવાવ અને ખોખર બિલ્લી તરફ જાય છે - એમાં મોટા પાયે ડમ્પિંગ થવાથી વન્ય જીવો અને જંગલોને ભારે નુકસાન થઈ રહ્યું છે. નદીઓનું કુદરતી વહેણ અટકાતાં પર્યાવરણનું સંતુલન બગડી રહ્યું છે. આ બધું ત્યારે થઈ રહ્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટના ૧૯૯૫ના આદેશ મુજબ બાલારામ-અંબાજી વન્ય અભયારણ્યની પાંચ કિલોમીટરની હદમાં ખનન પર પ્રતિબંધ છે. છતાં પણ આ વિસ્તારમાં ખનન ચાલુ છે. એટલું જ નહીં, ઈકો-સેન્સિટિવ ઝોનમાં પણ બેરોકટોક ખનન થતું જોવા મળે છે. ખનનમાંથી નીકળતા નકામા પથ્થરો નદીઓમાં નાખવામાં આવતાં, જેટવાસ, કુંભારિયા અને કોટેશ્વર પાસેથી પસાર થતી સરસ્વતી નદીનો પ્રવાહ પણ અવરોધાય છે. પાણીના સ્રોતો પર આ ગંભીર અસર છે. આ બેફામ ખનનનાં પરિણામો આજે જમીન પર સ્પષ્ટ દેખાય છે. કુદરતી નાળાઓ બંધ થઈ ગયાં છે, પાણી પ્રદૂષિત થયું છે અને કેટલીક જગ્યાએ પૂર જેવી સ્થિતિ ઊભી થઈ છે. અંદાજે ૧૫૦૦ કરતાં પણ વધુ વૃક્ષો નષ્ટ થઈ ગયાં છે. સૌથી વધુ નુકસાન આદિવાસી સમુદાયને થયું છે, જેમનું જીવન અને રોજગાર જંગલ પર આધારિત છે. જંગલ નાશ પામતાં તેમની જીવનશૈલી પર સીધી અસર પડી છે.

ગુજરાત જમીન મહેસૂલ કોડ (Bombay Land Revenue Code, 1879 જે ગુજરાતમાં લાગુ છે)ની કલમ 73AA આદિવાસીની જમીનના હસ્તાંતરણ પર પ્રતિબંધ મૂકતી મહત્ત્વની જોગવાઈ છે. આદિવાસી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પોતાની જમીનને અન્ય કોઈને (આદિવાસી હોય કે બિન-આદિવાસી) વેચી, ભેટ આપી, વસિયત દ્વારા આપી કે અન્ય રીતે હસ્તાંતરિત કરી શકતા નથી. આ કાયદો કહે છે કે આદિવાસીઓને પણ પોતાની ખેતીની જમીન હસ્તાંતરણ કરવા કલેક્ટરની પૂર્વમંજૂરી જરૂરી છે, ખેતીની જમીનને બિનખેતી (એન.એ.) બનાવવા માટે પણ પરવાનગી જરૂરી છે, મંજૂરી વિના થયેલ હસ્તાંતરણ અમાન્ય ગણાય છે અને જમીન પાછી લઈ શકાય છે. આ કલમ Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980 દ્વારા ઉમેરવામાં આવી હતી. આ કાયદાનો હેતુ સ્પષ્ટ છે - આદિવાસીની જમીન મોટા વેપારીઓ કે ઉદ્યોગપતિઓના હાથમાં ન જાય, પરંતુ હકીકતમાં થાય છે શું ? કાયદામાં મળેલ છૂટનો ગેરફાયદો લેવામાં આવે છે, આ છૂટનો જ બેફામ રીતે દુરુપયોગ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, ઔદ્યોગિક હેતુઓ માટેના એમેન્ડમેન્ટ્સ (જેમ કે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડના સેક્સન ૬૫-બી) નો દુરુપયોગ કરીને જમીન બોનાફાઈડ ઇન્ડસ્ટ્રીયલ પર્પઝ માટે વેચવાનું કહીને હસ્તાંતરણ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તેનો ઉપયોગ અન્ય હેતુઓ માટે થાય છે.

આદિવાસીઓને રોજગાર અથવા વ્યાવસાયિક તકોની લાલચમાં જમીન વેચવા માટે દબાણ કરવામાં આવે છે. બિન-આદિવાસી વેપારીઓ અથવા કંપનીઓ દ્વારા જમીનને ખરીદીને તેને વ્યાપારિક હેતુઓ (જેમ કે હોટલ્સ, ફેક્ટરીઓ) માટે વાપરવામાં આવે છે (કલેક્ટરની પરમિશન વિના). અર્નેસ્ટ મની ડીડ અથવા અન્ય અનૌપચારિક કરારો દ્વારા જમીનનું પઝેશન ટ્રાન્સફર કરી દેવામાં આવે છે. જે કલમ 73AA નું ઉલ્લંઘન છે અને આદિવાસી પોતાની જ જમીન પર પારકો બની જાય છે. વાઇલ્ડ-લાઇફ પ્રોટેક્ટેડ એરિયાઝ અથવા ટુરિઝમ પ્રોજેક્ટ્સમાં લેન્ડ એલીઅનેશન, જેમાં સંરક્ષણના નામે આદિવાસીઓને બેદખલ કરવામાં આવે છે અને પછી તે જમીનને પ્રવાસન માટે વાપરવામાં આવે છે. ગુજરાતમાં ૨૦,૭૦૪ કેસોમાંથી માત્ર ૧.૮% જ જમીન પરત કરવામાં આવી છે, જે દર્શાવે છે કે કલમનું અમલીકરણ કમજોર છે અને દુરુપયોગ વધુ છે. ગેરકાયદેસર હસ્તાંતરણને ચેલેન્જ કરવાની સમયમર્યાદા માત્ર ૩ વર્ષ છે, જેનો લાભ લઈને ઘણા કિસ્સાઓ અદાલતમાંથી બહાર રહે છે. કેટલાક માને છે કે આ કલમ વિકાસને અટકાવે છે, જ્યારે આદિવાસી-પર્યાવરણ હિમાયતીઓ તેને રક્ષણ માટે જરૂરી માને છે. સરકારી એમેન્ડમેન્ટ્સ (સુધારા)માં ઔદ્યોગિક હેતુઓ માટે છૂટછાટ છે, પરંતુ તેનો દુરુપયોગ વધુ થાય છે.

આટલું ઓછું હોય તેમ તારંગા હિલ-અંબાજી-આબુ રોડ ૧૧૬.૬૫ કિમી (ગુજરાતમાં લગભગ ૮૨ કિમી અને રાજસ્થાનમાં ૩૪ કિમી) રેલવે લાઇન પ્રોજેક્ટને ૨૦૨૨માં મંજૂરી મળી છે, જેનો અંદાજે ₹૨,૭૯૮.૧૬ કરોડ ખર્ચ અને તે ૨૦૨૬-૨૭ સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે. જેનો હેતુ ધાર્મિક તથા પર્યટન વિસ્તારોને રેલવે દ્વારા જોડવાનો છે. ૧૫ નવાં સ્ટેશનો (ગુજરાતમાં ૧૧, રાજસ્થાનમાં ૪), જેમાં વરેઠા, ન્યુ તારંગા હિલ, અંબાજી, પારલી છપરી, સિયાવા, કુઈ અને આબુ રોડનો સમાવેશ થાય છે.૧૧ ટનલ્સ (કુલ ૮.૭૨ કિમી ટનલમાં સફર, એક ટનલ ૮ મીટર ઊંચી), ૮ ઓવરબ્રિજ, ૫૪ અંડરપાસ, ૫૪ મોટા બ્રિજ અને નાના બ્રિજ. કેટલાક અહેવાલો અનુસાર, પ્રોજેક્ટનું ૨૦% કામ પૂર્ણ થઈ ગયું છે (૨૦૨૪-૨૫ના અંત સુધીના અપડેટ). આ પ્રોજેક્ટ પી.એમ. ગતિશક્તિ યોજનાના ભાગરૂપે છે અને ગુજરાત-રાજસ્થાન વચ્ચે સીધી કનેક્ટિવિટી વધારશે. પરંતુ આ પ્રોજેક્ટ અરવલ્લી પર્વતમાળાના પર્યાવરણીય રીતે અતિ સંવેદનશીલ વિસ્તારમાંથી પસાર થતો હોવાથી ચિંતા પણ એટલી જ ઊભી થઈ છે. લાઇનનું અલાઇનમેન્ટ ખનન વિસ્તારો સાથે ઓવરલેપ થતું હોવાથી જમીનખોદકામ, હવા-પાણી પ્રદૂષણ, ભૂગર્ભ જળસ્તર ઘટાડો અને વન્યજીવન પર અસરનો ભય છે. બાલારામ-અંબાજી અભયારણ્યની નજીક હોવાને કારણે જૈવવિવિધતા માટે જોખમ વધે છે. કુલ મળીને, વિકાસની સાથે આ પ્રોજેક્ટથી પર્યાવરણીય નુકસાનની ભયભીતિ સેવાઈ રહી છે.

અરવલ્લી અને બાલારામ-અંબાજી અભયારણ્યનો આ આખો ઘટનાક્રમ એક મહત્ત્વનો પાઠ શીખવે છે. જો જૂની મંજૂરીઓ સાથે જોડાયેલી શરતોનો અમલ ન થાય, અદાલતના આદેશો હોવા છતાં તેનો અમલ ન થાય, તો કાયદાની અસર ખતમ થઈ જાય છે, તેનું પરિણામ લાંબા ગાળે વિનાશક બને છે. આ સમગ્ર મામલો માત્ર કાનૂની મુદ્દો નથી. તે પર્યાવરણ, જળ, જંગલ અને માનવજીવન સાથે જોડાયેલો પ્રશ્ન છે. વન્યજીવ અભયારણ્યને બચાવવું માત્ર સરકાર કે કાયદાની જ ફરજ નથી, પરંતુ સમાજ અને આવનારી પેઢીઓ પ્રત્યેની જવાબદારી છે. જો જંગલ, નદીઓ અને પહાડો બચશે, તો જ પાણી, હવા અને જીવન ટકશે. બાલારામ-અંબાજીનો પ્રશ્ન ભલે સ્થાનિક લાગે, પરંતુ તેનો સંદેશ સમગ્ર ગુજરાત અને દેશ માટે અત્યંત મહત્ત્વનો છે. જંગલ બચશે તો જ જીવન બચશે. કુદરતને માત્ર માપદંડો અને આંકડાઓમાં કેદ કરી શકાતી નથી.

વિકાસ અને સંરક્ષણ વચ્ચે સંતુલન માટે વૈજ્ઞાનિક સમજ, લોકભાગીદારી અને ન્યાયિક સંવેદનશીલતા જરૂરી છે. અરવલ્લી બચશે તો જ પાણી, હવા અને ભવિષ્ય બચશે. **અરવલ્લી છે તો આપણે છીએ.** આ લડાઈ માત્ર પર્વતમાળાની કે જળ, જંગલ, જમીનની નથી; તે આવનારી પેઢીઓના જીવનની લડાઈ છે. લોકોને આશા છે કે સર્વોચ્ચ અદાલત આ સમગ્ર મુદ્દાને ગંભીરતાથી લઈ, તળેટીમાં રહેતા લોકોની હકીકત, જૈવ વિવિધતા, વન્ય જીવો અને પાણીના સ્રોતોને ધ્યાનમાં રાખીને લોકો સાથે ચર્ચા કરીને યોગ્ય અને ન્યાયસંગત નિર્ણય લેશે.

(પાલનપુર વિકાસ સમિતિ) **- હિદાયત પરમાર**

## વણાટ માટેની શક્યતાઓ

ગુજરાત અને દેશમાં હવે વ્યક્તિગત કાંતનારાની સંખ્યા ઓછી થતી જાય છે અને જે થોડા લોકો કાંતે છે તેમને તેમનું સૂતર વણાવવાની મુશ્કેલી ઊભી થાય છે. આ તકલીફ ઓછી કરવા સર્વોદય આશ્રમ-વાલમે તૈયારી બતાવી છે. પરંતુ તે માટે તેમને પૂરતા પ્રમાણમાં સૂતર મળી રહે તે જરૂરી છે. જે મિત્રો અત્યારે પેટી ચરખા કે અંબર ચરખા પર કાંતે છે તેઓ નીચેના નંબર પર જાણ કરશે તો આ બાબતમાં સર્વોદય આશ્રમ-વાલમ સાથે સંકલન કરી આગળ વધી શકાશે. વૉટ્સ અપ નંબર ૯૫૫૮૮૫૧૭૭૧.

**- ડૉ. જગદીશ પરીખ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અલવિદા મનરેગા ?

**કોઈ** પણ કાયદો કે યોજના જે-તે દેશ (શાસન) પોતાના દેશવાસીઓના ભલા માટે, તેના રક્ષણ માટે, પ્રગતિ માટે બનાવે છે એવી સાદી સમજણ આપણી છે. ભારતનું બંધારણ તેનું એક ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. ભારતનું બંધારણ બંધારણસભા (Constituent Assembly) ના ૨૯૯ સભ્યો દ્વારા લગભગ ત્રણ વર્ષ સુધી ચાલેલી ચર્ચાના આધાર પર ડૉ. ભીમરાવ આંબેડકરના વડપણ હેઠળ બનેલી કમિટી દ્વારા ઘડવામાં આવ્યું હતું. બંધારણ સભાએ અગ્યાર સત્રમાં બંધારણ અંગે ચર્ચા કરી હતી જે કુલ ૧૫ દિવસ સુધી ચાલી. ડૉ. આંબેડકર ભારતના પ્રથમ પ્રધાનમંડળના કાયદા અને ન્યાયના મંત્રી હતા અને તેઓ એક અભ્યાસુ કાયદાશાસ્ત્રી પણ હતા. આપણું બંધારણ ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ લાગુ પડ્યું અને ભારત પ્રજાસત્તાક દેશ બન્યો.

દેશની પરિસ્થિતિ, સમય-સંજોગો બદલાતાંની સાથે તેના નાગરિકોની સુખાકારી માટે કાયદાઓમાં ફેરફાર કે નવા કાયદાઓ બનાવવામાં આવે છે. તેને માટે વિગતે અભ્યાસ, ચર્ચા-વિચારણા, સલાહ-સૂચન અને સંસદનાં બંને ગૃહોમાં ચર્ચાને અંતે આમ કરવામાં આવે છે. ભારતમાં આપણે જોયું કે ૨૦૦૫-૨૦૦૬માં ત્રણ પ્રગતિશીલ કાયદાઓ આવ્યા. માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫, વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરેંટી અધિનિયમ ૨૦૦૫ MGNREGA. આ કાયદાઓ સૈદ્ધાંતિક રીતે દેશની લોકશાહીને વધુ મજબૂત બનાવનારા હતા અને વ્યવહારુ રીતે જોઈએ તો નાગરિકોને વધુ અધિકારો આપનારા હતા. અને તેથી જ આ કાયદાઓ પ્રગતિશીલ કાયદાઓ હતા. અહીં એ જરૂર નોંધીએ કે આ કાયદાઓ બન્યા તેમાં દેશની અનેક સ્વયંસેવી સંસ્થાઓનો સિંહફાળો રહ્યો છે. તેને માટે આંદાલનો પણ થયાં અને આ કાયદાઓના ડ્રાફ્ટીંગમાં પણ ગણ્યમાન્ય કર્મશીલોએ પોતાનું યોગદાન આપ્યું હતું.

આજે આ બધું યાદ કરવું પડે છે તેનું ખાસ કારણ છે. ગઈ ૧૫મી ડિસેમ્બરે અચાનક કોઈ ચર્ચા કે પરામર્શ વિના મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ રદ કરી દેવામાં આવ્યો. જે કાયદો લાંબી પ્રક્રિયા દ્વારા જાહેર વિચાર-વિમર્શ પછી બનાવાયો હતો, જેમાં સામાજિક સંસ્થાઓ, આંદોલનો, નેશનલ એડવાઈઝરી કાઉન્સિલ, પ્રધાનમંત્રી કાર્યાલય, કેન્દ્રિય મંત્રીઓ, સંસદ તેમજ એક સક્રિય સ્ટેન્ડીંગ કમિટી જેના પ્રમુખ હતા ભારતીય જનતા પાર્ટીના નેતા કલ્યાણસિંહજી - આ બધા સામેલ હતા. આ એક એવી પહેલ હતી જેમાં નિર્ણય લેતી વખતે (કાયદો બનાવતી વખતે) પક્ષોથી ઉપર ઊઠીને સંસદમાં બધાના સહકારથી આ કાયદો પસાર થયો હતો.

પ્રતાપ ભાનુ મહેતા, જેમને શ્રી પ્રકાશ શાહ ‘લોકશાહીનો સજગ અવાજ’ કહે છે, તેમના મતે ‘‘જો અર્થશાસ્ત્ર અને નીતિની સકારાત્મક અસરોના મેળાપ માટે કોઈને નોબેલ પ્રાઈઝ આપવાનું હોય તો MGNREGA ના રચયિતાઓ ખૂબ સબળ ઉમેદવાર છે.’’ તેઓ કહે છે, ‘‘તમને ભાગ્યે જ કોઈ આવો જાહેર કાર્યક્રમ મળી આવશે જે આટલી કુનેહથી બનાવવામાં આવ્યો હોય અને તે અસરકારક પણ સાબિત થયો હોય. પરંતુ કમનસીબે ઘણી વાર તેને માત્ર એક કલ્યાણયોજના તરીકે જોવામાં આવ્યો છે. અથવા તો તેને એક આકર્ષક રાઈટ-બેઝ્ડ યોજના તરીકે લેબલ કરી દેવાય છે. પરંતુ ખરેખર MGNREGA ગરીબી હટાવવા માટેની એક ક્રાંતિકારી યોજના છે.

જાહેર યોજનાઓને લાગે વળગે છે ત્યાં સુધી MGNREGA એ કદાચ સૌથી વધુ અભ્યાસ થયેલ યોજના હશે. તેની ડિઝાઈન, અમલીકરણ અને તેની અસરો વિશે સેંકડો શૈક્ષણિક (academic) પેપર્સ લખાયાં છે. શરૂઆતમાં જે વિદ્વાનો આ અંગે શંકાઓ વ્યક્ત કરતા હતા તેમણે પણ હવે કહ્યું છે કે આ યોજના ખૂબ જ સફળ થઈ છે. ઝીણવટપૂર્વક કરેલા અભ્યાસોમાં કાર્થિક મુરલીધરન, પૉલ નીહાસ અને સંદીપ સુખનાનકરનો અભ્યાસ ખૂબ જ નોંધપાત્ર છે. તેમનું તારણ યોજનાથી થનારા સીધા લાભોથી આગળ જઈને જણાવે છે કે ‘તેને કારણે સામાન્ય સંતુલન પર નોંધપાત્ર અસર થઈ છે. કુટુંબની આવકમાં ૧૪ ટકાનો વધારો નોંધાયો છે અને ગરીબીમાં લગભગ ૨૬ ટકાનો ઘટાડો થયો છે. આ યોજનાને લીધે મજૂરો પોતાના વેતનનો સોદો વધુ સક્ષમતાથી કરી શકે છે. અને તેથી સ્થાનિક રોજગારીની માંગ પણ વધી છે અને રોજ પણ વધારે મળવા માંડ્યો છે. પરિણામે ખેતી સિવાયનાં કામોમાં પણ વધારો નોંધાયો છે.

૨૦૧૧-૧૨માં એટલે કે યોજના અમલમાં આવી તેનાં છ વર્ષ પછી ધ્યાનમાં આવી ગયું હતું કે આ કાર્યક્રમ ખૂબ સારો ચાલી રહ્યો છે. MGNREGA ને કારણે ૫ કરોડ કુટુંબોને ૨૦ કરોડથી વધુ માનવદિનનું કામ મળ્યું હતું, જેમાં અડધો અડધ સંખ્યા બહેનોની હતી તેમજ ચાલીસ ટકાથી વધુ દલિત અને આદિવાસીઓને કામનો લાભ મળ્યો હતો. આ બધા સરકારી આંકડાઓ ઘરે-ઘરે જઈને કરાયેલા સ્વતંત્ર સર્વેના આંકડાઓ અને નેશનલ સેમ્પલ સર્વેના ૬૮મા રાઉન્ડના આંકડા તેમજ ખાસ કરીને ભારતીય હ્યુમન ડેવલપમેન્ટ સર્વે એ બધા જ આ આંકડાઓ સાથે મેળ ખાય છે.

આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે કોવિડ દરમ્યાન જ્યારે બધું જ ઠપ થઈ ગયું હતું, સ્થળાંતરિત મજૂરો ગમે તેમ કરીને પોતાના વતન પહોંચ્યા હતા (જે પહોંચી શક્યા !) તેમને પણ આ યોજના જ આખરે કામ લાગી હતી. હા, એ કબૂલવું જોઈએ કે દરેક યોજનાની જેમ આ યોજનાના અમલીકરણના પણ પોતાના પ્રશ્નો, ભ્રષ્ટાચાર વગેરે હતા જ. છતાં, ગ્રામીણ વિસ્તારોમાં કોવિડ-૧૯ દરમિયાન તો જીવન જીવવા માટે એક મહત્ત્વનો આધાર બની રહ્યો - જ્યારે કોઈ કામ મળી શકે તેમ ન હતું ત્યારે MGNREGA ગરીબ લોકોના એકમાત્ર સહારારૂપ બની રહ્યું તે વાત ભૂલવી જોઈએ નહીં.

આ યોજનાનું બીજું એક મહત્ત્વનું પાસું એ હતું કે તેમાં લોકો/ગામ કામની માંગણી કરી શકતા હતા. તેની આ વિશેષતાને લીધે તે ખૂબ લોકપ્રિય બની. આ બાબત યોજનાને લચીલી બનાવતી હતી અને સ્થાનિક સંજોગો, બદલાતી આર્થિક પરિસ્થિતિ પ્રમાણે તેનો ઉપયોગ થઈ શકતો હતો. લોકોને એવો ભરોસો બેસવા માંડ્યો હતો કે કંઈ નહીં તો (આ યોજનાને લીધે) સરકાર તો અમને રોજી આપશે જ. આ બહુ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મોટી વાત હતી. સૈદ્ધાંતિક રીતે જોઈએ તો આ યોજનામાં ઘણા સુધારા થઈ શકે તેમ હતા. દા.ત. વધારે કૌશલ્યો શીખવવાં કે યોજના દ્વારા ટકાઉ જાહેર કામો કરવાં વગેરે. પરંતુ આ યોજનામાં રહેલી સરળતા એ જ તેની વિશેષતા પણ હતી. તેને લીધે તે આમ જનતા સુધી પહોંચી હતી. અને અસરકરાક બની હતી.

તો પછી અચાનક ૧૫મી ડિસેમ્બરે શું થયું ? આ યોજના રદ્દ કેમ કરવામાં આવી ? તેની જગ્યાએ નવો ખરડો રજૂ કરવામાં આવ્યો છે, જેનું નામ છે 'વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)' - ટૂંકમાં 'VBGRAM G'. આ ખરડા અંતર્ગત જેમ MGNREGA હેઠળ કામની માંગણી કરી શકાતી હતી તે હવે કરી શકાશે નહીં - કામના અધિકારની જે વાત પ્રસ્થાપિત થઈ હતી તેને નવા ખરડામાંથી કાઢી નાંખવામાં આવી છે. બીજું, કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકીય ભંડોળ પૂરું પાડનારી - માંગણી પ્રમાણે ચાલનારી આ યોજના જેમાં દેશના કોઈ પણ ખૂણા (ગ્રામ્ય-વિસ્તાર)માં દરેક કુટુંબને ૧૦૦ માનવદિનના કામની બાંહેધરી આપવામાં આવતી હતી તેને રદ્દ કરવામાં આવી છે. નવો ખરડો MGNREGA ને તો રદ્દ કરે જ છે સાથેસાથે કાયદાએ આપેલી બાંહેધરી પણ રદ્દ કરે છે, તેની જગ્યાએ નવી યોજના, જે કોઈ બાંહેધરી આપતી નથી તેને લાવવામાં આવી રહી છે. આપણને ફરીથી MGNREGA આવ્યું તેના પહેલાંના કાળમાં લઈ જવામાં આવી રહ્યા છે.

નવા ખરડામાં જે ચાર જોગવાઈઓ મૂકવામાં આવી છે તે જોઈએ:

સેક્શન ૪(૫) : કેન્દ્ર નક્કી કરશે કે કેટલું (કેટલા માનવદિન) કામ આપવું.

સેક્શન ૫(૧) : કેન્દ્ર સરકાર જ્યાં જાહેરનામું બહાર પાડશે ત્યાં જ આ કાયદા હેઠળ કામ મળી શકશે. એટલે કે આખા દેશના કોઈ પણ ખૂણે (ગ્રામ્યવિસ્તાર) કામ મળવાની જે વાત હતી તે હવે થઈ શકશે નહીં. અને જાહેરનામું બહાર પડ્યા પછી પણ જે-તે રાજ્ય સરકારોએ ૧૨૫ દિવસનું કામ આપવાનું રહેશે. આ ૧૨૫ દિવસની વાત પણ ગેરમાર્ગે દોરનારી છે કારણ કે હકીકતમાં તો જૂની યોજના હેઠળ ૫૦ થી ૫૫ દિવસનું જ કામ છેલ્લાં પાંચ વર્ષમાં લોકોને મળી શક્યું છે.

સેક્શન ૪(૬) ; કામ માટેનાં ધોરણો કેન્દ્ર સરકાર નકી કરશે પરંતુ તેને માટેનાં નાણાંની વ્યવસ્થા રાજ્ય સરકારે કરવાની રહેશે. એટલે જે કોઈ રાજ્યસરકાર તેના પોતાના સ્રોતોથી ગ્રામ્ય વિસ્તારની બેરોજગારી દૂર કરવા માટે રોજગારી માટેની વધુ મજબૂત અને સહુને પહોંચનારી યોજના બનાવે તો પણ તેના માટેના નિયમો તો કેન્દ્ર સરકાર જ નક્કી કરશે.

સેક્શન ૨૨(૨) : આ કાયદા હેઠળ જે કામો થશે તેમાં કેન્દ્ર અને રાજ્યનો નાણાંકીય ફાળો ૬૦:૪૦નો રહેશે. ઉત્તરપૂર્વ અને કેન્દ્ર-શાસિત પ્રદેશોમાં ૯૦:૧૦નું પ્રમાણ રહેશે. MGNREGA માં કેન્દ્ર ૧૦૦% નાણાં મજૂરી માટે ચૂકવે તેવી જોગવાઈ હતી. જે કામોમાં માલ-સામાનની જરૂર હોય તેમાં પણ કેન્દ્રનો ફાળો ૭૫% જેટલો રહેતો હતો. આ ઉપરાંત કેન્દ્ર સરકાર બેરોજગારી ભથ્થાની જવાબદારી પણ ઉપાડતી હતી.

જ્યાં બધું નિયંત્રણ (કંટ્રોલ) કેન્દ્ર સરકારનું હોય તેવે સમયે રાજ્ય સરકાર શા માટે ૪૦ ટકા જેટલું ભંડોળ આ યોજના માટે વાપરશે? આમ એક રીતે જોઈએ તો આ યોજના મૃતપ્રાય બની જશે. કારણ કે તેમાં ન રોજગારીની બાંહેધરી છે, ન પૂરતાં નાણાં. આ ખરડા અંગેની સંપૂર્ણ સત્તા કેન્દ્ર સરકાર પાસે રહેશે પરંતુ કોઈ જવાબદેહી નહીં. બધી જ જવાબદારીઓ - પછી તે કામ આપવાનું હોય, બેરોજગારી ભથ્થું હોય, મોડા મળનાર વેતન માટે વળતર આપવાનું હોય કે પૂરતા ફંડની વ્યવસ્થા કરવાની હોય - રાજ્ય સરકારોને માથે નાંખી દેવાઈ છે.

એ વાતની કોઈ ખાતરી પણ નથી કે કેન્દ્ર સરકાર આ યોજના માટે પૈસા આપશે. આ વાત કાલ્પનિક નથી. છેલ્લાં ત્રણ વર્ષમાં પશ્ચિમ-બંગાળને તેનો અનુભવ થઈ ગયો છે. અહીં MGNREGA માટે નાણાં આપવાનું છેલ્લાં ત્રણ વર્ષથી (કેન્દ્ર સરકારે) બંધ કરી દીધું હતું જેનું સ્પષ્ટ કારણ આજ સુધી જાણવા મળ્યું નથી, સંસદમાં પ્રશ્ન પૂછવામાં આવ્યા છતાં ત્યાં પણ જવાબ મળ્યો નથી. શું રાજકીય કારણોસર જ આમ કરવામાં આવ્યું હતું ?

આગળ જણાવ્યું તેમ આ યોજનાનો અમલ **ક્યાં** અને **ક્યારે** કરવો તે પણ કેન્દ્ર સરકાર જ નક્કી કરશે. આ રીતે 'સ્વીચ ઓન અને ઑફ' કરવાની જોગવાઈ રોજગાર માટેની બાંહેધરીના હેતુ માત્રને જ ખતમ કરે છે. માત્ર શબ્દોની રમત જાણે કે આ નવા કાયદામાં દેખાય છે. કોઈ બાંહેધરી લાગુ પડ્યા વગરની બાંહેધરી આપવાની વાત થતી હોય તેવું લાગે છે.

નવા કાયદા પ્રમાણે જે રીતે નાણાં ફાળવવામાં આવનાર છે તેને લીધે તો MGNREGA કાયદો સાવ જ નબળો પડી જશે. કારણ કે અગાઉ કેન્દ્ર સરકાર મોટાભાગનો ખર્ચ (૯૦%) ઉઠાવતી હતી. રાજ્ય સરકારો માટે ઓછા ખર્ચે સારાં કામો કરવાની આ એક ઉજ્જ્વળ તક હતી, જે તેઓ જતી કરવા માંગતાં નહીં. પરંતુ હવે ૪૦ ટકા જેટલો ખર્ચ રાજ્યોએ કરવાનો છે, ખાસ કરીને ગરીબ રાજ્યો માટે આ યોજના ચલાવવાનું અઘરું બની જશે.

MGNREGA ખરા અર્થમાં 'લોકોનો કાયદો' હતો. એનો પાયો હતું આ સૂત્ર (નારો) :

'હર હાથ કો કામ દો, કામ કા પૂરા દામ દો...'

આ કાયદાનું વિશેષ ઐતિહાસિક મહત્ત્વ પણ હતું કારણ કે ૨૦૦૫માં બધી પાર્ટીઓની સર્વસંમતિથી તે સંસદમાં પસાર થયેલો. આ કાયદો રદ્દ થતાં જાણે કે એક યુગનો અંત લાવી દેવાયો છે. તે માત્ર રાજ્ય સરકારોને જ નહીં, લોકોને-ગ્રામીણ લોકોને જેઓ સતત કામની શોધમાં રહે છે તેમને પણ નિરાશામાં ધકેલશે - સિવાય કે કૃષિ કાયદાઓની જેમ નવો કાયદો પણ રદ્દ કરવામાં આવે. એટલું જ નહીં, MGNREGA માં આવનારી અમલીકરણની મુશ્કેલીઓ દૂર કરીને તેના દિવસો વધારીને ૧૨૫ કરી દેવામાં આવે ! આશા રાખીએ કે જનતાનો અવાજ સરકાર સુધી પહોંચે અને તેને જનતાના કલ્યાણ માટેના નિર્ણયો લેવાની સદ્‌બુદ્ધિ મળે !

(સમાચારો પરથી સંકલિત) **- સ્વાતિ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# બારીમાં આખ્ખું આકાશ !


**આજે** અમે જે પુસ્તક પરિચય કરાવવાના છીએ એનું કથા-બીજ થોડુંક અસ્પૃશ્ય છે. પણ એથી જ એ નોખું અને આગવી ભાત પાડનારું છે. ઓછાં પાત્રોથી ભરેલું. પિતા-પુત્રીના લાગણીસભર સંબંધની કથા કહેતું. સૌના સ્વીકારભાવથી ભરેલું છે. એનો અમને સવિશેષ આનંદ છે.

આની પુષ્ટિ કરતું જિસસે કહેલું યાદ આવી ગયું. ''તારા પડોશીને પણ તું તારી જાત જેવો-જેટલો જ પ્રેમ કર !'' સૂક્ષ્મ દૃષ્ટિએ તો મારી આસપાસ ધબકતી દરેક ચેતના મારી પડોશી છે. હું અને તું અને અન્ય સૌ એક જ ચૈતન્યનો વિસ્તાર છીએ તેને સમજીએ, સ્વીકારીએ અને પામીએ. આ પૃથ્વી પરની સૌથી ઝડપથી લુપ્ત થતી પ્રજાતિ તો માનવીય સંવેદનશીલતા જ છે. મારી સામે આવીને ઊભો છે તે માનવી પણ આઠ અબજની માનવવસ્તીનો પ્રતિનિધિ છે. ચાલો, તેને સમગ્રતાથી ચાહીએ. કદાચ, આ સદ્‌ભાવના વિશ્વભાષા છે. (અનહદ બાની, સુભાષ ભટ્ટ, ડિસેમ્બર ૨૦૨૫ નવનીત સમર્પણ)

આ આખી કથા લખતી વખતે રામ મોરી લખે છે કે ''સંવાદ એ એવી કલા છે જે કદાચ વારસામાં નથી મળતી. પણ એને વિકસાવી શકાય છે. સંવાદ એ દવા છે, જે સંબંધોમાં લાગેલી નારાજગી નામની બીમારીનો રામબાણ ઇલાજ છે.'' એ નીચેના સંવાદમાં સરસ પ્રગટ થઈ છે.

રણજિતને એક વખત એક નાનકડી છોકરી મળે છે. ''બેટા શું થયું ? મે આઈ હેલ્પ યૂ ?''.... મારું નામ આહના છે. અંકલ મારા શુઝની લેસ ખૂલી ગઈ છે.... આર્મીના શૂઝની લેસ બાંધવાના કાયમી અનુભવને લઈને એમણે ગાંઠ બાંધી. પેલી નાનકડી આહના ચિલ્લાઈ ''આહ અંકલ શું કરો છો ?'' તને હેલ્પ કરું છું. હેલ્પ કરો છો કે પનિશ કરો છો ?.... એમને (રણજિતને) નાની હતી તે પુત્રી અનિકા યાદ આવે છે. પૂછે છે બોર્ડિંગ સ્કૂલમાં ભણતી ત્યારે તારા સ્કૂલ શુઝની લેસમાં ફ્લાવર નોટ કોણ બાંધી આપતું ? અવાજમાં જરાય કડવાશ ન આવે એની પૂરતી કાળજી રાખીને એ બોલી : ''બાબા એ વખતે હું વેલ્ક્રો શૂઝ પહેરતી !'' આ છે સંવાદની કલા.

આ નવલકથા જે વાત લઈને આવે છે તે વાંચતાં કદાચ મારું અને તમારું મન આ કથાબીજ પ્રત્યે મોઢું ફુંગરાવે - મચકોડે. પણ વિચાર કરતાં રામ મોરીની વાત અમને સાચી લાગે છે. વૈવિધ્ય એ પ્રકૃતિની ડિઝાઈન છે, સૃષ્ટિનું સનાતન સત્ય છે. દરેક સમુદાયના-સમાજના, ખાસ કરીને અંત્યજો, મૂક-બધિર, વિધવા સ્ત્રીઓ, વિસ્થાપિતો વગેરેના પ્રશ્નો છે. પીડા છે. એ અંગે આપણી સંવેદનાઓ થોડી જાગ્રત થઈ છે પણ રામ મોરીએ જે વાત મૂકી છે તે એવા સમાજની છે જેને સર્વસ્વીકૃતિ નથી મળી. આ છે ગે-લેસ્બિયન સમાજ, જેમાં પિતા (રણજિત), પુત્રી (અનિકા), માતા (કલ્યાણી), ડૉક્ટર (આદિત્ય કશ્યપ) જેવાં બીજાં કેટલાંક પાત્રો દ્વારા આ કથાની માંડણી થઈ છે. તેમાં ભારોભાર સંવેદના છે, જે હૃદયને સ્પર્શી જાય છે. ક્યારેક આંખો પણ ભીની કરે તેવી છે.




ક્યાંય અશ્લીલતા, કામુકતા કે વધુ બળકટ શબ્દો કે વર્ણનોની ભરમાર નથી. આ કથા વર્ષોથી થીજેલા સંબંધોની છે. સ્વીકાર કે અસ્વીકાર વચ્ચે સંવાદ થકી રચાતા પ્રયત્નની છે. અહીં સંબંધો સફળ થયા કે નિષ્ફળ, એની ચર્ચા આ કથા નથી છેડતી, પરંતુ એ પાત્રો એકબીજાની સાથે જોડાવા કે ટકી રહેવા જે મથામણ કરે છે એ ગડમથલની છે.

માતા કલ્યાણી ચિત્રકાર છે. પિતા રણજિત આર્મી ઑફિસર છે. તે સિયાચીનની પર્વતમાળાઓમાં કાર્યરત છે. પુત્રી અનિકા નાની વયે જ ભણવા દેહરાદૂનમાં હૉસ્ટેલમાં રહે છે. દરેકનું પોતપોતાનું અને આગવું આકાશ છે. એક સમયે એ ત્રણે જણનું આકાશ અલગ થયું. માતા ચિત્રોની દુનિયામાં નામના મેળવવા દિલ્હી ગયાં. પિતા, ફરજને લઈને દેશસેવા માટે સિયાચીન અને દીકરી ભણવા દહેરાદૂન. જે દિવસે અલગ થયાં ત્યારે ત્રણેનો સામાન નોખો નોખો સંકેલાયો. અને એ દિવસે ડેલહાઉસી શહેરની એક ટેકરી પર બનેલા ઘરની ત્રણ ભીંતો નોખી પડી.

સામાન પૅક થયો. સામાનમાં સૌએ પોતપોતાનું જરૂરી અને આવશ્યક મૂક્યું. બધું એકઠું થયું પણ કોઈએ સામાનમાં ઘર ન ભર્યું. સૌની આગવી અને પોતપોતાની દુનિયા. પોતાના રસ્તે ગયા. એની વાત વિગતે કરીએ.

''હિમાચલના પ્રદેશમાં ધરમશાલાથી ઉપર પહાડોમાં ત્રીસેક મિનિટનો રસ્તો પાર કરીએ એટલે આવે પહાડોમાં વસેલું ગામ નડ્ડી. તેથી દૂર પહાડોમાં લાકડાના બનેલા એક નાનકડા વુડનહાઉસને મેજર રણજિતે પોતાનું સરનામું બનાવ્યું છે. શરૂ શરૂમાં આ વૂડનહાઉસમાં એક ચોક્કસ ગંધ ઊઠતી. રણજિતને લાગ્યું કે વરસાદથી ફૂલેલા લાકડાની ગંધ હશે, પછી થયું ચામડાનાં જૂતાંમાંથી આ ગંધ ઊઠે છે. પછી એણે માન્યું કે કદાચ છત માથે કોઈ અજાણી પહાડી વેલ પાંગરી છે એની આ ગંધ હશે. અને એક દિવસ મેજર રણજિતને સમજાઈ ગયું કે આ તો એકલતાની ગંધ છે. સિયાચીનના પહાડોએ જાત સાથે જીવવાનું શીખવાડી દીધું, પણ એકાંત અને એકલતાનો ભેદ ભૂંસાઈ ગયો. રણજિતને ક્યારેય કોઈએ શીખવ્યું જ નહોતું કે ભીતર જે અનુભવાય છે એને બોલીને કે સ્પર્શીને કેવી રીતે વ્યક્ત થઈ શકાય !''

કલ્યાણી સદાય સ્વકેન્દ્રી રહી છે. પોતાના મનની વાત ઢાંકી રાખવામાં કાયમ સફળ રહી છે. સામાવાળો માણસ આપણી ભીતર ચાલતી ગડમથલને પામી ન જવો જોઈએ એવું એ સ્પષ્ટપણે માનનારી. એની આસપાસ સદાય લોકોનું ટોળું રહેતું. એનાં ચિત્રો વિશે ક્રિટીક્સ (વિવેચક)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કલાકો સુધી ચર્ચા કરતા. એનાં પેઇન્ટિંગ્સનાં (ચિત્રોનાં) કંઈ કેટલાંય સફળ પ્રદર્શનો થઈ ચૂક્યાં છે. કાયમ લોકોથી ઘેરાયેલી, અને તો પણ એ એકલી જ રહી – પતિ અને પુત્રીથી.

એક દિવસ અનિકા માતા-પિતાને સંદેશો પાઠવે છે, ''ડિયર બાબા અને મા, આ મૅસેજ સવારે તમે વાંચશો ત્યારે હું ત્રીસની થઈ ચૂકી હોઈશ. મારે એક કન્ફેશન કરવું છે. હું પ્રેમમાં છું. પણ હું જેને પ્રેમ કરું છું એ કોઈ છોકરો નથી; એક છોકરી છે. મને છોકરાઓ નથી ગમતા ! તમને ગમે કે ન ગમે પણ હું આ છું.'' આ વાંચી કલ્યાણી હેબતાઈ જાય છે. રણજિતને ફોન કરી બોલાવે છે કે કલ્યાણી શ્રોફની દીકરી લેસ્બિયન ? મારી આબરુ જશે. સમાજને શું જવાબ આપીશું? તમે તાત્કાલિક અનિકા પાસે પહોંચો. એને પાછી વાળો.

અહીંથી કથા એક નવો વળાંક લે છે. જેમાં પિતા-પુત્રીનું મિલન, બંનેનો એકબીજા માટેનો અત્યંત પ્રેમ. પિતા આ વિષય અંગે સમજ કેળવવાની અને વિગતે સમજવાની કોશિશ કરે છે, તે માટે સેક્સ્યુઆલિટી નિષ્ણાત ડૉ. આદિત્ય કશ્યપનો સંપર્ક કરે છે. વારંવાર જઈ પ્રશ્નો પૂછે છે. આ લેસ્બિયન એટલે શું ? તેનાં લક્ષણો શું ? આ કોઈ રોગ છે ? વગેરે વગેરે. એ જિજ્ઞાસા ડૉક્ટર થકી પૂરી ન થાય તો પિતા ગૂગલ પર પણ સર્ચ કરે છે. પ્રશ્ન સમજવાની એમની લગનને દાદ દેવી પડે. પિતા-પુત્રીના સંવાદો, ડૉક્ટર આદિત્ય સાથેના વાર્તાલાપો બહુ રોચક અને રમ્ય છે.

અનિકાને સંજના નામની છોકરી સાથે પ્રેમ સંબંધ છે. અનિકાએ સંજનાને જગતથી સંતાડી છે. એવા અનેક પ્રશ્નો છે. આવા મૂંઝવણભર્યા પ્રશ્નોની ચર્ચા મુક્તપણે રામ મોરીએ કરી છે. આ લોકોનો સ્વીકાર કેમ નહીં ? એમનાં બાળકોનું શું ? તેઓ બાળકોને દત્તક લઈ રહ્યાં છે. આમાં ધર્મ ક્યાં આડો આવે છે ? સમાજ કઈ રીતે બગડશે ? આમ પણ બહેનો ક્યાં સુરક્ષિત છે ? નાની બાળકીઓ પણ ક્યાં સુરક્ષિત છે ? આમ સંવાદો થતા રહ્યા છે. પરસ્પરને સમજવા મથતાં પિતા-પુત્રીના સંવાદો પણ હૃદયસ્પર્શી છે. અને બૅકગ્રાઉન્ડમાં બંને લતા મંગેશકરનાં ગીતો સાંભળતાં રહ્યાં છે પણ અંદરથી વિખૂટાં પડી ગયાં છે. આવાં ગીતોનો પણ સમુચિત ઉપયોગ અમારે મન સુગંધ બની ગયો. આ કથામાં ગાંધીનો ઉપયોગ પણ ઠીક ઠીક પ્રમાણમાં છે.

જીવન અટકતું નથી. એ વહ્યા કરે છે સતત. સમય આપણી સંવેદનાને અને આપણને અપડેટ કરે છે સતત. રણજિત, ડૉક્ટર આદિત્યને સમજાવે છે કે ''આ તારાઓ વિશેની સમજ નથી પણ એ તો એના સ્થાને હતા, છે અને કાયમ રહેશે. એ અજાણી જગ્યાએ રહી પોતાની શરતે એ તો ચમક્યા કરે છે.'' આ વાત સાંભળી પ્રત્યુત્તર રૂપે ડૉક્ટર કહે છે, ''તમારા અજાણ્યા તારાઓની જેમ જ આ સમાજમાં ગે-લેસ્બિયન કે બીજી ઘણી સેક્સ્યુઆલિટીવાળા લોકો હતા, છે અને કાયમ રહેશે. માત્ર આપણને એમના વિશે સમજ નથી. એથી એમનું અસ્તિત્વ ભૂંસાઈ નથી જતું. આપણા સ્વીકાર કે અસ્વીકારની પેલે પાર એ લોકો વિશાળ આકાશમાં પથરાયેલા અનેક તારાઓની જેમ જ આ ધરતી પર ધબકે છે આપણી વચ્ચે.''

રણજિતને આ વાત સમજાય છે અને મનમાં એક ઊંડી સંવેદના અનુભવે છે. તે જ સમયે અનિકા પોતાની પાર્ટનર સંજનાને સમજાવે છે કે આપણે જે સભા સરઘસો કાઢીએ છીએ, પ્રદર્શન કે શોરબકોર કરીએ છીએ એ યોગ્ય નથી. તેમાં દેખાડો વધારે છે. સંવાદમાં કોઈને રસ નથી. ઇન્ટરનેશનલ કંપનીઓ પણ એક સમય પૂરતું LGBTQIA+ ના લોકો માટે અમે સંવેદનશીલ છીએ એવું બતાવવા માટે જ કરે છે. એમના માટે આ ધંધો છે. ફરજ નથી. એક બાજુ આપણે એમ બોલીએ કે આ સમાજ સામે અમને વાંધો છે, આ સમાજથી અમને કોઈ ફેર નથી પડતો અને બીજી બાજુ એમ કહીએ કે આ સમાજ અમને સ્વીકારે. આ આપણું સહિયારું ડબલ સ્ટાન્ડર્ડ નથી ? આમ ચડભડ ચાલે છે. બંને પક્ષે પોતપોતાની દલીલો છે. આ આખી વાતને લઈને સંજના સાથે અનિકાના સંબંધોમાં ભંગાણ પડે છે.

શીર્ષક 'બારીમાં આખ્ખું આકાશ' ઉપયુક્ત છે, પણ સૌનું આકાશ આ નથી. આ રામ મોરીની દૃષ્ટિએ જોવાયેલું આકાશ છે. સૌને પોતપોતાની બારી છે. પણ અમને એમ લાગે છે આ 'મુક્ત ગગનની બારીએથી' જોવાયેલું આકાશ છે. સંવેદના-સંવાદ-સમજણની ત્રિવેણી છે. એમાં સ્નાન કરવું જરૂરી અને આવશ્યક છે કારણ કે એક અખિલાઈ છે. આ પુસ્તકના પરિચય થકી અમે પામ્યા 'કથા સદૈવ મંગલમ્'.

રવીન્દ્રનાથ ટાગોરના એક ગીતથી પૂર્ણવિરામ મૂકીએ.

*''કત અજાનારે જાનાઈ લે તુમિ, કત ઘરે દિલે કાંઈ,*
*દૂરલે કરિલે નિકટ બંધુ પરકે કરિલે ભાઈ''*

*કૈંક અજાણ્યાને ઓળખાવ્યા, સ્થાન દીધાં કૈં ઘરમાં,*
*બંધુ દૂર, નિકટ તેં આણ્યા, ભાઈ બતાવ્યા પરમાં.''*

અનુવાદ : નગીનદાસ પારેખ

આભાર, રામ મોરી, અઢળક આશીર્વાદ – શુભેચ્છાઓ.

**– ભદ્રા-વિક્રમ સવાઈ**

પુસ્તક : **બારીમાં આખ્ખું આકાશ !** સંપર્ક : આર.આર. શેઠ.
લેખક : રામ મોરી. ફોન : ૦૭૯-૨૫૫૦૬૫૭૩

# વાચકોના પત્રોમાંથી

- **રમેશ દવે,** (અમદાવાદ)

૧૬.૬.૨૦૨૫નો ભૂ.નો અંક મળ્યો. મોજથી વાંચ્યો ! આ અંક જેમને સમર્પિત છે એ ઉમાદીદી પણ હૈયામાં વસી ગયાં ! સંપાદકોએ આ અંક માટે વિવિધ સર્વોદય સજ્જનોને ઉમાદીદી વિશેનાં સુમધુર સંભારણો લખવા માટે ઉત્સાહભેર સાંકળ્યા અને એમની પાસેથી સમયસર સ્મરણાંજલીઓ લખાવી – મેળવીને, એક મહત્ત્વનું આનંદદાયી કામ એકે કર્યું છે. તેનો સ્પૃહણીય પ્રતિભાવ આ પત્રરૂપે પાઠવું છું. આ પ્રકારનાં સંપાદકીય કામ તમારા દ્વારા હોંશીલી મોજથી થતાં રહે એવી અપેક્ષા સાથે અટકું છું.




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભલે આવ્યા સાધુડા! - કચ્છમાં ગાંધીજી

**ગાં**ધીજીની કચ્છયાત્રાનું આ (૨૦૨૫) શતાબ્દી વર્ષ. આ નિમિત્તે કચ્છમાં વિવિધ કાર્યક્રમો યોજાયા. ચિરંતન ગાંધીવિદ્યા કેન્દ્ર અને ગ્રામ સ્વરાજ સંઘ નિલપર રાપર, કચ્છ દ્વારા સંકલિત આ કાર્યક્રમોએ ગાંધીચેતનાને જીવંત કરી. ગાંધી કચ્છયાત્રા શતાબ્દી સમિતિ બનાવાઈ અને સો વર્ષ વર્ષ અગાઉની ગાંધીજીની યાત્રાનાં સ્થળોએ આ સમિતિ દ્વારા સાઇકલ યાત્રા, ખાદીફેરી, વ્યાખ્યાનસત્રો, શિબિર દ્વારા આ શતાબ્દી વર્ષને ઊજવ્યું. આ ઉપક્રમમાં એક પુસ્તક પ્રગટ થયું 'કચ્છમાં ગાંધીજી'. સ્વાભાવિક જ તેમાં ગાંધીજીના કચ્છપ્રવાસની વાતો છે. ગાંધીજીની કચ્છયાત્રાની શતાબ્દી ઊજવવી જોઈએ અને ઊજવાઈ, એ આખા પ્રકલ્પની પાછળ કચ્છના રમેશભાઈ સંઘવીના અથાક પ્રયાસો રહ્યા છે. આ પુસ્તક પણ એમણે જ સંપાદિત કર્યું છે. આ પુસ્તકના ચાર લેખકો છે - મહાદેવ દેસાઈ, ગાંધીજી, પ્રભુલાલ ધોળકિયા, નારાયણદાસ ઠક્કર. આ પુસ્તક ચાર ભાગમાં વહેંચાયું છે.

ગાંધીજીની સાથે સ્વાભાવિક રીતે મહાદેવભાઈ દેસાઈ હોય જ. એમની ડાયરીમાં કચ્છયાત્રા અંગે જે કંઈ લખાયું તે લેવાયું, બીજા ભાગમાં ગાંધીજીનાં પ્રવચનના અંશો અને વિચારો જે નવજીવન અને અક્ષરદેહમાથી લેવાયા, ત્રીજા ભાગમાં કચ્છના અગ્રણી ગાંધીજન પ્રભુલાલ ધોળકિયા જે આ સમગ્ર યાત્રામાં સ્વયંસેવક તરીકે સાથે હતા, એમના દ્વારા લખાયેલી રોજનીશી સમાવાઈ છે, ચોથા ભાગમાં ગાંધી શતાબ્દી નિમિત્તે નારાયણદાસ ઠક્કર દ્વારા સ્થળ અને વ્યક્તિઓની મુલાકાતના આધારે લખાયેલા લેખ મુકાયા છે, જે 'ગુજરાતમાં ગાંધીજી' વિશેષાંકમાં પ્રગટ થયેલા. સાથે જ એક કમનસીબી કે ગાંધીજીની આ કચ્છયાત્રાનો એક પણ ફોટોગ્રાફ નથી!

સો વર્ષ પૂર્વેનું એ કચ્છ! એમ એના રાજા મહારાવ કહેવાય. એક રજવાડું. સાથે જ સિંધ એટલે હાલ કરાંચી વગેરે સાથે જોડાયેલું, દરિયાઈ માર્ગે મુંબઈ અને વિદેશ સાથે જોડાયેલું. પણ ભૌગોલિક કારણોસર બાકીના ગુજરાત સાથે રસ્તા અને અન્ય રીતે જોડાયેલુ નહીં. નાગર, જૈન, જેવા ઉચ્ચવર્ણની સાથે મુસ્લિમો અને વણકર અને અંત્યજો પણ ખરા. રૂઢિચુસ્ત અને સંકુચિત માનસ, સ્પૃશ્યાસ્પૃશ્યતા અમાનવીય હદે કચ્છમાં હતી. ગાંધીજી વ્યક્તિ તરીકે પહોંચેલા, પણ ગાંધીમાર્ગથી જોજનો દૂર એવો પ્રદેશ. સ્વતંત્રતાના સંઘર્ષની મોટા ભાગની વાતો-પ્રસંગોનું દસ્તાવેજીકરણ થયું છે. ગાંધીજીની પહેલી અને છેલ્લી કચ્છની યાત્રા તે સમયના ભારતના વિસ્તારોની યાત્રા કરતાં જુદી નીવડી એની વાતો જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં આ પુસ્તક દ્વારા સમજી શકાય છે. ૨૨ ઑક્ટોબર ૧૯૨૫ થી ૪ નવેમ્બર સુધી, પૂરા પંદર દિવસ ચાલેલી આ યાત્રામાં ગાંધીજીને કચ્છમાં કેવા કેવા અનુભવો થયા, ગાંધીજીના શું પ્રયત્નો રહ્યા તેમ જ લોકોનો એ કાલખંડનો અભિગમ કેવો હતો - આ ત્રિવેણી સમજવા જેવી છે. 'રૂપાવતી' આગબોટમાં માંડવી ઊતરેલા ગાંધીજી સાથે તેમના સાથીઓ મહાદેવભાઈ, સરદાર વલ્લભભાઈ, મણિભાઈ કોઠારી, આશર પરિવાર વગેરે હતા. માંડવીની બહેનોએ ગરબા ગાઈને ગાંધીજીનું સ્વાગત કર્યું. શબ્દો હતા ''ભલે આવ્યા સાધુડા!'' ગાંધીજીએ કચ્છ આગમન પૂર્વે ઓગસ્ટ માહિનામાં 'નવજીવન'માં એક લેખ લખ્યો અને એમાં કચ્છ પાસે અપેક્ષાઓની એક સપ્તપદી મૂકી હતી. ૧. દેશબંધુ રેંટિયા સ્મારક સારુ દ્રવ્ય, ૨. ખાદી વિના બીજું કપડું પહેરેલ કોઈ પણ મારી નજરે ન પડો, ૩. અંત્યજો પ્રત્યેનો તિરસ્કાર સર્વથા નીકળી જાય, ૪. સ્વચ્છ અંત્યજ શાળાઓ જોવાની આશા, ૫. હિન્દુ-મુસલમાન વચ્ચે સંપની આશા. ૬. હિન્દુઓમાં ઘેરઘેર રામનામ સાંભળવાની આશા અને ૭. રાજા-પ્રજા વચ્ચે પ્રેમભાવ અને પ્રજાને સુખી જોવાની આશા. કચ્છ ઊતર્યા પછી તેમણે સ્વચ્છતા, વૃક્ષરક્ષણ અને વૃક્ષારોપણ તેમજ ગોસેવાની વાત પણ કરી.




કચ્છમાં માંડવી બંદરે ઊતર્યા પછી ભુજ પહોંચ્યા. કચ્છમાં સર્વત્ર ગાંધીજીનું સ્વાગત પ્રજાએ દિલથી કર્યું, પણ ગાંધીજીના વિચાર અને જીવનપદ્ધતિની વાત પહોંચી નહોતી. એટલે કચ્છની બધી જ સભાઓમાં ભારે કષ્ટદાયી-વેદનાકર અનુભવો થયા, અસ્પૃશ્યતા અને અસ્પૃશ્યોની અવગણનાના. ભુજની પ્રથમ સભાથી આ લહેર ચાલુ થઈ તે છેક છેલ્લી અંજારની સભા સુધી! અને ગાંધીજીએ અંત્યજોની વાત દરેક સભામાં સતત મૂકી. સાથે જ બીજો એક મુદ્દો હતો, કચ્છ રાજ્યના વહીવટનો. રાજા-પ્રજા વચ્ચેના અંતરનો. ગાંધીજીએ મહારાઓશ્રી સાથે મુલાકાત કરી આ વાત રજૂ કરી. જાણકારોના કહેવા મુજબ આ મુલાકાત પછી વહીવટી તંત્રમાં કેટલાક સુધારા તેમજ ફેરફાર થયા હતા. એક નવાઈ લાગે એવા ઘટનાક્રમમાં તે વખતે એક હવા ફેલાવાઈ કે, કચ્છના પૈસા કચ્છમાં! ગાંધીજીને કહેવાયેલું કે કચ્છના શ્રેષ્ઠીઓ દાન માટે જાણીતા છે પણ આ વાતના કારણે પર્યાપ્ત દાન મળ્યું નહીં. જે આપ્યું તે મોટેભાગે ગરીબ જનતાએ એકઠું કરેલું. કચ્છમાં વૃક્ષઉછેર પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા જયકૃષ્ણ ઇન્દ્રજી પર ગાંધીજી વારી ગયેલા. એમના હાથે માંડવીથી થોડે દૂર વૃક્ષારોપણ પણ કરાવાયું.

કચ્છના વાતાવરણ અને રસ્તા વગેરેના કારણે પડેલી તકલીફોની વાત પણ મહાદેવભાઈએ નોંધી છે. સરદારની રમૂજો-પ્રસંગ સાચવી લેવાની વાતો પણ ખરી જ. કચ્છનાં ખટમીઠાં સંભારણાં અને હૃદયને હલાવી નાખે, વિચાર કરવા પ્રેરે એવી વાતો આ યાત્રાની રહી. ગાંધીજી જાણે દૈવી વાણી ઉચ્ચારતા હોય તેમ કચ્છના પ્રવાસમાં વાતવાતમાં કહેલું : ''મને શેના ઓળખો? હું તો મર્યા પછી જ ઓળખાવાનો છું.''

આ સમગ્ર પ્રવાસમાં સ્વયંસેવક તરીકે ચાર નાગર યુવાનો સતત જોડાયેલા, અંત્યજો તરફના ગાંધીજીના વલણના કારણે નારાજ નાગરી નાતે આ નાગર યુવાનોને ન્યાત બહાર કરેલા. અને આ ઘટનાને ગાંધીજી દ્વારા 'બિરદાવાયેલી'! કચ્છ આવ્યા અને દસેક દિવસ પછી ગાંધીજીએ એક લેખ લખેલો : 'કચ્છનાં સ્મરણો'. બે હપ્તે આ લેખ નવજીવનમાં છપાયેલો. તેમાં લખેલું : ''મેં તો આશાનો પર્વત ચણેલો. કચ્છની તો મને કંઈ જ ખબર ન હતી. માત્ર કેટલાક કચ્છી ભાઈઓના આગ્રહ અને પ્રેમને વશ થઈને જ હું નીકળ્યો. મેં તો પાયા વિનાના આશાના ડુંગરો બાંધેલા. એટલે અહીં કેમ જાણે નિરાશા જ જોતો ન હોઉં એમ લાગે છે,

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ન્યાયતંત્ર જ મહિલાઓના બંધારણીય હકનું રક્ષણ કરવામાં પાછું પડે છે...

**મ**હિલાઓ સામેની જાતીય હિંસાના કિસ્સામાં ઘણી વાર લાગે છે કે ભારતીય બંધારણનાં મૂલ્યોને સાચવવાનું કામ સુપ્રીમ કોર્ટ વિના કેવી રીતે સચવાયું હોત ? બંધારણના અમલનાં પંચોતેર વર્ષ થયાં. પણ બંધારણનો અમલ કરનાર ન્યાયતંત્ર તેમજ કાયદા ઘડનાર ચૂંટાયેલા પ્રતિનિધિઓ અવારનવાર નાસીપાસ કરતા રહે છે. ૨૦૨૫ના વર્ષનું સરવૈયું કરીએ તો દેશની હાઈકોર્ટોના એક કરતાં વધારે ચુકાદા ધરાર સ્ત્રી વિરુદ્ધના લાગે. જાણે કાયદાના અર્થઘટનની આંટીઘૂંટીમાં એનો આત્મા જ કાઢી નાખ્યો હોય એવું લાગે. દેશ આખાનું ધ્યાન ફરી એક વાર ઉન્નાવ બળાત્કાર કેસ પર છે. સગીર વયનાં બાળકોને જાતીય હિંસા સામે ન્યાય આપવા ઘડાયેલા પોક્સો કાયદા હેઠળના આ બહુચર્ચિત કેસમાં દિલ્હી હાઈકોર્ટે ગુનેગાર કુલદીપસિંહ સેંગરની જન્મટીપની સજા મોકૂફ રાખી અને જમાનત આપી.

સજાનાં સાત વર્ષ પછી કોર્ટને 'જાહેર સેવક'ની વ્યાખ્યા 'સરકારી નોકર' પૂરતી મર્યાદિત કરવું યોગ્ય લાગ્યું. અને એ સમજ પ્રમાણે વિધાયક તો ચૂંટાયેલો પ્રતિનિધિ કહેવાય – સરકારી નોકર નહિ. કાયદામાં 'જાહેર સેવક'ની વ્યાખ્યા અલગ કરવા પાછળનો આશય તો ગુનેગાર અને પીડિતા વચ્ચેના સત્તાના દરજ્જાના દુરુપયોગને ધ્યાનમાં લેવાનો હતો. જે વિભાવનાને ગણતરીમાં લેવી કોર્ટને જરૂરી ના લાગ્યું ! એ કુલદીપ સેંગરની સત્તાનો જ પ્રતાપ હતો કે એણે સત્તર વર્ષની સગીર બાળાનો બળાત્કાર કર્યો, સ્થાનિક પોલીસચોકી પર પીડિતાની ફરિયાદ નોંધાવાઈ નહિ, એના પિતાને બનાવટી કેસ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા અને પોલીસ કસ્ટડીમાં એમનું મૃત્યુ થયું. અને પાછળથી કાર એક્સિડન્ટમાં પીડિતા ગંભીર રીતે ઘવાઈ અને એની બે માસીઓનું ઘટના સ્થળે મૃત્યુ થયું ! કોઈ એક જ પીડિતા સામે આટલી બધી ઘટના ઘટવી એ યોગાનુયોગ તો ના જ હોઈ શકે. દેખીતી રીતે જ સત્તાનું આ વરવું પ્રદર્શન હતું. પણ, ખેર દિલ્હી હાઈકોર્ટનો મૂડ જુદો હતો !

આ સમગ્ર ઘટનાક્રમમાં ઉન્નાવની દીકરીને સલામ કરવી ઘટે. આટઆટલાં વિઘ્નો પછી પણ એણે ન્યાય માટે લડાઈ ચાલુ રાખી. ૨૦૧૭માં પોલીસે ફરિયાદ ના નોંધી તો મુખ્યમંત્રીના આવાસ પાસે જઈ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો કે જેથી નિષ્ઠુર સત્તાધીશોનું ધ્યાન જાય અને સાથે મીડિયાનું કવરેજ મળે તો આખા દેશનું ધ્યાન જાય. પિતાનું જ્યુડીશીયલ કસ્ટડીમાં મૃત્યુ અને ત્યારબાદ જીવલેણ અકસ્માતમાં બે માસીઓનાં મૃત્યુ જેવા ઘાતક હુમલા પછી કોઈનો નિશ્ચય ડગી શકે છે, પણ આ પીડિતાએ ન્યાય માટેની લડાઈ ચાલુ રાખી. દેશભરમાંથી નાગરિક સમાજનો ટેકો એને મળ્યો. ૨૦૧૯માં જ્યારે કુલદીપ સેંગર સામેના ગુના સાબિત થયા અને એને આજીવન કેદની સજા થઈ ત્યારે લાગ્યું હતું કે સંઘર્ષે રંગ રાખ્યો અને બાળાને ન્યાય મળ્યો હોય એવું આશ્વાસન મળ્યું હતું. પણ, આજે સાત વર્ષે દિલ્હી હાઈકોર્ટને સજા મોકૂફ રાખવી યોગ્ય લાગ્યું ! પીડિતા, એની માતા અને એના પતિ અને અન્ય કુટુંબીજનોએ ઇન્ડિયા ગેટ જઈ કોર્ટના ચુકાદા સામે વિરોધપ્રદર્શન કર્યું. કારણ કે ઉન્નાવનો બાહુબલી જો પેતાના વિસ્તારમાં મોજૂદ હોય તો એ કાંઈ પણ કરી શકે. ભૂતકાળમાં આવાં કુટુંબીજનોને ગુમાવ્યા પછી આ ડર અસ્થાને પણ નથી. પણ પોલીસે તેમને ત્યાંથી એવું કહી બળજબરીથી ખસેડ્યા કે કોર્ટે સેંગરને પીડિતાથી કમસે કમ પાંચ કિલોમીટરનું અંતર રાખવા કહ્યું છે તો પછી ચિંતા શાની ? પોલીસની આ બાલીશ દલીલને એમનું ભોળપણ કહીશું કે પછી ગુનામાં સાજેદારી ?

સત્તાધારીઓને મન બળાત્કાર જાણે સામાન્ય ઘટના છે. ઇન્ડિયા ગેટ પરથી પીડિતા અને એનાં કુટુંબીજનને હટાવાયાં એ સંદર્ભે ઉત્તરપ્રદેશના મંત્રી ઓ.પી.રાજભરનું નફ્ફટાઈભર્યું હસવું એની સાબિતી છે. હજુ પણ, જંતરમંતર પર યૌન શોષણનો વિરોધ કરી રહેલી આપણી મહિલા કુસ્તીવીરનો અવાજ સંભળાય છે. એમને પણ ટીંગાટોળી કરી હટાવાયાં હતાં. દેશ માટે જીતેલાં એમનાં કોઈ મેડલ એમને કામ નહોતાં આવ્યાં. અને અંતે શું થયું ? બ્રીજભૂષણ શરણસિંઘ સામે ક્યાં કોઈ પગલાં લેવાયાં !

૨૦૨૫ની જ વાત કરીએ તો એપ્રિલ મહિનામાં જ સુપ્રીમ કોર્ટે અલાહાબાદ હાઈકોર્ટની જાતીય હિંસાના કેસમાં સંવેદનશીલતા જાળવવાની તાકીદ કરવી પડી હતી. ત્યારે પણ હાઈકોર્ટે બળાત્કારના અપરાધીના જામીન મંજૂર કર્યા હતા. અને જાણે પીડિતાએ સામેથી આફત વહોરી હોય એવી, પીડિતાના માથે જ દોષારોપણ કરતી ટિપ્પણી કરી હતી. પોક્સોના બીજા એક કેસમાં આરોપી પર લાગેલી કલમોને હળવી કરતાં અલ્હાબાદ હાઈકોર્ટના જજે કહ્યું હતું કે સ્તનને સ્પર્શવું કે સલવારને ખેંચીને ઉતારવાને બળાત્કાર ના ગણાય ! કાયદાનું આવું અર્થઘટન એટલું તો ભયાનક હતું કે સુપ્રીમ કોર્ટે સુઓ મોટો સુનાવણી કરી હાઈકોર્ટના આદેશની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. મહિલાઓ સામેની હિંસામાં ન્યાય ઘણી વાર છેતરામણો હોય છે. કાયદા તો આપણે કડક બનાવ્યા છે પણ એનો અમલ કરનારની સમજણ અને પૂર્વગ્રહ કાગળ પર લખાયેલા કાયદાથી બદલાતાં નથી. કાયદાનું અર્થઘટન કરતી વખતે વર્ષો જૂનાં પિતૃસત્તાક સામાજિક મૂલ્યો માથું ઊંચું કરી લે છે અને સમાજમાં પ્રવર્તતો સામાજિક ભેદભાવ સપાટી પર આવી જાય છે, જે આપણા બંધારણનાં મૂલ્યોનું રક્ષણ કરવામાં નાસીપાસ થાય છે. **– નેહા શાહ**

---

ભલે આવ્યા સાધુડા... (પાન ૧૯નું ચાલુ)

પણ ગીતા જેની દીવાદાંડી છે એવા વહાણવટીને નિરાશા ન જ હોય.''

આ પુસ્તક-સંપાદન સવિશેષ મહત્ત્વનું એટલા માટે છે કે કચ્છ માટે આ યાત્રા નાલેશીભરી રહી, અને આવા સદંતર નિરાશાજનક અનુભવો છતાં ગાંધીજીએ પ્રજામતને ઘડવા માટે પ્રેમભર્યા પ્રયત્નો કર્યા, એમનું લોકશિક્ષણ સતત ચાલુ રહ્યું. એમની સ્વસ્થતા અને સકારાત્મકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ જોવા મળ્યું. અને આજે કચ્છ એ યાત્રાની શતાબ્દી હોંશભેર ઊજવી રહ્યું છે. વિસરાઈ ગયેલો કાલખંડ આ પુસ્તક બનીને આપણને પ્રાપ્ત થયો. આ પુસ્તક ગાંધીજીની કચ્છયાત્રાની શતાબ્દી નિમિત્તે આ સમગ્ર યાત્રામાં સ્વયંસેવક તરીકે સાથે રહેલા સ્વ. પ્રભુલાલ ધોળકિયાના પરિવાર તરફથી શ્રદ્ધાંજલી સ્વરૂપે પ્રાપ્ત થયું છે.

૧૨ સુંદરનગર (MIG), વાલોડ – 394640 **– ઉર્વિન શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# એકવીસમી સદીની પ્રથમ પચ્ચીસીનું ગુજરાત

**એ**કવીસમી સદીની પ્રથમ પચ્ચીસીનાં લેખાંજોખાં કરવાનો સમય વર્ષના અંતે હોય એ સ્વાભાવિક છે. છેલ્લાં પચીસ વર્ષમાં ગુજરાતે એક નવી સદી જોઈ અને અનુભવી તેની સાથે પાછલી સદીઓના અનુભવનાં સંસ્મરણો પણ તાજાં થાય. એકવીસમી સદીના પ્રારંભે ગુજરાતમાં દુઃખદ અને પીડાદાયક બે ઘટનાઓ બની. એક કુદરતસર્જિત અને બીજી માનવસર્જિત. વર્ષ ૨૦૦૧ માં કચ્છમાં વિનાશક ભૂકંપ આવ્યો, સેંકડો લોકોનાં મૃત્યુ સાથે હજારો નાગરિકો બેઘર બન્યા. ભારતના ઇતિહાસમાં ભાગ્યે જ અનુભવાયેલો આ ભૂકંપ હતો. ભૂકંપનાં દુઃખદર્દને ભુલાવવા અને લોકોને પુનઃસ્થાપિત કરવાનું કામ પણ ગુજરાતની જનતાએ અને દેશ-વિદેશની સંસ્થાઓએ કર્યું. કચ્છની આ વિનાશક ઘટનાના હજુ તો પડઘા શમ્યા ન હતા અને વર્ષ ૨૦૦૨માં ગાંધીના ગુજરાતમાં હિન્દુ-મુસ્લિમ સંઘર્ષ અને હુલ્લડો ફાટી નીકળ્યાં. આ કોમી દાવાનળ ભારતના ઇતિહાસનું એક કલંકિત પ્રકરણ બની રહ્યું. આ સંઘર્ષ બાદ ગુજરાતમાં છેલ્લાં પચીસ વર્ષોમાં કોમી એકતા જાણે વિસરાતી ગઈ ને સર્વધર્મ સમભાવની ચર્ચા ઝાંખી પડતી ગઈ. કુદરતસર્જિત અને માનવસર્જિત પીડા અને યાતના બાદ ગુજરાત બેઠું થયું અને નવી સદીના પાયા પ્રથમ પચ્ચીસીમાં નખાયા.

ભારતની જેમ ગુજરાત પણ યુવાનોથી ભરેલું છે. પ્રત્યેક બીજો ગુજરાતી પચીસ વર્ષથી નાની ઉંમરનો છે અને જ્યારે પચ્ચીસીની ચર્ચા કરતાં હોઈએ ત્યારે ૨૦૦૧માં જન્મેલા ગુજરાતીઓ આજે પચીસ વર્ષનાં થયાં અર્થાત્ અડધું ગુજરાત છેલ્લાં પચીસ વર્ષમાં સર્જાયું. પણ એક વાત નોંધીએ કે આપણાં પાઠ્યપુસ્તકો અને ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો સદીઓ જૂનો ભૂતકાળ ભણાવે છે પણ તાજેતરનો ઇતિહાસ નથી ભણાવતાં. તમે ક્યારેય એવું પ્રકરણ નહીં જોયું હોય કે જેનું શીર્ષક 'છેલ્લાં પચીસ વર્ષનો ઇતિહાસ' એવું હોય. આ સંદર્ભે પ્રથમ પચ્ચીસીનો હિસાબ-કિતાબ તપાસવો રહ્યો. આપણે વાત કરતા હતા ગુજરાતની ઊગતી પેઢીની. આ પેઢીની મૂળભૂત અનિવાર્યતા શિક્ષણ અને આરોગ્ય છે. એ સારું થયું કે ભારત સરકારે મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો ઘડયો અને એ પણ એકવીસમી સદીના પ્રારંભે. આ કારણે ગુજરાતમાં પણ શાળા પ્રવેશોત્સવ જેવા સરકારી કાર્યક્રમો પ્રતિવર્ષ ઊજવાય છે. પહેલા ધોરણમાં પંચાણુથી સો ટકા નામાંકન તો થાય છે પણ થોડા દિવસો પહેલાં જ ભારત સરકારનો અહેવાલ સ્પષ્ટ કરે છે કે, ગુજરાતમાં અધવચ્ચે ભણવાનું છોડનાર બાળકોનું પ્રમાણ ચિંતાજનક છે, તેમાં છોકરીઓનું પ્રમાણ વધુ ચિંતાજનક છે.

એક તરફ અધવચ્ચે ભણવાનું છોડવાનું કમનસીબ નવી સદીમાં ગયું નથી તો બીજી તરફ વીસમી સદીના અંતિમ દશકમાં જન્મેલી નવી આર્થિક નીતિએ શિક્ષણનું અધધધ ખાનગીકરણ કરી નાખ્યું. તેના પ્રતાપે શિક્ષણ નાનપણથી જ ગુજરાતની નવી પેઢી માટે મોંઘું થયું અને આ પચ્ચીસી પૂરી થતાં તો ખાનગીકરણ સર્વત્ર વ્યાપી ગયું.

સદીના પ્રારંભે ગુજરાત એક સામાજિક કટોકટીનો સામનો કરી રહ્યું હતું. આ કટોકટી અર્થાત્ દીકરીઓનું ઘટતું પ્રમાણ. પ્રતિ હજાર છોકરાઓએ નવસોથી ઓછી, ક્યાંક તો આઠસોથી ઓછી છોકરીઓ જન્મી. દીકરીઓને ગર્ભમાં જ મારી નાખવી એ હિંસાનું અંતિમ સ્વરૂપ છે. વેપારી ગુજરાત, ગાંધીનું ગુજરાત, નવી સદીનું ગુજરાત આવું હિંસક કેમ બન્યું હશે? આ સમસ્યાને હલ કરવા સરકારે 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાન શરૂ કર્યું. કેટલી જ્ઞાતિઓએ આ મુદ્દાને અતિ ગંભીર ગણી જ્ઞાતિજનોમાં જાગૃતિ ફેલાવવાનું કામ પણ કર્યું તેમ છતાં આ દિશામાં કઈ ગૌરવશાળી કહી શકાય એવી વાસ્તવિકતા સર્જાઈ નહીં. બિનઆદિવાસી મા-બાપે આદિવાસી દીકરીઓને પુત્રવધૂ બનાવવાનું શરૂ કર્યું એ જ બતાવે છે કે, જ્ઞાતિ વ્યવસ્થાવાળા ગુજરાતમાં પુત્ર એષણા તો જબરી છે પણ પુત્ર કુંવારા રહી જાય તેનું શું?

ગુજરાતની વસ્તી જોઈએ તો વર્તમાન સમયમાં અર્થાત્ પ્રથમ પચ્ચીસીના અંતે ૨૫% હિન્દુઓની કહેવાતી ઉપલી જ્ઞાતિઓ છે. ૧૫% આદિવાસીઓ છે, ૮% દલિતો છે, ૪૫% અન્ય પછાત વર્ગો છે અને લગભગ ૧૨% ધાર્મિક લઘુમતી છે. ગુજરાતના નકશો જોઈએ તો એક વિશિષ્ટ ભૂગોળ અને તેમાં પણ સામાજિક ભૂગોળ જોવા મળે છે. દેશમાં ગુજરાત જ એક એવું રાજ્ય છે જ્યાં સૌથી લાંબો દરિયાકિનારો, રણ, ડુંગરો અને જંગલો તેમજ આંતરરાષ્ટ્રીય સરહદ છે. રાજ્યની પૂર્વ પટ્ટીમાં વસતા આદિવાસીઓને છેલ્લાં પચીસ વર્ષમાં શું મળ્યું એનો હિસાબ કરીએ તો આંખે ઊડીને વળગે એવી હકીકત એ છે કે આપણા વિકાસ મોડેલે આદિવાસીઓને રોજીરોટી માટે સ્થળાંતરિત કર્યા. એ સ્થળાંતર રોકડિયા પાકના ખેતરમાં હોય, રસ્તા કે મકાન બાંધવાની મજૂરીમાં હોય કે પછી ફેક્ટરીઓમાં પણ હોય. બીજી તરફ બંધારણીય અનામતને પરિણામે અને સ્વ-વિકાસ માટેની પહેલને કારણે દલિતોને સરકારી નોકરીઓમાં સ્થાન મળવા માંડ્યું પણ સાથેસાથે ખાનગીકરણે અનામતની ધાર જાણે બુઠ્ઠી કરી નાખી. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોના ૨૦૨૩ના આંકડા પ્રમાણે દેશમાં અને ગુજરાતમાં દલિતો અને આદિવાસીઓ પરના અત્યાચારનું પ્રમાણ વધ્યું છે.

આવતી કાલના ગુજરાતની વાત કરીએ તો તેનું સ્વપ્ન ગુજરાતની આજની નવી પેઢીની આંખોમાં છે. આ પેઢી તેમનાં માતા-પિતા કે દાદા-દાદીના દૃષ્ટિકોણથી જુદી રીતે દુનિયાને જુએ છે. પહેલી પચ્ચીસીનો વિકાસ ગઈ સદીની છેલ્લી પચ્ચીસીમાં જન્મેલા અને આ સદીના પ્રારંભે જન્મેલા ગુજરાતીઓના હાથમાં છે. તેઓએ આધુનિકતાને પચાવી છે પણ, સાથેસાથે રાજ્યમાં જ્ઞાતિવાદ અને ધાર્મિકતાનું વાતાવરણ પણ જામ્યું છે. આ વાતાવરણને નવી પેઢી કેવી રીતે જુએ છે અને સમજે છે એ અગત્યનું છે. શિક્ષણ, અર્થકારણ અને અન્ય પ્રવૃત્તિઓમાં આ પેઢીએ ગુજરાતને દીપાવ્યું છે. તો સાથે સૌની ફરજ એ પણ છે કે આ પેઢીને માનસભર શિક્ષણ અને આર્થિક ઉન્નતિની તકો વધુ ને વધુ પ્રાપ્ત થાય! પ્રથમ પચ્ચીસીનાં લેખાંજોખાં તો એક પુસ્તક માંગી લે છે પણ, તેની એક તસવીર આપ સૌની સમક્ષ રજૂ કરી છે.

(ફૂલછાબમાંથી સાભાર) **- ગૌરાંગ જાની**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ‘ભારેલો અગ્નિ’માં અહિંસા અને સંવાદિતાનો સંદર્ભ

રમણલાલ વસંતલાલ દેસાઈ (૧૮૯૨-૧૯૫૪) આપણા લોકપ્રિય નવલકથાકાર, જેઓ પોતાની નવલકથાઓ દ્વારા મહદ્અંશે ગાંધીવિચારને વાચકો સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છે. તરત જ ‘દિવ્યચક્ષુ’ અને ‘ગ્રામલક્ષ્મી’ નવલકથાઓ યાદ આવશે, તે પછી ‘ભારેલો અગ્નિ’ (૧૯૩૫).

આપણે જાણીએ છીએ તેમ ગાંધીજી ૧૯૧૫માં ભારત પાછા ફર્યા. વિલાયતમાં બેરિસ્ટરનું ભણ્યા પછી દક્ષિણ આફ્રિકા ગયેલા. આ દરમ્યાન તેમને લિયો ટોલ્સ્ટોય (૧૮૨૮-૧૯૧૦)ના વિચારોનો પરિચય થયેલો. ગાંધીએ એમની સાથે પત્રવ્યવહાર પણ કરેલો. મહાત્મા તો બની ચૂક્યા હતા કારણ કે એમના પ્રિય મિત્ર પ્રાણજીવન મહેતાએ ગોપાલ-કૃષ્ણ ગોખલેને જે પત્ર લખેલો તેમાં તેમણે ગાંધીને ‘મહાત્મા’ તરીકે ઓળખાવેલા. ટાગોર તો તે પછી કહે છે અને સુભાષબાબુ તે પછી ગાંધીને ‘રાષ્ટ્રપિતા’ને નામે સંબોધે છે. સત્ય અને અહિંસા ઉપરાંત રચનાત્મક કાર્યક્રમો દ્વારા ગામડાંનો વિકાસ તેમજ શાંતિમય સહઅસ્તિત્વ એ ગાંધીના મુખ્ય વિચારો છે.

ર.વ.દેસાઈ ‘ભારેલો અગ્નિ’ નવલકથામાં ૧૮૫૭ના બળવાનો સમય - સંદર્ભ લે છે. આપણે હવે એને માત્ર લશ્કરી બળવો નહિ પરંતુ મુક્તિસંગ્રામ તરીકે ઓળખવાનું વધુ પસંદ કરીએ છીએ. બળવો કહો કે સંગ્રામ બંનેની પાછળ હિંસક પ્રતિકાર હોવાનું સમજાય છે. હિંદુ-મુસલમાન બંને કોમોએ સંપીને આ લડાઈ આદરેલી. વ્યવસ્થિત આયોજનના અભાવે તે નિષ્ફળ ગયેલી તે સર્વવિદિત છે.

‘ભારેલો અગ્નિ’માં કંપની સરકાર સામે હિંદુ-મુસ્લિમ સૈનિકો અને પ્રજાજનો એક થયા એની વાત તો એમાં છે જ. પરંતુ નવલકથાકારે રુદ્રદત્તના એક પ્રભાવી અને પ્રતાપી પાત્ર દ્વારા શાંતિ અને અહિંસાનો વિચાર પણ અત્યંત બળકટ રીતે પ્રગટ કર્યો છે. લેખકનો ઉદ્દેશ બળવાના વાતાવરણની સાથોસાથ શાંતિ, અહિંસા અને પ્રેમનો સંદેશ ફેલાવવાનો પણ હોય એમ લાગ્યા વિના રહેતું નથી.

નવલકથાની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે કે સમાજ માટે અહિંસાનો વિચાર અત્યંત મહત્ત્વનો અને ઉપયોગી છે. એ પહેલી વાર ગાંધીમાં પ્રગટ થયો એમ નથી. બુદ્ધ અને મહાવીરે સૌ પ્રથમ વાર અહિંસાનો વિચાર મૂક્યો એમ પણ નથી. સનાતનકાળથી ભારતીય સંસ્કૃતિમાં અહિંસાનો ખ્યાલ રહેલો છે. કોઈ પણ યજ્ઞ પ્રસંગે આપણે શાંતિમંત્રનો જાપ જપતા આવ્યા છીએ. મનુષ્યની અંદરની શાંતિ અને બહારની શાંતિ બંનેની શાંતિનો એ મંત્રમાં જિકર છે.

અલબત્ત, ગાંધીએ આ વિચારને જાહેરજીવનના કેન્દ્રમાં લાવી દીધો એ ચોક્કસ. દુનિયાના લોકોને શાંતિ અને અહિંસા ઘણી બધી વાર વ્યવહારુ લાગતાં નથી. પ્રેમનું શાશ્વત મૂલ્ય સ્વીકારાયું હોવા છતાં મોટા પ્રશ્નોના ઉકેલ માટે શાંતિનો વિકલ્પ પ્રયોજતાં આપણે અચકાતાં જ રહીએ છીએ.

રુદ્રદત્તનું પાત્ર લેખકે આ હેતુથી જ ઊભું કર્યું હોય એમ લાગ્યા કરે છે. રુદ્રદત્તના આ અંગેના વિચારો આ સંદર્ભે જોઈએ :

‘‘માનવીએ પશુ સામે શસ્ત્ર વાપર્યાં અને તેણે પશુ ઉપર શ્રેષ્ઠતા મેળવી એ શસ્ત્રપૂજન માફ થઈ શકે. પરંતુ માનવી માનવી સામે પણ શસ્ત્રપૂજનનો ધર્મ કે અધર્મ પાળ્યા કરે છે એ શા માટે ? માનવીને માનવી ઉપર શ્રેષ્ઠતા મેળવવી છે ? અને તે શસ્ત્રસજ્જ થઈને ? કયા શસ્ત્રસજ્જ માનવીની શ્રેષ્ઠતા જગત ઉપર કાયમી રહી છે ?’’

‘‘હાથમાંથી શસ્ત્ર ત્યજીને અને મનમાંથી ઝેર ત્યજીને જે પણ લે તેણે મારા દેહનો અગ્નિદાહ કરવો. એ પણ લેનાર કોઈ ન મળે તો મારા દેહને એમ ને એમ છોડી દેજો.’’

‘‘વેરની - બળની જીત ભાવિ પરાજયોની પરંપરા શરૂ કરે છે.’’

‘‘પ્રેમની જીતમાં બધાંય જીતે છે અને જીવે છે.’’

‘‘જગતનો ઉદ્ધાર હિંસામાં નથી.’’

‘‘બલિદાનનો સિદ્ધાંત જગતમાંથી ‘દુશ્મન’ શબ્દને દેશવટો આપશે.’’

આ રુદ્રદત્ત ગુજરાતની પૂર્વમાં આવેલ વિહાર ગામમાં પાઠશાળા ચલાવે છે. પાઠશાળામાં શાસ્ત્રોનું અધ્યયન કરાવાય છે. તે સાથે અહિંસક લડતની એવી તાલીમ અપાય છે કે આ પાઠશાળામાં તાલીમ પામેલી નિઃશસ્ત્ર વ્યક્તિ શસ્ત્રધારીને પણ માત આપી શકે. અહીં અપાતી તાલીમ પામીને યુદ્ધમાં જોડાવાનું નથી. તેમ છતાં રુદ્રદત્તના બે શિષ્યો ગૌતમ અને મંગલપાંડે પાઠશાળામાંથી ભાગી જઈને લશ્કરમાં જોડાયા છે. પાછળથી લશ્કરમાંથી ભાગી આવેલો અને ગુરુ રુદ્રદત્તને જે અગ્નિદાહ દેવાનો છે એ ગૌતમ અંગ્રેજ સેનાપતિ પિટ્ર્સને કહે છે : ‘‘સાહેબ ! મારી પાસે કાંઈ હથિયાર નથી અને હથિયાર હોય તો પણ હું શસ્ત્રરહિતને અડકું પણ નહિ. આપ ક્યાં એ નથી જાણતા?’’ તો વળી રુદ્રદત્ત એક વાર એમ પણ કહે છે : ‘‘આર્યાવર્તમાં બ્રાહ્મણત્વ રહ્યું છે ખરું ? બ્રાહ્મણને તો સિપાઈગીરી કરવી છે.’’

ઉપરના પ્રગટ વિચારોથી જાણી શકાય છે કે લેખક અહિંસાના તરફદાર છે. એક પ્રભાવી પાત્ર દ્વારા એ વિચારો લેખકે પ્રગટ કર્યા છે. બ્રાહ્મણત્વનો જે ખ્યાલ રુદ્રદત્તનો છે તે વર્ણવ્યવસ્થા પર નિર્ભર નથી. આખા સમાજનો કલ્યાણકારી વિચાર ધરાવતું તત્ત્વ એ જ બ્રાહ્મણત્વ. તેમાં હિંસાને કોઈ સ્થાન નથી.

દેશી રજવાડાં અને એમની સત્તાની સાઠમારી રુદ્રદત્તને ગમતી નથી. રાજાઓના વારસાગત શાસનના પણ રુદ્રદત્ત વિરોધી છે. એમને તો લોકશક્તિ જાગ્રત કરવી છે. ચારિત્ર્ય અને નીતિથી બળવાન એવી નેતાગીરી એમને ખપે છે. વિશ્વભરમાં એ ભમી ચૂક્યા છે. એક તબક્કે વિશાળ શસ્ત્રાગારોમાં શસ્ત્રસરંજામનો ખડકલો કરેલો તે પણ પાછળથી ફૂંકી માર્યો છે, બળવાના સંચાલનમાં રુદ્રદત્તની અને એમણે એકઠાં કરેલાં શસ્ત્રોની ખૂબ જરૂર હોવાથી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ઉર્ફે ‘છબીલી’ અને તાત્યાસાહેબ ટોપે જેવી નેતાગીરી રુદ્રદત્તને મનાવવા એમની આસપાસ ફરે છે. પરંતુ રુદ્રદત્તના વિચારો બદલાઈ ચૂક્યા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે. તેથી હવે તે કોઈને કોઠું આપતા નથી !

કાળા-ગોરાનો ભેદ પણ રુદ્રદત્તને માન્ય નથી. ગામમાં ધર્મ પરિવર્તન કરાવવાના હેતુથી આવેલ અંગ્રેજ પાદરી જોન્સનને સ્થાયી થવામાં બધા જ પ્રકારની સહાય કરે છે. સાથોસાથ એને 'યુવાનસેન' નામ આપી એને ગીતા ભણાવે છે ! એની દીકરી લ્યૂસીને લક્ષ્મી જેવું ભારતીય નામ આપે છે. શિષ્ય ત્ર્યંબક લ્યૂસીને પ્રેમ કરે છે તે જાણીને લ્યૂસી ઉર્ફે લક્ષ્મીને ત્ર્યંબક દ્વારા લગ્નભેટ પણ મોકલાવે છે.

ખ્રિસ્તી ધર્મના પ્રચારાત્મક અને ધર્મ પરિવર્તનના ખ્યાલથી રુદ્રદત્ત સ્હેજે ડરતા નથી. એ બધા ધર્મો અને આખરી ધર્મતત્ત્વ પચાવીને બેઠા છે. તેથી પાદરી જોન્સનને કહે છે : ''(સનાતન) ધર્મને પ્રચારની જરૂર જ નથી. એ સનાતન ધર્મ છે. સર્વ ધર્મોમાં એનાં બીજ રહેલાં છે. ખ્રિસ્તી, મુસલમાન કે યહુદી કોઈ પણ ધર્મ પૂર્ણ વિકાસની ભૂમિકાએ આર્યધર્મ જ બની જાય છે. પછી અમે શા માટે પ્રચાર કરીએ ?''

નવલકથાકારે હિંદુ-મુસ્લિમ એકતાની વાત પણ ઘૂંટી છે. નવલકથામાં સૈયદ અઝીઝઉલ્લાનું એક આકર્ષક પાત્ર ઊભું કર્યું છે. એ નમાઝી તેથી પાક મુસ્લિમ છે. શિવરાત્રિના મેળામાં એકઠા થયેલા લોકસમૂહને તે સમજાવે છે કે હિંદુ સાથે એક થયો ન હોય તે મુસલમાન નહિ અને મુસલમાન સાથે એક થયો ન હોય તે હિંદુ નહિ.

ભારતમાં ઘણી પ્રજાઓ આવી અને શાસન પણ કરી ગઈ. મોગલો, ફ્રેન્ચો, પોર્ટુગીઝો અને અંગ્રેજો એટલાની તો આપણને પાકી ખબર છે. લાંબા કાળના પરદેશીઓના અને વિધર્મીઓના શાસન છતાં હિંદુઓની વસતિ આટલી બહોળી સંખ્યામાં ટકી રહી તે એક રીતે જોઈએ તો સનાતન સંસ્કૃતિ કેટલી બળવાન છે એનો એક બોલતો પુરાવો જ ગણાય. પારસીઓ તો પીડિત પ્રજા તરીકે આશ્રય લેવા ભારત આવ્યા. તેને પણ આપણે સમાવી લીધા. આજે હિંદુ ધર્મ પર ખતરો છે એવી વાતો કરીને ધ્રુવીકરણના જે પ્રયાસો થાય છે તે કેટલા પોકળ છે તે સમજવાની જરૂર છે. 'ભારેલો અગ્નિ' અને એવી બીજી નવલકથાઓ સાંપ્રત સમસ્યાઓના પરિપ્રેક્ષ્યમાં ફરીથી વાંચવી જોઈએ અને એમાંથી જે ઉપયોગનું લાગતું હોય તે અંકે કરવું જોઈએ.

આજે બે વિશ્વયુદ્ધો પછી પણ યુદ્ધો નામશેષ થયાં નથી. અમેરિકા તો જૂના જમાનાના ચક્રવર્તી સમ્રાટની જેમ દુનિયાને ડરાવે છે. હિંસાનો માહોલ આપણા ઊંબરેથી ઘરમાં પણ પ્રવેશી ચૂક્યો છે. તેમ છતાં કોઈ વાર્યા વળતા નથી. હારીને વળશે એવી શક્યતા પણ હજુ ક્ષિતિજે ડોકાતી નથી. નવલકથામાં રુદ્રદત્ત ટોળાની હિંસાનો ભોગ બને છે, જેની નેતાગીરી એક અર્થમાં શિષ્ય અને બીજા અર્થમાં ગુરુ એવા શંકરે લીધી હતી. ગૌતમને પણ અંગ્રેજ જેક્સન દગો દઈને મારી નાખે છે. ગાંધીની પણ એવા જ ઉન્માદી માહોલમાં હત્યા થઈ હતી તે આપણે જાણીએ છીએ. યુદ્ધ, લડાઈ અને હિંસાને બદલે શાંતિથી કામ લેવાનું, સંવાદથી આગળ વધવાનું, સંવાદિતાનો માહોલ રચવાનું માનવજાત હજુ ક્યારે શીખશે એ સવાલ લાખેણો છે.

યુનિવર્સિટીઓમાં અને વિદ્યાપીઠોમાં, દેશમાં અને વિદેશમાં શાંતિના વિષય પર સંશોધનો થાય છે. અસંખ્ય પરિસંવાદો થતા રહે છે પણ વ્યવહારમાં શાંતિને અને સંવાદને ભાગ્યે જ તક આપવામાં આવે છે. આ મુદ્દે સહચિંતન થતું રહે તે અતિ આવશ્યક છે.

**– ડંકેશ ઓઝા**

# સહયાત્રીઓનું દ્વિતીય સ્નેહ-મિલન

**વં**ચિતલક્ષી તથા વિકાસલક્ષી ક્ષેત્રમાં કાર્યરત સહયોગીઓ વચ્ચે આત્મીયતા, સંવાદ અને પરસ્પર પ્રેરણાનો સેતુ મજબૂત બનાવવાના હેતુથી સહયાત્રીઓનું દ્વિતીય સ્નેહ-મિલન તા. ૪ જાન્યુઆરી ૨૦૨૬, રવિવારના રોજ અમદાવાદ ખાતે સફળતાપૂર્વક યોજાયું.

ગયા વર્ષે પ્રથમ સ્નેહ-મિલનની સફળતા બાદ આયોજિત આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ સહયાત્રીઓ ઉપસ્થિત રહ્યા. અનૌપચારિક માહોલમાં સહયોગીઓએ પોતાના અનુભવો, સંઘર્ષો અને વિચારો એકબીજા સાથે વહેંચ્યા, જેના કારણે આત્મીય સંવાદ અને જોડાણ વધુ મજબૂત બન્યાં.

કાર્યક્રમ દરમિયાન વિકાસ ક્ષેત્રમાં દીર્ઘકાલીન યોગદાન આપનાર ૭૦ વર્ષથી વધુ વયના વડીલ સહયોગીઓને સન્માનિત કરીને તેમની પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી. અને સાથે સાથે વડીલોના સંઘર્ષોનો વારસો જળવાઈ રહે તે માટે તેમની સંઘર્ષગાથાનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું. સાથે જ, એક નવી પહેલ તરીકે ૪૦ વર્ષથી ઓછી ઉંમરના પાંચ 'યુવા પ્રતિભા શોધ' અંતર્ગત વિકાસકર્મીઓને તેમનાં પરિણામલક્ષી કાર્યો બદલ મોમેન્ટો એનાયત કરીને બહુમાન કરવામાં આવ્યું.

વર્ષ ૨૦૨૬ માટે પસંદ થયેલાં ૫ યુવાજનોની વિગતો આ પ્રમાણે છેઃ ૧. સુશ્રી ભાવના રાજપૂત – સહજ સંસ્થા, વડોદરા. ૨. સુશ્રી ઈશા શેઠ – શૈશવ, ભાવનગર અને આરણ્યક, દેડિયાપાડા, જિ. નર્મદા. ૩. શ્રી જગદીશ ગામીત – આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત), સાગબારા, જિ. નર્મદા. ૪. સુશ્રી મીરા સોલંકી – સાથ સંસ્થા, અમદાવાદ. ૫. સુશ્રી રીટા પરમાર – આનંદી સંસ્થા, પંચમહાલ અને દાહોદ.

કોઈ એજન્ડા, ભાષણ કે પ્રેઝન્ટેશન વગર યોજાયેલ આ સ્નેહ-મિલનમાં રમૂજી રમતો, હળવાં ગીતો અને આનંદસભર વાતાવરણે કાર્યક્રમને વિશેષ બનાવ્યો. સહયાત્રીઓનું આ મિલન સંબંધોને ગાઢ બનાવતું, પ્રેરણાદાયક અને સ્મરણીય અનુભવ સાબિત થયું.

(સહિયર સ્ત્રી સંગઠન) **– કમલ ઠાકર**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં૦ મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# દીકરી કે મા?

**બ**ળબળતા ઉનાળાની બપોર હતી. આકાશમાંથી જાણે અગન જ્વાળા વરસી રહી હતી. નાનકડા ગામની શેરીઓ સાવ સૂની સૂની હતી. આટલી ગરમીમાં વગર કામે કોઈ બહાર શા માટે નીકળે? તોયે બસ સ્ટેંડ પર એક પચ્ચીસેક વર્ષની લાગતી યુવતી અને એક કૃશકાય વૃદ્ધ બે વ્યક્તિઓ બસની રાહ જોતી બેઠી હતી. વૃદ્ધ કરતાં યુવતી થોડી મિનિટો વહેલી આવી હતી. ધીમે ધીમે ચાલતો વૃદ્ધ પુરુષ પગ ઘસડતો માંડ માંડ આવ્યો ત્યારે ખૂબ થાકી ગયો હતો. એની છાતી ધમણની માફક ફૂલતી અને સંકોચાતી હતી. યુવતીએ એની તરફ એક નજર નાખી અને પછી પોતે બેઠી હતી ત્યાંથી જરા ખસીને કહ્યું, બેસો. બોલી નહોતો શકતો તો પણ હાથ લાંબો કરીને પુરુષે આભારની લાગણી વ્યક્ત કરી.

પર્સમાંથી રુમાલ કાઢીને યુવતીએ પરસેવો લૂછ્યો, પછી પાણીની બોટલ વૃદ્ધ સામે ધરતાં બોલી, ''લો, થોડું પાણી પી લો. સારું લાગશે. આટલી ગરમીમાં જો ડીહાઈડ્રેશન થઈ જશે તો નકામી ઉપાધિ થશે.''

વૃદ્ધે ઘટાક ઘટાક કરતાં થોડું પાણી પીધું. ધ્રૂજતા હાથે એ બોટલ બરાબર મોઢે નહોતો માંડી શકતો એટલે એના ચીંથરેહાલ ઝભ્ભા પર પાણી ઢોળાયું પણ ખરું. જોકે, યુવતીનું એ તરફ ધ્યાન નહોતું. એના ચહેરા પર ઊંડી ઉદાસીની છાયા હતી અને એ કોઈ વિચારમાં ખોવાયેલી હોય એવું લાગતું હતું. વૃદ્ધને થયું, એવું તે શું કામ આવી પડ્યું હશે કે, આ છોકરી આવા ધોમધખતા તાપમાં બહાર નીકળી હશે? એને પૂછવાનું મન તો થયું પણ છોકરીને કદાચ ન ગમે તો? એમ વિચારીને ચૂપ બેઠો તો ખરો પણ જ્યારે એનું ધ્યાન છોકરીના ઊપસેલા પેટ પર ગયું ત્યારે એનાથી રહેવાયું નહીં. એણે પૂછી જ લીધું, ''કેટલામો મહિનો જાય છે બેટા?''

જવાબ આપવો ન ગમતો હોય છતાં પરાણે કહેતી હોય એમ છોકરીએ કહ્યું, ''પાંચમો પૂરો થઈને છઠ્ઠો બેસવાની તૈયારી છે.''

''આ... એટલે કે, આવનારું બાળક તારું પહેલું સંતાન હશે?''

''હા''

''ગભરાતી નહીં બેટા, સૌ સારાં વાનાં થશે. જોજે, મારી વાત સાચી પડશે.''

થોડી વાર યુવતી હોઠ ભીડીને, ગંભીર મુદ્રા સાથે આકાશ તરફ જોઈ રહી. પછી ધીમેથી પોતાના ઉદર પર હાથ ફેરવતાં બોલી,

''જો એવું થાય તો સારું. મને બહુ ચિંતા થાય છે.''

''જો, મારી ઘરડાની વાત માનવા જેવી લાગે તો માનજે. ઘણી વખત કારણ વગર આપણે આપણા મનને ચિંતાથી ભરી દઈએ છીએ. ભવિષ્યની એવી કલ્પનાઓ કરીએ છીએ કે, એ કદી હકીકતમાં ફેરવાવાની જ નથી. માટે તારા મનને પ્રફુલ્લિત રાખવાનો પ્રયત્ન કર.''

''હા, તમારી વાત સાચી હોઈ શકે. મેં ઘણું વાંચ્યું અને સાંભળ્યું છે કે, હકારાત્મક વિચારોની શરીર પર બહુ સારી અસર થાય છે, પણ શું કરું?... બોલતાં બોલતાં એનો અવાજ તરડાઈ ગયો અને એની આંખોમાં આંસુ છલકાયાં.''

''દીકરી, મને લાગે છે કે, તારો ખરાબ સમય ચાલી રહ્યો છે, પણ એટલું યાદ રાખજે કે, સમય પરિવર્તનશીલ છે. આ સમય કાયમ રહેવાનો નથી.''

વૃદ્ધે લાગણીથી યુવતીનો હાથ પંપાળ્યો અને કહ્યું, ''કદાચ તું શહેરમાં ડૉક્ટરને બતાવવા જતી હોય એમ લાગે છે. શું હું પૂછી શકું કે, આવી તબિયતે તું એકલી શા માટે જાય છે? તારો પતિ કેમ તારી સાથે નથી?''

''કારણ કે, અમે સાથે નથી રહેતાં. અમે બંને અલગ થઈ ગયાં છીએ.''

''ઓહ, તને દુ:ખી કરવા બદલ માફી ચાહું છું, પણ મને કહેવામાં વાંધો ન હોય તો કહીશ કે, કેટલા સમયથી તમે અલગ રહો છો અને શા માટે?''

''એ બધું જાણીને દુ:ખી થવા સિવાય તમે શું કરી શકશો? તે છતાં તમે પૂછ્યું છે તો જણાવું કે, નાની નાની વાતોમાં અમારી વચ્ચે ખૂબ ઝગડા અને મનદુ:ખ ચાલતાં હતાં. અંતે ત્રણેક મહિના પહેલાં અમે છૂટાં પડવાનું નક્કી કર્યું.''

''આમ તો દુ:ખદ કહેવાય પણ જ્યારે એમ લાગે કે, સાથે રહેવું મુશ્કેલ છે ત્યારે અલગ થવાનું નક્કી કરવામાં જ ડહાપણ છે, પણ મને કહીશ કે, તારી સાથે તારાં મા-બાપ, સગાં-વહાલાં, ભાઈ-બહેન કોણ છે? હવે આવનારી પરિસ્થિતિમાં તને કોનો આધાર છે?''

''બીજું તો કોઈ નથી. બસ, મારા પિતા અને હું. અમે બે સાથે રહીએ છીએ. મારા પિતા બીમાર રહે છે તેથી હું એમને એકલા ન છોડી શકું.''

યુવતીની આપવીતી સાંભળીને પુરુષ ઘડીભર ચૂપ થઈ ગયો. શું બોલવું એ એને સૂઝતું નહોતું, પણ વળી પાછું ગળું ખંખેરીને એણે પૂછ્યું,

''તારી પોતાની આટલી બધી તકલીફો વચ્ચે તારા પિતાને સાચવવાનું તને અઘરું પડતું હશે, નહીં? પ્રામાણિકતાથી કહેજે, માંદા રહેતા હોવા છતાં હજી પણ તું તારા બાપુને એટલું જ ચાહે છે, જેટલું બાળપણમાં ચાહતી હતી? હજી પણ એ તને તારા જીવનનો આધાર લાગે છે?''

યુવતી એ પુરુષ સામે સ્થિર નજરે જોઈ રહી. એની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. રુંધાયેલા કંઠે એ માત્ર એટલું જ બોલી શકી,

''હા, ચોક્કસપણે હા, ને કદાચ નાની બાળકી હતી ત્યારે એમને ચાહતી હતી એના કરતાંય આજે વધારે ચાહું છું.''

''સારું કહેવાય. તારા પિતા નસીબદાર છે કે, જેને તારા જેવી પ્રેમાળ દીકરી છે. બાકી આજના જમાનામાં જુવાનિયાઓને ઘરડા લોકો ગમે છે જ ક્યાં? હું તને પૂછતાં તો ભૂલી જ ગયો કે, તારા બાપુને થયું છે શું?''

શું જવાબ આપવો એ વિચારી રહી હોય એમ યુવતીએ થોડી વાર પછી કહ્યું, ''મારા બાપુને બધું ભૂલી જવાની બીમારી છે. આમ તો તમારી સાથે વાતો કરતા હોય તો લાગે પણ નહીં કે, એમને કશું યાદ નથી રહેતું પણ ધીમે ધીમે કરતાં એમની આ તકલીફ એટલી બધી વધી ગઈ છે કે, તેઓ... તેઓ મને, એમની વહાલસોઈ દીકરીને પણ નથી ઓળખતા.''

યુવતીને દૂરથી આવતી બસ દેખાઈ. એ પોતાની જગ્યાએથી ઊભી થઈ, ખભે પર્સ ભેરવી પછી ધીમેથી વૃદ્ધનો હાથ પકડીને બોલી,

''ચાલો બાપુ, આપણી બસ આવી ગઈ.''

(એંટોન ચેખોવની રશિયન વાર્તાને આધારે) – **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org